# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At.: Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા (માસિક)


**"બરકાતે ખ્વાજા" (માસિક)**

**૧-ડિસેમ્બર-૨૦૦૪**

**શવ્વાલુલ્ મુકર્રમ-ઝી કઅદા શરીફ**

**હિ.સ. ૧૪૨૫**

**વર્ષ : ૦૧ અંક : ૧૨, સળંગ અંક : ૧૨**



**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**

બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા
તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨
મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ નઅત શરીફ ★

**અઝ : આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી**
**ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ

સરવર કહું કે માલિકો મૌલા કહૂં તુઝે
બાગે ખલીલકા ગુલે ઝૈબા કહૂં તુઝે

હિરમાં નસીબ હૂં તુઝે ઉમ્મીદ ગહ કહૂં
જાને મુરાદ કાને તમન્ના કહૂં તુઝે

સુબ્હે વતનપે શામેં ગરીબાંકો દૂં શરફ
બેકસ નવાઝ ગૈસૂઓં વાલા કહૂં તુઝે

અલ્લાહ રે તેરે જિસ્મે મુનવ્વરકી તાબિશેં
એ જાને જાં મૈં જાને તજલ્લા કહૂં તુઝે

મુજરિમ હૂં, અપને અફ્વકા સામાં કરું શહા
યા'ને શફીઅ્ રોઝે જઝા કા કહૂં તુઝે

ઈસ મુર્દા દિલકો મુઝદા હયાતે અબદકા દું,
તાબો તવાને જાને મસીહા કહૂં તુઝે

તેરે તો વસ્ફ ઐબે તનાહી સે હંય બરીં
હયરાં હૂં મેરે શાહ મૈં કયા કહૂં તુઝે

કહ લેગી સબ કુછ ઉનકે સનાખ્વાં કી ખામોશી
ચૂપ હો રહા હૂં કે મૈં કયા કયા કહૂં તુઝે

લેકિન **'રઝા'**ને ખત્મે સુખન ઈસ પે કર દિયા
ખાલિકકા બંદા ખલ્કકા આકા કહૂં તુઝે


**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


**નોંધ :** ગ્રાહક નંબર ........ આપનું લવાજમ તા. ........ થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.




નૂરાની આર્ટ, દયાદરા, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

# બરકાતે ખ્વાજા (માસિક) ડિસેમ્બર-૨૦૦૪

★ વર્ષ : ૦૧ ★ અંક : ૧૨ ★ સળંગ અંક : ૧૨


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ** : લો સરખાવી લો ! ઈસ્લામ પહેલાં અને હાલના યૂરોપ તથા અમેરિકનોની સત્તા હેઠળમાં સ્ત્રીઓની બેઈજ્જતીની હાલત ! | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | સ્ત્રીની સ્થિતિ ઈસ્લામ પહેલાં અને પછી | **રજૂકર્તા** : મુહમ્મદ ઈમરાન રઝા દયાદરવી | ૦૯ |
| ૦૩. | ઈસ્લામમાં સ્ત્રીનો મકામ અને મર્તબો | **અઝ** : હાફેઝ મુહમ્મદ સરફરાઝ (ઘંટીવાલા) દયાદરવી | ૧૩ |
| ૦૪. | સ્ત્રીઓને તલાકનો અધિકાર કેમ નથી ?! | **રજૂકર્તા** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૧૭ |
| ૦૫. | એક બેઠકમાં ત્રણ તલાકોનો શરઈ હુકમ કુર્આન તથા હદીષની રોશનીમાં | **કાર્યાલય** | ૨૧ |
| ૦૬. | આ છે ઈસ્લામી તા'લીમ તથા સંસ્કાર માંનો મર્તબો કુર્આન તથા હદીષની દૃષ્ટિએ | **રજૂકર્તા** : આલિમા કારીયહ્ અનીસા પટેલ–પાલેજ | ૨૫ |
| ૦૭. | પતિ પત્નીના હક્કો | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૨૭ |
| ૦૮. | ઝિના (વ્યભિચાર) | **અઝ** : જનાબ "જિગર" નબીપુરી, લંડન | ૩૮ |
| ૦૯. | ખાતૂને જન્નત હઝરત ફાતિમા ઝોહરા | **મૂળ લેખક** : હઝરત અલ્લામા ઈમામ જલાલુદ્દીન સિયૂતી<br>**ઉર્દૂ અનુવાદક** : હઝરત મૌલાના મુફતી અમાનુર્રબ સાહબ<br>**અનુવાદક** : મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી–સેગવા | ૪૧ |
| ૧૦. | નિકાહના દુનિયાવી તથા આખેરતના લાભાલાભની બશારતો | **કાર્યાલય** | ૪૭ |
| ૧૧. | બેપર્દગીની ભયાનક સજાઓ | **રજૂકર્તા** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૪૮ |
| ૧૨. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૫૦ |


**ખાસ નોંધ :** આ "સ્ત્રી વિશેષાંક" હોવાથી અંકમાં રાબેતા મુજબ ચાલતા વિભાગો દર્સે કુર્આન, દર્સે હદીષ, શિફા શરીફ...... વગેરે સમાવ્યા નથી. આવતા અંકમાં સર્વ વિભાગો યથાવત રહેશે. *(–તંત્રી : બરકાતે ખ્વાજા)*

# લો સરખાવી લો ! ઈસ્લામ પહેલાં અને હાલના યૂરોપ તથા અમેરિકનોની સત્તા હેઠળમાં સ્ત્રીઓની બેઈજ્જતીની હાલત !

तंत्री लेख..........

**સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ**
**સોનેવાલો જાગતે રહીયો ચોરોં કી રખવાલી હૈ** –*(આ'લા હઝરત رحمة الله عليه)*

**ઈ**સ્લામ દુશ્મન તાકતો યહૂદ તથા નસારાઓ, યૂરોપ તથા અમેરિકાના ગોરા તન કાળા મનવાળાઓ તથા અન્ય કાફિરો ઈસ્લામની દુશ્મનીમાં એવા તો આંધળા થઈ ચૂક્યા છે કે ઈસ્લામના ઉપર કીચડ ઊછાળવાનો કોઈ પણ મોકો હાથથી જવા દેતા નથી. અવાર નવાર ઈસ્લામના કાનૂનો પર તો વળી ક્યારેક સ્ત્રીઓની બનાવટી લાગણીનાં ગીતો ગાઈને જૂઠો પ્રચાર કરતા રહેતા હોય છે કે, "ઈસ્લામે સ્ત્રીના પર મઆઝલ્લાહ ! જુલ્મ કર્યો છે, તેને બંદી બનાવી છે, તેને હક્કો નથી આપ્યા." વગેરે. જો કે ઈસ્લામે સ્ત્રીને કેટલી ઈજ્જત તથા કેટલા હક્કો આપ્યા છે એ વાતો તો આ પૂરા અંકમાં તમે વાંચશો. ઈન્શાઅલ્લાહ ! અને આ આક્ષેપકારોએ સ્ત્રીઓને શું આપ્યું છે ? તેની પોલ પણ અંદર જોવા મળશે, પણ અહીં મારે એ વાતો જણાવવી છે કે **ઈસ્લામના આગમન પહેલાં સ્ત્રીની જે કફોડી હાલત હતી તે અને અત્યારનું યૂરોપ તથા અમેરિકા તેમજ જેઓ પણ સ્ત્રી આઝાદીનાં બણગાં ફૂંકે છે તેમણે સ્ત્રીની શું હાલત કરી છે, તે સચોટ પૂરાવા સાથે રજૂ કરવું છે અને જે કહેવાતા મુસ્લિમ કે ગૈરના દિલમાં કોઈ ખૂણામાં ઈસ્લામે સ્ત્રી સાથે યોગ્ય વહેવાર નથી કર્યો એવી કોઈ શંકાનો સાયો પણ હોય તો તે દૂર કરવો છે.**

## ઈસ્લામના આગમન પહેલાં સ્ત્રીઓ પર થતા જુલ્મની એક ઝલક

કુફ્ર પોતાની સાથે કેવળ અકીદાની ગુમરાહી નથી લાવતુ પણ સંસ્કારિક પડતી, નીચાપણુ અને અનૈતિકપણુ પણ સાથે લાવે છે. સામાન્ય બુદ્ધિ ધરાવનાર માણસ પણ જે કામ કરતાં ખચકાય છે પણ જ્યાં કુફ્રનો અંધકાર છવાય જાય છે ત્યાં મોટા મોટા શરમજનક કામ ઉઘાડે છોગે કરવામાં આવે છે. મોટા મોટા રઈસ કરે છે અને જરાય નથી શરમાતા ! અરબના કબીલાઓ પોતાના ઘમંડના કારણે પ્રખ્યાત છે પરંતુ કુફ્રની ગુમરાહી એમના લોહીમાં ભળી ગઈ હતી એટલા માટે આવી ગુનાહની હરકતો દિવસના અજવાળામાં એમની આંખોની સામે થતી બલ્કે તેઓ ખૂદ કરતા અને બિલકુલ ન શરમાતા. જાહેલિયતના જમાનામાં લોંડીઓ વેશ્યાગીરીનો ધંધો જાહેરમાં અપનાવતી હતી. મોટા મોટા રઈસ ખાનદાન પોતાની જુવાન અને ખૂબસૂરત લોંડીઓને એ મતલબના માટે વાપરતા હતા. એમને અલગ મકાનમાં રાખવામાં આવતી જેને 'મવાખીર' કહેવામાં આવતું હતું. દરેક પર ઝંડો લહેરાયેલો રહેતો અને એ લોંડીનું વેશ્યાખાનું એના માલિકના કબીલાના નામથી પ્રખ્યાત થતું.

ઈમામ ઈબ્ને જરીર અતાથી નકલ કરે છે કે જાહિલિયતના જમાનામાં દરેક કબીલા અને ખાનદાનની

લોંડીઓ રાખવામાં આવતી હતી જે એમની તરફ સંબંધિત થતી. કહેવામાં આવતું કે આ ફલાણા કબીલાની રંડી છે, આ ફલાણા કબીલાની રંડી છે. એમના દરવાજાઓ પર ઝંડાઓ લગાડેલ રહેતા. ઈમામ ઈબ્ને જરીર એ વિવિધ ઝંડાઓવાળીઓમાંથી નવનાં નામ પણ લખ્યાં છે અને એમના કબીલાની વાત પણ કરી છે. ન એ વાત એબદાર ગણાતી હતી, ન એમની પાસે કોઈનું આવન જાવન બદનામીનું કારણ ગણાતું હતું.

એમના સિવાય વિવિધ બીજી સ્ત્રીઓ પણ હતી, જેઓ આ ધંધો ઉઘાડે છોગે કર્યા કરતી, કેટલાય લોકો એમની સાથે શાદી કરી લેતા જેથી એમની હરામ કમાણીથી એશ કરે. *(ઈબ્ને જરીર)*

## મદીનામાં હુઝૂરના આગમન પહેલાં સ્ત્રીઓની હાલત !

મદીનાની પરિસ્થિતિ પણ મક્કાથી કાંઈ જુદી ન હતી, ત્યાં એનો બધાથી મોટો કારોબાર કરનાર ખૂદ અબ્દુલ્લાહ બિન ઉબય હતો જેને અવસ તથા ખઝરજના કબીલાઓ પોતાનો બાદશાહ નક્કી કરનાર હતા. અને જ્યારે હુઝૂર મદીના તૈયબહમાં તશરીફ ફર્મા થયા, ત્યારે એના માટે સોનાનો તાજ સોનીની પાસે તૈયાર થઈ રહ્યો હતો. આ મર્તબાનો માણસ ત્યાં બધાથી મોટો હરામકાર હતો ! તેણે પોતાના ચકલામાં છ નવજવાન અને ખૂબસૂરત લોંડીઓ રાખેલ હતી અને એમનામાંથી દરેકના માટે એક નક્કી કરેલ રકમનું કમાવું દરરોજ જરૂરી હતું. જો કોઈ લોંડી નક્કી કરેલ રકમ ન આપતી તો એને મારપીટ કરવામાં આવતી અને નક્કી કરેલ રકમ પૂરી કરવા પર મજબૂર કરવામાં આવતી. આ સાહેબો આ લોંડીઓથી માત્ર દોલત જ ન કમાયા કરતા બલ્કે રાજકીય ફાયદાઓ પણ પ્રાપ્ત કરતા. અરબ કબીલાઓનો કોઈ રઈસ જો યષરબ આવતો તો તે પોતાની એક લોંડી મઆઝાને રાતવાસાના માટે એની પાસે મોકલી દેતો જેથી તે ઈબ્ને ઉબયના એહસાનને હમેશાં યાદ રાખે અને જરૂરતના સમયે તે એને પોતાના રાજનીતિક ઈરાદાઓની પરિપૂર્ણતા માટે ઉપયોગ કરી શક્તો.

અલ્લામા ઈબ્ને કષીર, અલ્લામા આલૂસી અને બીજા મુફસ્સીરીને સ્પષ્ટતા કરી છે કે :–

**(અર્થ)** : જેથી આજ લોંડી મઆઝા એક દિવસ કંટાળીને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની પાસે આવી અને પોતાના ગમની કહાની સંભળાવી. આપે બારગાહે રિસાલતમાં એની ગુઝારિશ પેશ કરી તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, એને આપના કબ્જામાં લઈ લો. અબ્દુલ્લાહ બિન ઉબય બદ્કારને ખબર પડી તો એણે મોટો શોર મચાવ્યો કે જુઓ ! હવે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અમારી લોંડીઓને પણ પોતાના કબ્જામાં લઈ રહ્યા છે ! એ સમયે નિકાહ બાબતની આયત નાઝિલ થઈ. આ રીતે કાનૂની રીતે વૈશ્યાગરીની ખરાબી ઈસ્લામી માહોલથી ખતમ કરી દેવામાં આવી. જેને યૂરોપમાં આજે પણ કાનૂનની પીઠબળનું સમર્થન પ્રાપ્ત છે.

અલ્લામા કરતબી رحمۃ اللہ علیہ લખે છે કે એક તો તેઓ ઝિનાની રકમ વસૂલ કરતા હતા. બીજુ જો એ લોંડીથી ઔલાદ થતી તો એને પોતાની ગુલામ બનાવી લેતા અને એને વેચીને કિંમત વસૂલ કરતા. અને જો વ્યભિચારી કબીલાનો કોઈ રઈસ હોતો અને એના ગર્ભથી કોઈ બાળક જન્મ પામતું તો તે એ લોંડીને એકસો ઊંટ ફિદિયા તરીકે અદા કરીને પોતાના બાળકને લઈ જતો અને લોંડી તે સો ઊંટ પોતાના માલિકને આપી દેતી.

આ રીતે ઘણી જ બેશર્મીથી તે દૌલત કમાવવામાં લાગેલા રહેતા. કુર્આની આયતમાં એવી કમાઈને હરામ ગણાવવામાં આવી છે. હુઝૂર સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ પણ સાફ શબ્દોમાં ફર્માવી દીધું છે કે, "ઝિનાકારીની કમાઈ નાપાક છે." *(હવાલો : માહનામા જામિઆ, રૌનાહી, યુ.પી., ઓગસ્ટ–૨૦૦૪)*

## શું યૂરોપ તથા અમેરિકામાં આવાં ઓપન વેશ્યાઘરો નથી ?!

ઉપરોક્ત લખાણમાં તમોએ જાહિલિયતનો દૌર એટલે ઈસ્લામના આગમન પહેલાં સ્ત્રીઓની હાલતનો ચિતાર જોઈ લીધો ! હવે આવો ! સીધા ચાલ્યા જાવ યૂરોપ તથા અમેરિકાનાં તે બજારોમાં જ્યાં ડાન્સ પાર્ટીઓ, નૃત્યની કલબો અને બિયર બારો તરફ એક દૃષ્ટિ કરી લો ! નાના મોટાં શહેરોમાં વેશ્યાઘરો તથા હોટલોનું નિરીક્ષણ કરી લો ! અને દિલ પર હાથ રાખીને કહો કે શું એ જાહિલિયતના દૌરમાં જે હાલત સ્ત્રીની રમકડાના સમાન હતી તે આજે અહીં નથી ?! **ત્યારે પણ સ્ત્રીના શરીરને વેચીને પૈસા ઉભા કરવામાં આવતા હતા અને આજે પણ એ જ ધંધા ચાલી રહ્યા છે ! ફરક એટલો છે કે ત્યારે તેણીને લોંડી કહેવામાં આવતી હતી અને આજે રિસેપ્શનિસ્ટ, સેલ્સ ગર્લ, મેડમ, કલાકાર કે નૃત્યાંગના, બ્યૂટી ક્વીન, કોલગર્લ વગેરે લપસણાં** નામથી તેણીને ભ્રમમાં રાખવામાં આવે છે કે તેણી આઝાદ છે પણ એ જ ગુલામીના ધંધા કેવળ ધનની લાલચમાં વેશ્યાગીરીના સ્ત્રીઓ પાસેથી કરાવવામાં આવી રહ્યા છે.

જ્યારે દુનિયા પર સૂરજ અસ્ત થતાં અંધારી ચાદર તણાય છે, લોકો આરામની નીંદ માણે છે તે સમયે એ કપૂતો, લંડન, ન્યૂયોર્ક, હોંગકોંગ.. વગેરે દુનિયાનાં શહેરોમાં રાતને રંગીન લાઈટોથી દિવસ બનાવીને ગુનાહોની હોળી ખેલવાની દુકાનોને ગરમ કરે છે અને અસંખ્ય સ્ત્રીઓની ઈજ્જતની લિલામ થાય છે.

વળી ત્યારના રઈસો જે ધંધો કરતા હતા તે ધંધા આજના એ દેશોના રાષ્ટ્ર પ્રમુખો (જેમ કે બિલ ક્લિંટન તથા યુ.કે. વગેરેના પ્રધાનોનાં કૌભાંડો) તથા પ્રધાનો નથી કરતા ? છતાં શરમાય પણ છે ?!

દોસ્તો ! ફરી એકવાર આગલુ લખાણ વાંચો અને જાહિલિયતના દૌરમાં સ્ત્રીને લોંડી બનાવી શું કરવામાં આવતું હતું તે જુઓ અને આજના દૌરના સુધરેલા કહેવાતા દેશો, સ્ત્રીને આઝાદી આપવાનો દા'વો કરનારાઓને જુઓ કે એ બેમાં ક્યાં આગળ તમને ફરક જણાય છે ?! અને ઈન્સાફથી કહો કે **સ્ત્રી પર એ જ જુલ્મો આ ઢોંગી યૂરોપ તથા અમેરિકીઓ કરી રહ્યા છે જે જાહિલિયતના દૌરમાં કાફિરો કરતા હતા.** વળી એ નાલાયક પ્રવૃત્તિ કરવાવાળાઓએ દુનિયા કમાવવાની લાલચમાં પૂરા જગતમાં બેશરમી એટલી ફેલાવવી શરૂ કરી છે કે હવે તો આપણા રૂઢિચુસ્ત ગણાતા દેશમાં પણ એ બુરાઈ ચમકારા મારી રહી છે અને અહીં પણ એને રોકનાર કોઈ નથી. આવો ! એની પણ ઝલક જોઈ લઈએ.

## આ સ્ત્રી આઝાદી છે કે તેનું શોષણ ?!

થોડા દિવસો પહેલાં હિંદુસ્તાનના આર્થિક પાટનગર મુંબઈમાં એક સુંદરી હરીફાઈ "ફેમિના મિસ ઈન્ડિયા" (Femina Miss India) ગોઠવાઈ. એ જોઈને આશ્ચર્ય થયું કે આ સુંદરી હરીફાઈને "સ્ત્રી શક્તિ" (Women Power)નું નામ આપવામાં આવ્યું હતું ! એક એવોર્ડના નામ પર સ્ત્રીને ઘણા બધા પુરૂષોની સામે સ્ટેજ પર નગ્ન કરીને પરેડ કરાવવી અને એના શરીરની ચામડી, રૂવાંટી અને નાઝુક ભાગોને માપ તોલ કરવા પછી આવા પ્રોગ્રામને સ્ત્રીઓની તાકાતનું નામ આપવું એ સ્ત્રીઓના શોષણનો ઘણો જ બુરો દાખલો છે. પરંતુ આવી સુંદરી હરીફાઈઓ અને ફેશન શો હવે દરેક બાજુ ઠેર ઠેર ગોઠવાઈ રહ્યા છે. સૌંદર્ય પ્રસાધનો અને કોસ્મેટીકનો સામાન બનાવનારી મોટી મોટી કંપનીઓ આવા પ્રોગ્રામોને

ગોઠવવામાં મદદ કરે છે અને એનો ખૂબ પ્રચાર પણ કરે છે. વિ□સુંદરી હરીફાઈમાં પાછલા થોડાક વર્ષોથી ડાઈના હેડન, સુસ્મિતા સૈન, એ□ર્યારાય, દિયા મિર્ઝા, પ્રિયંકા ચોપડા વગેરે હિંદુસ્તાની સુંદરીઓને સુંદરીઓની રાણીનો ખિતાબ આપવાનો સિલસિલો ચાલી પડયો છે.

જ્યારે ડાઈના હેડને મિસ વર્લ્ડ (Miss Wolrd)નો ખિતાબ જીત્યો હતો તો અમારે ત્યાં એક સમાચાર પત્રએ એ હેડિંગ લગાડી દીધું હતું કે "હિંદુસ્તાને દુનિયાને એક વાર ફરી જીતી લીધી !" એને વાંચીને એવું લાગ્યું કે કદાચ હિંદુસ્તાને સ્પોર્ટસમાં કોઈ મોટી સફળતા (સિધ્ધિ) મેળવી હશે અથવા સાયન્સ અને ટેકનોલોજીમાં કોઈ મોટું કામ અંજામ આપ્યું હશે ! અથવા વિ□યુનિર્વસિટીના અસંખ્ય હેતુઓ પાર પાડી દીધા અને તમામ હેતુઓને પ્રાપ્ત કરીને હિંદુસ્તાન દુનિયાભરમાં પહેલા નંબરે આવી ગયું હશે ! કે પછી ગરીબીની રેખાને ઓછી કરીને હિંદુસ્તાન દુનિયાનો સૌથી સમુદ્ધ દેશ બની ગયો હશે. આ શું ! એવું કોઈ મહાન કામ અમે કર્યું નથી પરંતુ હિંદુસ્તાનની એક મહિલાએ નગ્નતામાં એવોર્ડ પ્રાપ્ત કર્યો અને તે પણ આખી દુનિયાના સામે પોતાના શરીરનું પ્રદર્શન કરીને !! શું આપણા દેશની સંસ્કૃતિ આવી હલકી વાતો પર ગર્વ લેવાનું શીખવાડે છે ?!

અચંબાની વાત એ છે કે આ શરમજનક કામના માટે શરીરના પ્રદર્શનની સુંદરી હરીફાઈ જીતનારી સ્ત્રીને લાખો ડોલર ઈનામ આપવામાં આવે છે ! એ પણ બદ્નસીબીની વાત છે કે આવી સુંદરી હરીફાઈ ખાસ કરીને ત્રીજી દુનિયાના દેશો અને એશિયા તથા આફ્રિકાના ગરીબ દેશોમાં વધારે થવા લાગ્યા છે. આ દેશમાં ગરીબી અને ભૂખમરો જેવા પ્રશ્નોને હલ કરવાને બદલે માત્ર બિકીની (અંડરવેર) પહેરીને આવનારી સુંદરીઓને લાખો ડોલર ઈનામ આપવામાં આવે છે ! બલ્કે સુંદરી હરીફાઈ જીત્યા બાદ આ સુંદરીઓ ગરીબ બાળકો કે અપંગ લાચાર બાળકોની સાથે ફોટા ખેંચાવે છે ! અને સ્ત્રીઓના હક્કોની વાતો કરે છે ! પણ આ બધું માત્ર ધોકો દેવાના માટે એક ફેશન બની ચૂક્યું છે.

## કુમળી વયની છોકરીઓ નગ્નતા તરફ કેમ વળે છે ?

આજકાલ આ પ્રકારની "સુંદરી હરીફાઈ" મિસ બ્યુટીફૂલના નામથી હાઈસ્કૂલોમાં પણ શરૂ થઈ ગઈ છે ! બલ્કે આ એવો સમય છે જ્યારે વિદ્યાર્થીઓને ઊંચી તા'લીમની તરફ ધ્યાનિષ્ઠ કરીને પોતાનું ભવિષ્ય સુધારવાનું હોય છે. પણ આજ "મિસ બ્યુટીફૂલ" આગળ ચાલીને "મિસ યુનિવર્સિટી" બનવાના માટે રસ્તો સુંવાળો કરે છે અને આગળ ચાલીને "મિસ ઈન્ડિયા" અને છેવટે "મિસ વર્લ્ડ" કે "મિસ યુનિવર્સ" સુધી ચાલી જાય છે. આવી "સુંદરતાની હરીફાઈ" કે "ફેશન શો"ની ખૂબ જાહેરાત કરવામાં આવે છે આ બધુ નજરોની સામે પુસ્તિકાઓ, સમાચાર પત્રો અને ટી.વી. પર જોઈને કુમળી વયની છોકરીઓ પણ શરીરનું પ્રદર્શન અને ફેશન પરસ્તીની તરફ આર્કષાય રહી છે, હિંદુસ્તાન અને બીજા ગરીબ દેશોમાં જ્યાં દુનિયાની વસ્તીનો મોટો હિસ્સો રહે છે ત્યાં કોસ્મેટીક અને સૌંદર્ય પ્રસાધનો બનાવનારી કંપનીઓ થકી આવી હરીફાઈઓ અને શો ઘણા જ રૂપિયા ખર્ચ કરીને ગોઠવવામાં આવે છે અને ત્યાંની સુંદરીઓને સુંદરતાનો તાજ પહેરાવવાનો સિલસિલો શરૂ કરી નાખ્યો છે. હવે જગા જગા અને દરેક ગલીમાં બ્યૂટી પાર્લર અને બ્યૂટી સ્ટોર્સ ખુલી રહ્યા છે, છોકરીઓ અને મહિલાઓને સુંદર અને આકર્ષક બનવાની હોડ લગાડી દીધી છે. આવી રીતે મૂડીવાદીઓએ કરોડો રૂપિયા કમાવાના માટે એક મોટી માર્કેટ તૈયાર કરી દીધી છે. **દોલત કમાવાના માટે નાઝુક નારીઓનું પ્રદર્શન કરવામાં આવે છે. અને**

**દુનિયાને નગ્નતા, બેહયાઈ અને (બદ્ અખ્લાકીના) કુસંસ્કારના સમંદરમાં ધકેલવામાં આવી રહી છે.** પ્રખ્યાત રાષ્ટ્રીય સમાચાર પત્ર ''ધી એશિયન એજ''માં એક રીપોર્ટ છપાયેલ હતો જેમાં જાહેર કરવામાં આવ્યું છે કે હિંદુસ્તાનમાં દરરોજ લગભગ ૩૫૦ છોકરીઓ અને મહિલાઓ આ ફેશન અને ગ્લેમરની દુનિયાની ઝગમગાટના પ્રદર્શનથી આકર્ષાઈને શરીર વેચવાની લાનતમાં લાગી રહી છે.

## સ્ત્રીઓની ઈજ્જતો શાથી લૂંટાય છે ?

આજકાલ મહિલાઓની સંસ્થાઓ મહિલાઓના હક્કો પર શોર મચાવવાવાળા નામના આઝાદ ખયાલ લોકો અને કહેવાતા પ્રગતિશીલ લોકો સ્ત્રીઓ પર થનારા બળાત્કાર અને મારપીટના મામલાઓ વિશે ખૂબ વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે અને શોર મચાવી રહ્યા છે. ટી.વી.થી લઈને પાર્લામેન્ટ સુધીમાં આ વિષયો પર ચર્ચા થઈ રહી છે પણ આ જ લોકો સુંદરી હરીફાઈ કે શરીરના પ્રદર્શનને આઝાદી અને પ્રગતિનું નામ દઈને એની હિમાયત (સમર્થન) કરે છે. કોઈ તત્વચિંતકે કહ્યું છે, નગ્નતા એવું કામ છે જેનું પરિણામ છેડતી તથા બેઈજ્જતીના રૂપમાં સામે આવે છે. (**Pornography is the theory, the rape is the practice**) આ વાત એ મહિલાઓની સંસ્થાઓ અને કહેવાતા આઝાદ ખયાલ લોકોએ અનુભવવી જોઈએ. આ સચ્ચાઈ પોતાની જગાએ છે કે આજકાલની ટોપ મોડલો અને પ્રખ્યાત બ્યૂટી ક્વિનોની બેઈજ્જતી નથી કરવામાં આવી રહી પણ એમના શરીરના પ્રદર્શનનાં દશ્યો નગ્ન પુસ્તિકાઓ, સમાચાર પત્રો, ટી.વી. અને ફિલ્મોના દ્વારા જ્યારે વારંવાર પુરૂષોની સામે જોવા મળે છે તો એ તેમને શારીરિક ઈચ્છા અને વાસના સંતોષવા માટે પ્રોત્સાહિત કરે છે જેના પ્રત્યાઘાત રૂપે મજબૂર, નાદાન અને ગરીબ છોકરીઓની ઈજ્જતો લૂંટાઈ રહી છે. સંસ્કારિક્તા પાયમાલ થઈ રહી છે અને બેહયાઈ અને બુરાઈમાં વધારો થઈ રહ્યો છે, સમાજનું માળખુ તૂટી રહ્યું છે, ઘરો બરબાદ થઈ રહ્યાં છે, માનવોનો સમાજ તબાહી તથા બર્બાદીની તરફ કૂચ કરી રહ્યો છે.

આજે આ ફેશન શોના પ્રોગ્રામો, સુંદરી હરીફાઈના પ્રોગ્રામો અને મોડેલિંગના કારણથી મહિલાઓ અને કુમળીવયની છોકરીઓમાં આકર્ષક બનવા, સુંદર બનવાની ચાહત પેદા થઈ ગઈ છે, પણ તેણીઓ એનાથી બેખબર છે કે પુરૂષ એમને મહોબ્બતની નજરોથી નહીં પરંતુ હવસની નજરોથી જોવા લાગ્યા છે. એટલા માટે છોકરીઓને કે મહિલાઓને સર્વસ્વ લૂંટાવીને પણ મહોબ્બત હાથ લાગવાની નથી ! પરંતુ એના કારણથી સમાજમાં બેહયાઈ અને બુરાઈની ઉન્નતી થઈ રહી છે જેના કારણે સ્ત્રીઓ વિશે ગુનાહોમાં વધારો થઈ રહ્યો છે. બેઈજ્જતી, મારપીટ, તલાકના બનાવો અને હત્યા કરવી કે જીવતી સળગાવી દેવાના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. સ્ત્રીઓને મૂર્ખ બનાવીને કે તેણીનું શોષણ કરીને પુરૂષ પોતાની આંખોની ઐયાશીનો સામાન તૈયાર કરી રહ્યા છે તો બીજી તરફ ફેશન અને સુંદરતાના સાધનો બનાવનારી કંપનીઓ અને મૂડીધારીઓ કરોડો રૂપિયા કમાઈ રહ્યા છે.

એનો હલ માત્ર એ છે કે **મહિલાઓના માટે પોતાના શરીરને ઢાંકવાના માટે અને પોશાક પહેરવાનો એક કાયદો અને નિયમ (Dress code) હોવો જોઈએ. અને આ માત્ર એક ઈસ્લામી સમાજ અને ઈસ્લામી રીત રિવાજ જ પૂરો પાડી શકે છે.** ઈસ્લામ સ્ત્રીને ૧૦ રૂપિયાના સાબુના માટે શરીર દેખાડવા અને એના પ્રદર્શન કરીને કમાણી કરવાની હિમાયત નથી કરતો પરંતુ સ્ત્રીને પર્દાના નામ પર રક્ષણ, પાકીઝગી અને ઈજ્જત આપે છે. **આ જ સ્ત્રીઓની આઝાદી**

**અને ઉન્નતીની વાતો કરનારા લોકો સ્ત્રીને માત્ર રમકડુ અને ઐયાશીનું સાધન સમજીને માત્ર એને લેડીના રૂપમાં જોઈ રહ્યા છે** અને જોવાડી રહ્યા છે. પણ **ઈસ્લામે સ્ત્રીને પત્ની, પુત્રી, બહેન અને માંના રૂપમાં હાજર કરીને એના હક્કો અને ઈજ્જતને જરૂરી ગણાવી છે.** આજના આ ફિત્નાના સમયમાં સ્ત્રીએ વેચાવા લાયક માલ અને પુરૂષોની આંખોની ઐયાશીનું કારણ ન બનતાં પોતાના ઘર અને ખાનદાનની ઈજ્જતદાર બેટી, બહેન, પત્ની અને માં બનીને રહેવું જોઈએ. પોતાની ઔલાદને સાચી રીતભાત આપીને અને ઘરની દેખભાળ અને સુધારણા કરીને આવનારા સમાજના ભવિષ્યને રોશન બનાવવું જોઈએ. *(જામે નૂર–દિલ્હી, મે–૦૩)*

## યકીનન ! ઈસ્લામે જ સ્ત્રીને ઈજ્જત આપી છે !

સારાંશ કે કહેવાતા સ્ત્રી આઝાદીના ચાહકોએ સ્ત્રીની હાલત રમકડાથી વિશેષ નથી રાખી, તેના પ્રદર્શનો કરી, તેના શરીરના સોદા કરી, વેપાર કરાવીને તેનાથી નાણાની રેલચછેલ કરી રહ્યા છે. જ્યારે ઈસ્લામે સ્ત્રીને ઈજ્જત આપી છે. સૌ પ્રથમ તો નજરો પર કુર્આન તથા હદીષે પાબંદી લગાડી કે, **"કોઈ ગૈર મર્દ અજનબી સ્ત્રીને ન જુએ, ન તાકે."** તો શું આ ઈજ્જત નથી કે કોઈ સ્ત્રીને નાચતી જોઈ લોકો તાળીઓ પાડે ! જ્યારે ઈસ્લામ સ્ત્રી પર નજર કરવાની પણ મના કરે છે. સ્ત્રીને પણ હુકમ થયો કે, **"તે ઢોરો જેમ નગ્ન ન ફરે બલ્કે ઈજ્જતની જિંદગી જીવે અને શરીર ઢંકાય તેવાં કપડાં પહેરે તથા બુરી નજરોથી બચવા પર્દો કરે."** તો શું આ ઈજ્જત નથી કરી અને તેનો મર્તબો ઊંચો નથી કર્યો ?! **"કોઈ ગૈર મેહરમ કોઈ સ્ત્રીને ન સ્પર્શે, નહીં તો કિયામતમાં તે હાથને આગની સાંકળોથી બાંધવામાં આવશે."** શું આ ઈજ્જતની વાત નથી તો શું ઈજ્જત એ છે કે સામુહિક બળાત્કારોના બનાવો થાય છતાં ગુનેહગારો છૂટી જાય અને સ્ત્રી આપઘાત કરી લે ! આ ઈજ્જત છે.

## મુસ્લિમ ભાઈ બહેનો ! સાવધાન !

અલ્લાહ સાચી સમજ આપે. ખાસ મારી વિનંતિ મુસલમાન ભાઈ બહેનોને છે કે બહેનોને જે ઈજ્જત ઈસ્લામે આપી તેને અપનાવે અને આ સ્ત્રીના દુશ્મનો કહેવાતા ઢોંગી સ્ત્રી આઝાદીના નારા લગાડનારાઓની વાતોમાં ન આવે અને ભાઈઓ પણ માં બહેનોને સમજાવી, બેટીઓને ઈસ્લામી તા'લીમ આપી ઈજ્જતદાર જીવન જીવવા સમજાવે. ઈસ્લામી નેક ખાતૂનોના જીવન ચરિત્રનાં પુસ્તકો વંચાવે, જેથી ઈસ્લામનું તથા સ્ત્રી ચારિત્ર્યનું મૂલ્ય તેણીઓ સમજે.

ઈસ્લામથી વિમુખ ચાલવાનાં પરિણામો દુનિયાના મુસલમાનો ભોગવી રહ્યા છે, જે આપણી નજરો સમક્ષ જ છે અને હે ઈસ્લામના ફરઝંદો ! જો હજી પણ તમે હાલત સુધારવાની કોશિશ નહીં કરો અને પૂરાણા (ઈસ્લામના પહેલાંના) અને અર્વાચીન (યૂરોપ અમેરિકાના) જાહિલોના ચક્કરમાં સપડાયેલા રહીને પોતાનું સત્યાનાશ કરી નાખ્યું અને અન્ય બેહયા કૌમોનું અનુકરણ કરીને તમારી શરમ હયાની ચાદર ફેંકી મારી તો પછી તમારાથી મોટો નુકસાનમાં પડનાર કોણ થઈ શકે છે ! પછી "જેવું વાવો તેવું લણો" એ કાનૂન પ્રમાણે જો તમારા પર અલ્લાહના ગઝબની વીજળીઓ પડી તો તમારો પોતાનો દોષ હશે ! તમારા કરીમ પરવરદિગારે તથા રઉફ તથા રહીમ રસૂલે પાક ﷺ એ તો ઘણી જ સ્પષ્ટતા સાથે સાવચેત કરી દીધા અને એના પરિણામો પણ જણાવી દીધાં, હવે સમજવું ન સમજવું તમારી મરજી ! *(સંપૂર્ણ)*

# સ્ત્રીની સ્થિતિ ઈસ્લામ પહેલાં અને પછી

[રજુકર્તા : મુહમ્મદ ઈમરાન રઝા, મુતઅલ્લિમ જામિઆ અશ્રફિયા–મુબારકપુર]

## ★ રહમતે આલમ ﷺ ના આગમન પહેલાં સ્ત્રીનું મૂલ્ય ★

રહમતે આલમ ﷺ આ દુનિયામાં તશરીફ લાવ્યા તે અગાઉ સ્ત્રીનું મૂલ્ય કેવળ રમકડા જેટલું અથવા મનોરંજનના સાધનથી વિશેષ ન હતું. તેણી નિર્જીવ ચીજની જેમ એક પુરૂષથી બીજા પુરૂષની માલિકીમાં ચાલી જતી. અને કોઈ પુરૂષના મૃત્યુ બાદ તેના વારસદારની પાસે અન્ય ચીજોની જેમ જતી રહેતી હતી. બાળકીઓ ખાનદાનના માટે કલંકનું ટીલુ ગણવામાં આવતી હતી અને ઘાટકી માં–બાપ તેમને બિનજરૂરી બોજ સમજીને જીવતી દાટી દેતાં હતાં. સ્ત્રી વિશે લોકોમાં એવી માન્યતા જાણીતી હતી કે તેણીનું ખમીર ગુનાહમાંથી ઉઠાવવામાં આવેલ છે અને એ કારણે તેણીએ માનવ પિતા હઝરત આદમ અલૈહિસ્સલામને જન્નતમાંથી કઢાવ્યા હતા. એક પુરૂષ જેટલી સ્ત્રીઓને ઈચ્છે તેમને કશીય શરમ કે ખચકાટ વિના પોતાના શયનકક્ષમાં લઈ આવતો. નિકાહ કેવળ એક રસમ હતી જેમાં ન તો કોઈ પવિત્રતા અને ન તો કોઈ જિમ્મેદારીનો ખયાલ તેનાથી સબંધિત હતો. જો રોબર્ટ સ્મિથના પુસ્તક ''ઈસ્લામ પહેલાં નિકાહનો સબંધ''નો અભ્યાસ કરો તો તમને જાણવા મળશે કે આ નાઝુક તબકો (સ્ત્રીઓ) કેવા પ્રકારના જુલ્મો સિતમનો શિકાર હતો. એક સ્ત્રીએ એક જ સમયે કેટલા પુરૂષોની પત્ની બનીને રહેવું પડતું હતું, અને કેટલીક વાર તો પૂરા ખાનદાનના પુરૂષો તેણીને પોતાની હવસ (વાસના)નું નિશાન બનાવતા હતા. તે જુલ્મમાં સપડાયેલી તેણીનું કામ કેવળ એ રીતનું હતું કે તે પુરૂષ માટે મનોરંજનનો સામાન પૂરો પાડે.

## ★ પુત્રીને મારી નાખવાનો રિવાજ ★

અમે આ વિષય માટે અલ્લામા ઝમખશરીની 'તફસીરે કેષાફ'માં સૂરએ તકવીરની એક આયતની તશ્રીહ (વિસ્તારપૂર્વક સમજુતી)નો ખુલાસો (ભાવાર્થ) રજુ કરીએ છીએ આપ ફર્માવે છે :–

જ્યારે બાળકીની ઉંમર છ (૬) વર્ષની થઈ જતી તો પતિ પત્નીને કહતો કે, તેણીને ખુશ્બુ લગાડ અને અલંકારોથી શણગાર. પછી તે પતિ પત્નીને કહીને તે લાચાર બાળકીને પોતાના સગા સંબંધીઓને ત્યાં મુલાકાત માટે લઈ જતો અને છેવટે જંગલ તરફ પ્રયાણ કરતો અને ત્યાં એક ઊંડો ખાડો ખોદતો અને તે બદનસીબને તેના કિનારે ઉભા રહેવાનો હુકમ કરતો. અને તે બાળકીને કહેતો કે તે ખાડામાં ધ્યાનપૂર્વક જુએ. અને તે જ સ્થિતિમાં તેણીને ધક્કો મારીને ખાડામાં ફેંકી દેતો અને તેના પર માટી નાખીને તેને દાટી દઈ જમીન સરખી કરી દેતો.

જ્યારે કોઈ સ્ત્રી કોઈ ખાનદાનમાં જતી રહેતી તો તેણીની સ્વતંત્રતા એકદમ જતી રહેતી અને તેણી તે ખાનદાનની મિલ્કત ગણાતી, તેણીને પોતાના માં બાપ, ભાઈ બહેનને મળવાની તદન રજા ન હતી. અને તેણી તદન એક નિર્જીવ ચીજની જેમ ઘણી જ તકલીફોમાં જીવન વ્યતીત કરતી.

ઈબ્ને જરીરે પોતાની તફસીરે તિબરીમાં વર્ણવ્યું છે કે, ''સ્ત્રી પોતાના પતિના મૃત્યુ બાદ તેના

વારસોના હાથમાં જતી રહેતી. વિધવાનું માલિકીપણુ પ્રાપ્ત કરવા માટે તેણીના ઉપર એક ચાદર ઓઢાડી દેવામાં આવતી અને તે એ વાતની નિશાની હતી કે હવે તે સ્ત્રી ચાદર ઓઢાડનારના કબજામાં આવી ચૂકી છે. જો આ આફતો પામનારી સ્ત્રી સુંદર હોય તો તેણીને પોતાની પાસે રાખી લેતો, નહીં તો તે કોઈ બીજાના હાથમાં ઘણી જ નિર્લજ્જપણે તેણીને વેચી મારતો.

સ્ત્રી પર જુલ્મવર્ષા કેવળ અરબસ્તાનમાં જ નહીં બલ્કે પોતાની ખાસિયતોની વિવિધતા પ્રમાણે આખી દુનિયામાં થઈ રહી હતી.

**યુનાનીઓ**નું કથન હતું કે, આગથી દાઝી જવાનો અને સાપના દંશવાનો ઉપાય છે પરંતું સ્ત્રીના દંશવાનો (ખરાબીનો) ઈલાજ અશક્ય છે. એક યુનાની સાહિત્યકાર કહે છે કે, બે પ્રસંગોએ સ્ત્રી પુરૂષના માટે ખુશીનું કારણ હોય છે, એક તો શાદીના દિવસે બીજું તેણીના મૃત્યુના દિવસે.

આજે જેઓ સ્ત્રીની જૂઠી હમદર્દી જાહેર કરી આઝાદીના નામે સ્ત્રીને જાહેરમાં નગ્ન કરી નચાવી રહ્યા છે અને બેઈજ્જત બનાવી તેના શરીરને બજારમાં વેચાતુ મૂકી હરખાઈ રહ્યા છે તેમની ગઈકાલની હાલત પણ જોઈ લો :–

## ★ યૂરોપ અને સ્ત્રી ★

**યૂરોપ**માં પણ સ્ત્રી કોઈપણ પ્રકારની બાબતમાં સ્વતંત્ર ન હતી. તેણી પોતાની મરજીથી કોઈ નિર્ણય કરી શકતી ન હતી એટલે સુધી કે એવી પણ છૂટ ન હતી કે પોતે કમાઈને પોતાના માટે ખર્ચ કરી શકે અને પોતાની પસંદગીથી શાદી કરે. છોકરીઓ માં બાપની મિલ્કત ગણાતી હતી, તેઓ જેની સાથે પણ ઈચ્છતા તેમની શાદી કરાવી આપતા. શાદી એક વેપાર ગણાતો જેના દ્વારા માં બાપ પોતાનાં પુત્રો પુત્રીઓને વેચતા રહેતા હતા.

સ્ત્રી સ્વતંત્રતાના વિખ્યાત સુત્રધારી (Mill) પોતાના પુસ્તક ''સ્ત્રીઓની તાબેદારી''માં લખે છે કે, ''યૂરોપના ઈતિહાસમાં જોશો તો જાણવા મળશે કે; હજી વધુ સમય નથી પસાર થયો જ્યારે કે પિતા પોતાની પુત્રીને જ્યાં ઈચ્છે ત્યાં વેચી નાખતો હતો અને તેણીની ઈચ્છાની કાંઈ પરવા કરતો ન હતો.''

## ★ યહૂદિયત અને સ્ત્રી ★

**યહૂદિયત**ની ગણત્રી તે ધર્મોમાં થાય છે જેમણે કેવળ અમુક અકીદાઓ (માન્યતાઓ) જ નથી પ્રદર્શિત કર્યા બલ્કે તેના પાયા પર જીવન જીવવાની જરૂરી બાબતોની પણ વિગતે ચર્ચા કરી છે. એવા એક ધર્મ પાસે તો અપેક્ષા રાખી શકાતી હતી કે તે સ્ત્રી બારામાં વાસ્તવિકતા મુજબના વિચારો પ્રદર્શિત કરશે. પરંતું તે આપણી સમક્ષ એવા ખયાલો રજુ કરે છે કે, ''પુરૂષ નેક સ્વભાવ અને સારી આદતોવાળો છે અને સ્ત્રી કુટેવોવાળી અને પ્રપંચી છે. માણસ વંશજની પ્રથમ વ્યક્તિ હઝરત આદમ عليه السلام જન્નતમાં એશઆરામથી જિંદગી પસાર કરતા હતા કેમ કે આપ ખુદા તઆલાના આજ્ઞાંકિત હતા. પરંતું તેમના પત્ની હવ્વાએ સૌ પ્રથમ ખુદાની આજ્ઞાના ઉલંઘન માટે પ્રેર્યા અને તેમને એવું ફળ ખવડાવ્યું જેને ખાવાની ખુદા તઆલાએ તેમને મના કરી હતી. પરિણામે આપને ખુદાની નેઅમતોથી વંચિત કરી દેવામાં આવ્યા અને આપને મુશ્કેલીઓ તથા તકલીફોની જિંદગી નસીબ થઈ.''

'અહદનામા કદીમ'માં છે કે, જ્યારે ખુદા તઆલાએ હઝરત આદમથી દર્યાફત કર્યું (પુછ્છા કરી) કે, શું તેં ઝાડનું ફળ ખાધુ જેના માટે તને હુકમ કર્યો હતો કે તેને ન ખાઈશ ?

તો આદમ عليه السلام એ જવાબ આપ્યો કે, જે સ્ત્રીને તેં મારી સંગાથે કરી છે તેણે મને આ ઝાડનું ફળ આપ્યું અને મેં ખાધુ.

તો ત્યાર બાદ અલ્લાહ તઆલાએ હઝરત હવ્વાને ફર્માવ્યું કે, હું તારા હમલ (ગર્ભ)ની પીડાને વધારીશ અને તુ પીડા સાથે બાળકને જન્મ આપીશ. અને ખેંચાણ તારું તારા પતિ પ્રત્યે હશે અને તે તારા ઉપર હુકૂમત (સત્તા) ચલાવશે. *(પૈદાઈશ, ભાગ–૩)*

આ પ્રમાણે ગિત્તી પ્રકરણ–૩ નો અભ્યાસ કરો તો સ્ત્રીના માટે એવા નિયમો મળશે કે, તેણી તદ્દન લાચાર તથા મઝલૂમ (જેના પર જુલ્મ થયો હોય) જણાશે. એટલે સુધી કે યહૂદી કાનૂનની રૂએ પુરૂષ વારસની હાજરીમાં સ્ત્રી વારસાથી વંચિત થઈ જાય છે. એ જ પ્રમાણે સ્ત્રીને બીજા લગ્નનો હક ન હતો. *–(ઈન્સાયકલો પિડિયા બર્ટાનિકા)*

## ★ ઈસાઈયત અને સ્ત્રી ★

સ્ત્રીની સાથે ઈસાઈયતનું વલણ તો એથીયે અધિક અણછાજતું રહ્યું છે. તેનાથી સ્ત્રીને જેટલી નીચી કક્ષામાં ફેંકી શકાય તેટલી ફેંકી દીધી. સ્ત્રીના અનુસંધાનમાં ઈસાઈયત (ક્રિશ્ચયન, નસરાનિયત)ની ભાવનાઓનું અનુમાન તો **તરતૂલીસ** ના આ શબ્દો વડે લગાડી શકાય છે :–

''સ્ત્રીઓ ! તમે નથી જાણતી કે તમારામાંથી દરેક હવ્વા છે. ખુદાનો ફત્વો જે તમારી જાતિ પર હતો તે હજી પણ તમારામાં મૌજૂદ છે તો પછી જુર્મ (ગુનોહ) પણ તમારામાં મૌજૂદ હશે. તમે તો શૈતાનનો દરવાજો છો, તમે જ તો સરળતાપૂર્વક ખુદાની તસવીર એટલે પુરૂષને બગાડયો.''

## ★ સેન્ટપાલ પોતાના એક પત્રમાં લખે છે કે ★

''સ્ત્રીએ મૂંગા મોઢે શ્રેષ્ઠ કક્ષાનું આજ્ઞાંકિતપણુ શીખવું જોઈએ. અને હું ઈજાઝત નથી આપતો કે તેણી શીખવાડે અથવા પુરૂષ પર હુકમ ચલાવે, બલ્કે ચૂપચાપ રહે. કેમ કે પ્રથમ આદમ ત્યાર બાદ હવ્વા બનાવવામાં આવ્યાં. અને આદમે ધોકો નથી ખાધો બલ્કે સ્ત્રી ધોકો ખાઈને ગુનાહમાં પડી.'' *(થેમ્થસના નામે પુલિસનો પ્રથમ પત્ર, ભાગ–૨)*

એક અન્ય ખતમાં લખ્યું છે કે ''વળી હું તમને જાણ કરવા ઈચ્છું છું કે, દરેક પુરૂષનુ માથુ મસીહ અને સ્ત્રીનુ માથુ પુરૂષ અને મસીહનુ માથુ ખુદા છે. તે (પુરૂષ) ખુદાની સૂરત (રૂપ) અને જલાલ (મહાનતા) છે પણ સ્ત્રી પુરૂષનો જલાલ છે. એટલા માટે કે પુરૂષ સ્ત્રીથી નથી બલ્કે સ્ત્રી પુરૂષથી છે અને પુરૂષ સ્ત્રીના માટે નથી બલ્કે સ્ત્રી પુરૂષના માટે છે. વળી ફરિશ્તાઓના સબબે સ્ત્રીએ જોઈએ કે પોતાના પર તાબા હેઠળ હોવાની નિશાની રાખે.''

## ★ આપણા ત્યાં (ભારત)ની વાત ★

હિન્દુઓમાં વિખ્યાત કાનૂન બનાવનાર મનુરાજે સ્ત્રીના બારામાં કહ્યું છે કે, સ્ત્રી બાળપણમાં પોતાના મા બાપને આધિન રહે અને યુવાનીમાં પતિના કબજામાં અને વિધવા થયા બાદ પોતાના પુત્રોના ઈખ્તિયારમાં રહે, સ્વઅધિકારી (ખૂદ મુખ્તાર) બનીને કદી પણ ન રહે. *(મનુ સ્મૃતિ, ૫–૧૪૮)*

''સ્ત્રી માટે કુર્બાની (ભોગ) અને વ્રત કરવું પાપ છે, (તેણીએ) કેવળ પતિ સેવા કરવી જોઈએ. સ્ત્રીએ જોઈએ કે પોતાના પતિના મૃત્યુ પછી બીજા પતિનું નામ પણ ન લે, ઓછા ખોરાક સાથે પોતાના જીવનના દિવસો પૂરા કરે.'' *(૧૫૫–૧૫૭ :૫)*

જૂઠુ બોલવું સ્ત્રીઓની અંગત ખાસિયત છે. *(૯–૧૭)*

ચાણક્ય બ્રાહ્મણ લખે છે : દરિયો, સશસ્ત્ર સૈનિક, પંજા અને શિંગડાં ધરાવતાં પ્રાણીઓ, બાદશાહ તથા સ્ત્રી પર ભરોસો કરવો જોઈએ નહીં. *(ચાણકય નીતિ, ૧–૨૫)*

જૂઠુ બોલવું, વગર વિચાર્યે કામ કરવું, છેતરપિંડી, મૂર્ખામી, લાલચ, નાપાકી, નિર્દયતા આ સ્ત્રીની જન્મજાત ખામીઓ છે. (બ.૨)

શાહઝાદાઓ પાસેથી રહણીકરણીની સભ્યતા, આલિમો (વિધ્વાનો) પાસેથી મધુર વાણી, જૂગારીઓ પાસેથી દગાબાજી અને સ્ત્રીઓ પાસેથી પ્રપંચ શીખવો જોઈએ. *(બ: ૧૮–૮)*

આગ, પાણી, નર્યો અજ્ઞાની, સાપ, શાહી ખાનદાન અને સ્ત્રી આ સર્વે બરબાદીના સબબો છે, તેમનાથી સાવચેત રહેવું જોઈએ. *(૧૫–૫)*

મિત્ર સેવા કરનારને અને સ્ત્રી ગરીબ માણસને ત્યજી દે છે અને જયારે તે ધનવાન થઈ જાય છે તો પછી તેની પાસે આવી જાય છે. *(૧૫–૫)*

વળી સતી પ્રથા પોતે જ એ વાત પુરવાર કરે છે કે અહીં સ્ત્રીના કોઈ નિશ્ચિત અસ્તિત્વને સમજવામાં આવતુ નથી અને પતિના મૃત્યુની સાથે તેણી પાસેથી પણ જિંદગીનો હક્ક છીનવી લેવામાં આવે છે.

## ★ સ્ત્રી પર ઈસ્લામના એહસાનો ★

દુનિયાના ધર્મોના તમે અભ્યાસ કરતા જશો તો દરેક ઠેકાણે સ્ત્રી મજબૂર તથા મઝલૂમ (શોષણ પામેલ) જોવા મળશે, સેવિકા તથા બાંદી જોવા મળશે. પરંતુ ઈસ્લામે આ મઝલૂમ (જુલ્મ પામેલ) તબકા પર એટલા પ્રમાણમાં એહસાનો કર્યા છે કે જેની ગણત્રી નથી થઈ શકતી. સૌ પ્રથમ તો તેણે એ વાતને સખ્તી સાથે રદિયો આપ્યો કે તેણીનો સંબંધ શૈતાનથી છે. કુર્આને અઝીમે એ હકીકતને સ્પષ્ટ કરી આપી કે સ્ત્રી પણ એવી જ રીતે સજીવ અને માનને પાત્ર છે જેવી રીતે પુરૂષ છે. કેમ કે બંને એક માં બાપનાં સંતાન છે. બંને પર પોતાના કાર્યોની અલગ અલગ જિમ્મેદારી છે અને કોઈને બીજાનાં કાર્યો તથા અમલો માટે જિમ્મેદાર ઠરાવી શકાતું નથી. *(સૂ. નિસાઅ, આ–૩૨)*

એ જ પ્રમાણે ઈસ્લામે વારસામાં છોકરીને પોતાના ભાઈની ભાગીદાર ઠરાવી અને પતિના મૃત્યુ બાદ તેના વારસામાંથી તેણીને એક નિશ્ચિત હિસ્સાની વારસદાર બનાવી. માં બાપ પર તેણીના ઉછેરની જિમ્મેદારી લાગુ પાડી અને તેણી સાથે ફરજો અદા કરવાની તાકીદ કરી. માં બાપથી વિદાય લીધા બાદ જ્યારે તેણી નિકાહના સંબંધ હેઠળ પોતાના પતિને ત્યાં જાય છે તો ત્યાં પણ તેણીના નિશ્ચિત હક્કો નક્કી કરવામાં આવ્યા. પુરૂષને તેણીના ભરણપોષણનો જિમ્મેદાર ઠરાવવામાં આવ્યો અને પુરૂષને એ વાતનો પાબંદ કરી દેવામાં આવ્યો કે તે તેણીના સાથે નમ્રતા તથા ભલાઈપૂર્ણ વર્તાવ કરે. પત્નીના સંબંધમાં જોડાતી વખતે તેણીના રાજીપાને જરૂરી ઠરાવવામાં આવ્યું. જો તેણી પોતાના પતિની સાથે રહી શકે તેમ ન હોય તો 'ખુલઅ' દ્વારા જુદા થઈ જવાનો અધિકાર તેને આપવામાં આવ્યો. ઈસ્લામે સ્ત્રી પર જેટલા પ્રમાણમાં એહસાનો કર્યા છે તેનો એક ગૈર મુસ્લિમ સ્ત્રીએ આ પ્રમાણે સ્વીકાર કર્યો છે :–

## ★ ગૈર મુસ્લિમ સ્ત્રીનો એકરાર ★

"મુહમ્મદ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના આગમન થતાં પહેલાં સ્ત્રી સમાજમાં એકદમ હલકી માનવામાં આવતી હતી. તેની સ્થિતિ નિર્જીવ ચીજની જેમ હતી અને આ બધું યહૂદી પાદરીઓની તાલીમનો પ્રભાવ અને પરિણામ હતું. બેઈજ્જતી તેણીનું નસીબ બની ચૂકી હતી. તેણી ઘરના અન્ય સામાનોની જેમ એક હાથમાંથી બીજા હાથમાં ફરતી રહેતી હતી અને મરનારના વારસદારો જે રીતે ઈચ્છતા તેણીથી લાભ ઉઠાવતા. તેણીની રક્ષા તથા દેખરેખની કોઈ વ્યવસ્થા ન હતી. કોઈ કાનૂન એવો ન હતો જે તેણીનું રક્ષણ કરે. વારસામાં તેણીના માટે કોઈ હિસ્સો ન હતો. નબી અકરમ ﷺ ને સ્ત્રીની આ મઝલૂમિયત (જુલ્મ વેઠતી સ્થિતિ) કોઈ કાળે માન્ય ન હતી. તેમણે આ નિરાધાર મખ્લૂકને બેઈજ્જતીના સ્થાનેથી ઉઠાવીને પુરૂષોની લગોલગ ઈજ્જત તથા અદબના સ્થાને ઉભી કરી અને પુરૂષ તથા સ્ત્રી વચ્ચે સમાનતાની તાલીમ આપી. તેમણે પુરૂષોના શયનકક્ષમાં સ્ત્રીઓના અમર્યાદિત પ્રવેશ પર પાબંદી લગાડી. તેમણે નિકાહના સંબંધને પવિત્રતા આપી અને સ્ત્રીને વારસાના તથા 'ખુલઅ'ના હક્કો અતા કર્યા. પુરૂષ પર સ્ત્રીના ભરણપોષણની જિમ્મેદારીઓ નિયુકત કરી. તે ઉપરાંત આં હઝરત ﷺ એ યતીમો, લાચારો અને વિધવાઓના ભરણ પોષણ કરનારાઓ અને તેમની મદદ કરનારાઓને ખુદાને ત્યાં મહાન બદલાના હકદાર ઠરાવ્યા. હુઝૂરે સંસ્કૃતિની પ્રગતિમાં સ્ત્રીઓની સેવાઓને સંપૂર્ણપણે સ્વીકારી. અને એ કારણે તેમની આધ્યાત્મિક તથા અખ્લાકી (સંસ્કારિક) પ્રગતિને ઈસ્લામી કાયદામાં ખૂબ જ પ્રમાણમાં મહત્વ આપ્યું.

એ દૌરમાં જ્યારે હુઝૂર દુનિયામાં તશરીફ લાવ્યા તો દુનિયાની રીત ભાતમાં અસામાન્ય ક્રાંતિ હતી. અને તેનાથી જે ફેરફારો થયા તેને કોઈપણ યુગમાં ભૂલાવી શકાય તેમ નથી. *(મિસ નિલવરી, મુસ્લિમ વર્લ્ડ, ન્યુયોર્ક, જાન્યુ. ૧૯૪૦)*

# ઇસ્લામમાં સ્ત્રીનો મકામ અને મર્તબો

**અઝ** : હાફેઝ મુહમ્મદ સરફરાઝ (ઘંટીવાલા) દયાદરવી *(મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ્ અશ્રફિયહ્, મુબારકપુર)*

**પ્યારા વાંચકો !** પ્રસ્તુત લેખ બરકાતે ખ્વાજા (માસિક) અંક તરફથી શરૂ કરેલ તલબા માટેની લેખ હરીફાઈમાં "**પ્રથમ નંબર**" લાવ્યો છે. **જનાબ હાફેઝ મુહમ્મદ સરફરાઝ ઘંટીવાળા દયાદરવી** હાલ વિ□વિખ્યાત અરબી યુનિવર્સિટી **જામિઆ અશ્રફિયા-મુબારકપુર (યુ.પી.)** ખાતે આલિમ ફાઝિલની તા'લીમ હેઠળ છે. તેમણે ગુજરાતી લખાણ ખૂબ જ સુંદર અક્ષરોમાં તથા લગભગ એક પણ જોડણીની ભૂલ વિના આ લેખ ખૂબ જ તરતીબવાર દલીલબદ્ધ લખ્યો છે એ બદલ અમો એમને મુબારકબાદ આપીએ છીએ તથા તેમની કલમની તરક્કી માટે દુઆ કરીએ છીએ. *–તંત્રી બરકાતે ખ્વાજા*

वजूदे ज़न से है तस्वीरे काईनात में रंग
उस्के साज़से है ज़िंदगी का सोज़े दरुं

## હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આગમન પહેલાં ઔરતની હાલત

હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આગમન થતાં પહેલાં સ્ત્રી સમાજમાં એકદમ હલકી માનવામાં આવતી હતી. તેની સ્થિતિ નિર્જીવ ચીજની જેમ હતી. બેઈજ્જતી તેણીનું નસીબ બની ચૂકી હતી. તેણી ઘરના અન્ય સામાનોની જેમ એક હાથમાંથી બીજા હાથમાં ફરતી રહેતી હતી અને મરનારના વારસદારો જે રીતે ઈચ્છતા તેણીથી લાભ ઉઠાવતા. તેણીની રક્ષા તથા દેખરેખની કોઈ વ્યવસ્થા ન હતી. કોઈ કાનૂન એવો ન હતો જે તેણીનું રક્ષણ કરે. અલ્લામા ઝમખશરી પોતાની "તફસીરે કેષાફ"માં સૂરએ તકવીરની એક આયતની તશ્રીહ (ખુલાસો) બયાન કરે છે કે, જ્યારે બાળકીની ઉંમર છ (૬) વર્ષની થઈ જતી તો પતિ પત્નીને કહેતો કે, તેણીને ખૂશ્બુ લગાડ અને અલંકારો શણગાર. પછી તે પતિ પત્નીને કહીને તે લાચાર બાળકીને પોતાના સગા સંબંધીઓને ત્યાં મુલાકાત માટે લઈ જતો અને છેવટે જંગલ તરફ પ્રયાણ કરતો અને ત્યાં એક ઊંડો ખાડો ખોદતો અને તે બદ્નસીબને તેના કિનારે ઉભા રહેવાનો હુકમ કરતો અને તે બાળકીને કહેતો કે ખાડામાં ધ્યાનપૂર્વક જુએ અને તે જ સ્થિતિમાં તેણીને ધક્કો મારીને ખાડામાં ફેંકી દેતો અને તેના ઉપર માટી નાખીને તેને દાટી દઈ જમીન સરખી કરી દેતો."

ઈબ્ને જરીરે પોતાની તફસીરે તિબરીમાં વર્ણવ્યું છે કે "સ્ત્રી પોતાના પતિના મૃત્યુ બાદ તેના વારસોના હાથમાં જતી રહેતી, વિધવાનું માલિકીપણું પ્રાપ્ત કરવા માટે તેણીના ઉપર એક ચાદર ઓઢાડી દેવામાં આવતી અને તે એ વાતની નિશાની હતી કે હવે સ્ત્રી ચાદર ઓઢાડનારના કબજામાં આવી ચૂકી છે. જો આ આફતો પામનારી સ્ત્રી સુંદર હોય તો તેણીને પોતાની પાસે રાખી લેતો, નહીં તો તે કોઈ બીજાના હાથમાં ઘણી જ નિર્લજ્જપણે તેણીને વેચી મારતો."

યૂરોપમાં સ્ત્રી કોઈપણ પ્રકારની બાબતમાં સ્વતંત્ર ન હતી. તેણી પોતાની મરજીથી કોઈ નિર્ણય કરી શક્તી ન હતી. એટલે સુધી કે એવી પણ છૂટ ન હતી કે તે પોતે કમાઈને પોતાના માટે ખર્ચ કરી શકે અને પોતાની પસંદગીથી શાદી કરે. છોકરીઓ માં બાપની મિલ્કત ગણાતી હતી. તેઓ જેની સાથે પણ ઈચ્છતા તેમની શાદી કરાવી આપતા. શાદી એક વેપાર ગણાતો જેના દ્વારા માં બાપ પોતાના પુત્રો પુત્રીઓને વેચતા રહેતા હતા. સ્ત્રીની સાથે ઈસાઈયતનું વલણ ઘણુ અણછાજતુ રહ્યું છે. સ્ત્રીને જેટલી નીચી કક્ષામાં ફેંકી શકાય તેટલી ફેંકી દીધી.

## હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આગમન બાદ ઔરતોની હાલત

હુઝૂરને સ્ત્રીની આ મઝલૂમિયત કોઈ કાળે માન્ય ન હતી, તેમણે આ નિરાધાર મખ્લૂકને બેઈજ્જતીના સ્થાનેથી ઉઠાવીને પુરૂષોની લગોલગ ઈજ્જત તથા અદબના સ્થાને ઊભી કરી અને પુરૂષ તથા સ્ત્રી વચ્ચે સમાનતાની તા'લીમ આપી. તેમણે નિકાહના સંબંધને પવિત્રતા આપી અને સ્ત્રીને વારસાના તથા ખુલઅના હક્કો અતા કર્યા. પુરૂષ પર સ્ત્રીના ભરપોષણની જિમ્મેદારીઓ નિયુક્ત કરી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સંસ્કૃતિની પ્રગતિમાં સ્ત્રીઓની સેવાઓને સંપૂર્ણપણે સ્વીકારી. અને એ કારણે તેમની આધ્યાત્મિક તથા અખ્લાકી પ્રગતિને ઈસ્લામી કાયદામાં ખૂબ જ પ્રમાણમાં મહત્વ આપ્યું. ઈસ્લામ ધર્મમાં સ્ત્રીને જે મકામ અને મર્તબો મળ્યો છે એવો મકામ અને મર્તબો બીજા કોઈપણ ધર્મમાં નથી મળ્યો. સ્ત્રીને આવો ઉચ્ચ મકામ નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ આપ્યો છે કારણ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્ત્રીઓ સાથે સારા વર્તાવની તા'લીમ ન આપી હોત અને સ્ત્રીઓના હક્કો નક્કી ન કર્યા હોત તો પહેલાંની જેમ જ અત્યારે સ્ત્રીનો મકામ હોત કે પહેલાં છોકરીઓને પૈદા થવાની સાથે જ દફન કરી દેવામાં આવતી હતી. લોકો છોકરાની પૈદાઈશ પર ખુશ થતા હતા અને છોકરીઓની પૈદાઈશ પર નારાજ થતા હતા તો આવી હાલતમાં ઈસ્લામનો દીપ સળગ્યો અને લોકોની અક્કલો ઉપર પડેલા અજ્ઞાનતાના પડદા હટી ગયા ત્યારે ઔરતોને હક્ક મળ્યો અને લોકોમાં એમને પણ ઈજ્જત આપવામાં આવી. અને આ તા'લીમ માટે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને છોકરીઓ આપવામાં આવી કે આપનો પોતાની છોકરીઓ સાથે સુંદર વર્તાવ જોઈ લોકો સબક શીખે.

## ઔરત પર ઈસ્લામના એહસાન

દુનિયાના ધર્મોનો તમે અભ્યાસ કરતા જશો તો દરેક ઠેકાણે સ્ત્રી મજબૂર તથા મઝલૂમ જોવા મળશે. સેવીકા તથા બાંદી જોવા મળશે. પરંતુ ઈસ્લામે આ મઝલૂમ તબકા પર એટલા પ્રમાણમાં એહસાનો કર્યા છે કે જેની ગણત્રી નથી થઈ શક્તી. સૌ પ્રથમ તો તેણે એ વાતને સખ્તી સાથે રદિયો આપ્યો કે તેણીનો સંબંધ શૈતાનથી છે. કુર્આને હકીમે એ હકીકતને સ્પષ્ટ કરી આપી કે સ્ત્રી પણ એવી જ રીતે સજીવ અને માનને પાત્ર છે જેવી રીતે પુરૂષ છે. કેમ કે બંને એક માં બાપનાં સંતાન છે. બંને પર પોતાના કાર્યોની અલગ અલગ જિમ્મેદારી છે અને કોઈને બીજાના કાર્યો તથા અમલો માટે જિમ્મેદાર ઠરાવી શકાતુ નથી. *(સૂરએ નિસાઅ, આયત–૩૨)*

ઈસ્લામના આ ઉમદા પૈગામો, ઉપદેશો માત્ર ઔરતો માટે જ છે. ઔરતોને એમની ઈજ્જતનો એટલો વિચાર નથી જેટલી તેમની પવિત્રતાની રક્ષા મઝહબે ઈસ્લામે કરી છે. ઈસ્લામે ઔરતને અતિ બેઈજ્જતીમાંથી બહાર કાઢીને ઈજ્જત તથા મહાનતાની ઉચ્ચ ચોટી પર ખડી કરી દીધી, દરેક પ્રકારની મુક્તિઓથી નવાજી, જન્મથી લઈને નિકાહ અને બીજી બાબતોમાં પુરૂષોની જેમ ઈખ્તેયાર આપ્યો. ઔરતને મર્દની જેમ માલ દૌલતમાં હિસ્સેદાર ઠરાવી. ઔરતની હૈસિયત એક

ગુલામથી વધારે ન હતી, દુનિયાએ ઔરતને ઠુકારવી દીધી હતી, ઔરત મુરઝાયેલ ચહેરા પર તાજગીનો પાવડર કોણે માલીશ કર્યો ?! ઔરતોને પોતાનો ખોવાયેલ વકાર ક્યાંથી પાછો મળ્યો ?! ઔરતને ઈસ્લામે મહાન કરી. દુનિયાએ ઔરતને બુરાઈ તથા ઝઘડાની જડ ગણી નાખી હતી પણ ઈસ્લામે ઔરતને અમ્નો શાંતિ અને ચૈન પામવાનું સ્થાન ગણાવી. ઔરતનું અસ્તિત્વ દુનિયાના માટે જહન્નમ કલ્પવામાં આવતુ હતું પણ ઈસ્લામે ઔરતના કદમો નીચે જન્નત રાખી દીધી, ઔરતને ઈજ્જત, આબરૂ અને ચારિત્રની મહામૂલી દૌલતથી નવાઝવા માટે ઈસ્લામે એમને પર્દાનો હુકમ આપ્યો અને પર્દાનો મકસદ એમના હુસ્નો જમાલ અને ઈજ્જત આબરૂની અનમોલ દૌલતને લાલચુ નજરોથી બચાવવું છે. જ્યારે કે ઈસ્લામ દુશ્મન મઝહબો પર્દા પર વાંધો ઉઠાવી કહે છે કે, પર્દો સ્ત્રીઓની બેઈજ્જતી છે ! સ્ત્રીની આઝાદીનો દુશ્મન છે, પર્દો સ્ત્રીનો હક્ક મારે છે. હકીકતમાં તેઓ ઔરતોના શુભેચ્છક નથી પરંતુ બુરું ઈચ્છનાર છે. તેઓ ઔરતોની ઈજ્જત, આબરૂ, પવિત્રતા અને સ્ત્રીત્વમય વકારના દુશ્મન છે. તેઓને એટલું પણ ભાન નથી કે બેપર્દગીના કારણે ઝિના, અપહરણ અને કતલ જેવી લડાઈ ઝઘડાની સંખ્યામાં તેજીની સાથે વધારો થયો છે. આપણા હિંદુસ્તાનમાં જ પ્રતિ દિન અખબરોમાં જોવા મળે છે કે આ ખરાબીઓ ખૂબ જ તેજીની સાથે આગળ વધી છે જેનાથી હુકૂમત બેચૈન અને લાજવાબ નજર આવે છે. તા. ૮–ઓકટોબર–૨૦૦૪ શુક્રવારના સંદેશ અખબારમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓએ નવજવાન યુવતીઓ સાથે બળપૂર્વક સંભોગ કર્યો હોવાની ખબર છપાઈ છે. ઈસ્લામ સિવાય જેટલા મઝહબો છે તેઓ ઔરતોની ઈજ્જતની હિફાઝત કરવાને બદલે તેઓની ઈજ્જતને નિલામ કરે છે. જેમ કે ધાર્મિક પ્રસંગને નામે નાચગાન વગેરે તમાશા થાય છે, પરંતુ ઈસ્લામે આ ખરાબીઓને રોકવા માટે સખ્ત સજાઓ નક્કી કરી છે. દુનિયામાં વ્યભિચારની એવી સજા કુર્આને નિશ્ચિત ઠરાવી કે જો વ્યભિચારી પુરૂષ અને સ્ત્રી અપરણિત હોય તો તેમને સો કોરડાઓ મારવામાં આવે અને તેમના પર જરાય પણ દયાભાવના નહીં કરવામાં આવે અને જો વ્યભિચારી બંને જણ પરણિત હોય તો તેઓને જાહેર મજમામાં પથ્થરો વડે મારી મારીને ત્યાં સુધી પથ્થરમારો કરવામાં આવશે કે જેથી તેઓ મૃત્યુ પામે અને આ મુજરિમોની સાથે જરા પણ દયાભાવનાનો વર્તાવ કરવામાં આવશે નહીં. આજે પણ દુનિયાની કૌમ બરબાદ થાય છે તો તેનું મોટુ કારણ એ જ છે કે તેઓની ઔરતો બેપર્દા થઈ બહાર નીકળે છે. નગ્નતાભર્યા પોશાક હોય છે, સ્વચ્છંદતાભર્યા વર્તાવ હોય છે જે ગૈર મર્દને તેના તરફ આકર્ષે છે તથા ખામીયુક્ત કાનૂનોને કારણે બળાત્કારીઓ બદ્‌માશો છટકી જતા હોય છે જેના કારણે સ્ત્રીઓના અપહરણ તથા બળાત્કારના વગેરે બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. એટલે ઈસ્લામે સ્ત્રીની ઈજ્જત સાચવવા ખાતર જ સખત કાયદા રાખ્યા અને આજથી ચૌદસો વર્ષ પૂર્વે હુઝૂર સરવરે કાઈનાત ﷺ એ પર્દા વિશે ફર્માવ્યું કે સ્ત્રી પર્દામાં રહેવાની વસ્તુ છે જે સમયે તે પોતાના ઘરેથી બહાર નીકળે છે તો શૈતાન તેને પુરૂષોની નજરોમાં ખૂબસૂરત કરીને દેખાડે છે. *(તિર્મિઝી શરીફ)*

## ઈસ્લામમાં ઔરતની ફઝીલત

નેક સ્ત્રી દુનિયાની સૌથી મોટી નેઅમત છે. રહમતે આલમ ﷺ નો ઈર્શાદે ગિરામી છે : દુનિયા લાભ ઉઠાવવાની ચીજ છે અને સૌથી શ્રેષ્ઠ ચીજ નેક સ્ત્રી છે. *(મુસ્લિમ)*

સ્ત્રી શારીરિક અને પેદાઈશી હેસિયતથી અતિશય અશક્ત અને નમણી હોય છે એટલા માટે તેના દિલને રાજી રાખવાની વધારે અગત્યતા હોય

છે. સૂરએ નિસાઅમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :– "તમે સ્ત્રીઓની સાથે ખૂબ જ સારા તરીકાની સાથે જિંદગી પસાર કરો. તેણીઓ તમને પસંદ નથી તો બની શકે છે કે તમને એક (કોઈ) ચીજ પસંદ ન આવે અને અલ્લાહ તઆલાએ તેમાં મોટી ખૂબી રાખેલી છે." *(સૂરએ નિસાઅ)*

હજ્જતુલ વિદાઅના એક લાંબા ખુત્બામાં સ્ત્રીઓના હક્કમાં વસિયત ફર્માવી અને ફર્માવ્યું કે હું તમને સ્ત્રીઓ સાથે ભલાઈ કરવાની વસિયત કરું છું તો તમે આ વસિયતનો સ્વીકાર કરી લો, યકીનન ! સ્ત્રીઓ પાંસળીમાંથી પૈદા કરવામાં આવેલી છે અને પાંસળી વાંકી હોય છે, જો તમે પાંસળીને સીધી કરવા ઈચ્છો તો તૂટી જશે અને જો તેના હાલ પર છોડી દેશો તો વાંકી જ રહેશે, હું તમને સ્ત્રીઓની સાથે ભલાઈની વસિયત કરું છું તો તમે તેને જરૂરથી માનો. *(બુખારી તથા મુસ્લિમ)*

હઝરત અબૂ સુલૈમાન علیہ الرحمۃ والرضوان ફર્માવ્યા કરતા હતા કે સ્ત્રી દુનિયાદારીની ચીજોમાંથી નથી બલ્કે સ્ત્રી આખેરતના સામાનોમાંથી છે જે તને દીની કામો માટે ફુરસદ તથા સહુલત આપે છે.

હઝરત ઉમર رضی اللہ عنہ નો ઈર્શાદ છે : ઈમાન પછી પાકીઝા સ્ત્રીથી વધીને કોઈ નેઅમત નથી જે દીની કામોમાં તારી મદદ કરે છે. હદીષ શરીફમાં છે કે, પોતાની પત્નીને ખર્ચો આપવો એ જેહાદમાં સદકો આપવાથી અફઝલ છે. *(કીમીયાએ સઆદત)*

સમાજનો નિઝામ ચલાવવા માટે સમાજમાં ઔરતના ત્રણ મકામ ખાસ છે : (૧) **માં** (૨) **બીવી** (૩) **બેટી.** આ ત્રણ મર્તબાની અઝીમ ફઝીલત કુર્આન શરીફ અને હદીષ શરીફથી સાબિત છે. માંના મર્તબાના બારામાં કહેવામાં આવ્યું છે કે : **(૧)** હશ્રના દિવસે ઈન્સાન પોતાની માં ના નામે ઓળખવામાં આવશે. **(૨)** માં ના અદબને નઝરમાં રાખી કહેવામાં આવ્યું કે માં ને ઉફ પણ ન કહો. (ચાહે તે કેવી પણ હોય).

બીવીના બારામાં કહેવામાં આવ્યું છે કે બીવી મર્દનું અડધું ઈમાન છે અને તેનાથી નેક ઔલાદ બાકી અડધું ઈમાન છે.

બેટીની ફઝીલતના બારામાં હદીષ શરીફમાં છે કે જેની ત્રણ બેટીઓ હોય અને તે એમનું સારી રીતે પાલન પોષણ કરે તો તે જન્નતી છે એટલે સુધી કે અગર બે બેટીઓ બલ્કે માત્ર એક બેટી પણ હોય તો એનું સારું પાલન પોષણ જન્નતનું સર્ટિફિકેટ છે. *(સંપૂર્ણ)*

## પશ્ચિમીઓ ! તમારે તો છેવટે "ઘરડા ઘરમાં" જ મરવાનું છે !

હે પશ્ચિમવાસીઓ ! ઈસ્લામના દામનમાં આવી જાવ ! એની પ્યારી તા'લીમને માથે ચડાવી લો તો બંને જહાનમાં આરામ છે, નહીં તો ઔલાદ હોવા છતાં ક્યાંક **"ઘરડાં ઘર"** (**Old's House**)માં ટાંટીયા ઘસતાં ઘસતાં મરવાનું ન થાય ! તે યાદ રાખશો. આવો ! ઈસ્લામ માં બાપની ઈજ્જત કરવાની કેવી તા'લીમ આપે છે, જુઓ ! રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **"માંના કદમો નીચે જન્નત છે."** ફર્માવ્યું કે અલ્લાહે લોહે મેહફૂઝ પર લખી દીધું છે કે, "હું ખુદા છું, મારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, **જે શખ્સનાં માંબાપ તેનાથી રાજી છે હું પણ તેનાથી રાજી છું."** એક જગાએ ફર્માવ્યું, "જન્નતની ખુશ્બુ હજાર વરસના અંતર સુધી આવે છે પણ **માં બાપનો નાફર્માન જન્નતની ખુશ્બુ પણ સૂંઘી શક્શે નહીં."** વળી ફર્માવ્યું, **"માં બાપના ચેહરાને મહોબ્બતની નજરથી જોવાથી એક મકબૂલ હજ્જનો સવાબ મળે છે.** સો વાર જુઓ તો ૧૦૦ હજ્જનો સવાબ." *(નુઝહતુલ મજાલિસ, તફસીરે મદારિક વગેરે આમ કિતાબો)*

બતાવો ! જે ધર્મ આટલી તાકીદ કરે તેની ઔલાદ તેના માંબાપની ચાકરી કરશે કે નહીં કરે ?! જરૂર કરશે. તો આ ઈસ્લામ છે સ્ત્રીને માં નો દરજ્જો આપીને તેના કદમો નીચે જન્નત રાખી દીધી ! છે કોઈ આવો સ્ત્રીને મર્તબો તથા માન આપનાર !

★ રજૂકર્તા ★
મૌલાના મુહમ્મદ
શાકિર પટેલ
દયાદરવી
(મુતઅલ્લિમ અલ્
જામિઅતુલ્ અશરફિયહ્,
મુબારકપુર)

# સ્ત્રીઓને તલાકનો અધિકાર કેમ નથી ?!

આ પ્રશ્ન છે તે યૂરોપિયન (કહેવાતા) બુદ્ધિજીવીઓનો જેઓ ઈસ્લામના અન્ય ઘણા કાનૂનોની જેમ "તલાક"ને પણ ટીકા ટીપ્પણનું નિશાન બનાવે છે અને એવો પ્રશ્ન ઉઠાવે છે કે ઈસ્લામ ધર્મએ જ્યારે સમાનતાની તા'લીમ આપી છે તો પછી સ્ત્રીઓને તલાકનો અધિકાર કેમ નથી ?! આ પ્રશ્નના જવાબથી પહેલાં તલાકના મસ્અલાના વિશે ઈસ્લામના સાચા દૃષ્ટિકોણને સ્પષ્ટ કરવામાં આવી રહ્યો છે જેથી સર્વ વાંચકોને આ મસ્અલો સારી રીતે સમજમાં આવે.

**તલાકની વ્યાખ્યા :** શબ્દકોશમાં તલાક પાબંદી ખત્મ કરવાને કહે છે, અને શરીઅતની બોલીમાં ખાસ શબ્દોમાંથી કોઈ શબ્દનો ઉપયોગ કરીને નિકાહને તુરત જ અથવા અમુક સમયગાળા બાદ ખત્મ કરી દેવાનું નામ તલાક છે, ચાહે એ શબ્દોને પતિ ખૂદ બોલે અથવા તેનો વકીલ અથવા કાઝી જેને શરીઅતે અમુક ખાસ સંજોગોમાં પતિનો નાયબ ઠરાવીને તેની રઝામંદી વિના તલાક આપી દેવાનો અધિકાર આપ્યો હોય. *(દુર્રે મુખ્તાર મઅ રદ્દુલ મુહતાર, પેજ-૫૬૯, ૫૭૧)*

## ★ તલાક અને ઈસ્લામી દૃષ્ટિબિંદુ ★

બે અજનબી પુરૂષ તથા સ્ત્રી વચ્ચે નિકાહના થકી જે સંબંધ સ્થાપિત થાય છે તે કાયમી અને જીવનભર માટેનો હોય છે અને નિકાહના વિશેના હુકમોમાં એનો લેહાઝ પણ રાખવામાં આવ્યો છે. ટેમ્પરરી તથા કામચલાઉ સંબંધોનો ક્યાંક કોઈ રિવાજ પણ હતો તો ઈસ્લામ ધર્મએ તેને એક ઝટકે રદ કરી આપ્યો. પરંતુ એ પણ એક હકીકત છે કે લોકોની પ્રકૃતિઓ વિવિધ પ્રકારની હોય છે એટલા માટે કોઈ જરૂરી નથી કે પતિ, પત્નીના સ્વભાવો સમાન હોય. એ જ કારણે કેટલીકવાર સંજોગો એટલા પ્રમાણમાં ગંભીર બની જાય છે કે યોગ્ય સમયે જો બંને વચ્ચે જુદાઈ ન કરવામાં આવે તો સંજોગો સુધરવાને બદલે બગડી જાય. એવા જ સંજોગોના માટે ઈસ્લામી શરીઅતે "તલાક"ને શરીઅત પ્રમાણે માન્ય કરી છે. અલ્બત્ત ! તેના અસ્થાને ઉપયોગ પર સખ્ત ચેતવણીઓ પણ આવી છે. એ જ કારણે "તલાક"ને જાઈઝ ચીજોમાં બુરી સમજવામાં આવે છે.

તલાકના વિશે ઈસ્લામ ધર્મએ એક પદ્ધતિ પણ નિશ્ચિત કરી છે જેની વિરૂધ્ધ વર્તનાર ગુનાહમાં પડનાર ગણાશે. એ પધ્ધતિ અનુસાર તલાકના બે પ્રકારો છે : (૧) તલાકે સુન્નત (૨) તલાકે બિઅદત. જે તલાક તહર એટલે કે એવા જમાનામાં આપવામાં આવે જેમાં પતિએ પોતાની પત્નીથી સંભોગ ન કયો હોય, તો તે "તલાકે સુન્નત" છે. અને જે હૈઝ (માસિક)ની હાલતમાં આપવામાં આવે તેને "બિદઅત તલાક" કહેવામાં આવે છે. "સુન્નત તલાક"ના પણ બે પ્રકારો છે : અહસન તથા હસન. જો એક તહરમાં એક તલાક આપીને છોડી દીધી એટલે સુધી કે ઈદ્દત ગુજરી ગઈ તો તેને અહસન કહેવામાં આવે છે. અને જો દરેક તહરમાં એક તલાક આપવામાં આવી તો એ તલાક હસન કહેવાય છે. સાથોસાથ શરીઅતે એ વાતની પણ સ્પષ્ટતા કરી કે અહસન તરીકો એ જ છે કે એક તહરમાં એક જ

તલાક આપવામાં આવે, એક સામટી ત્રણ તલાકો ન આપવામાં આવે, કેમ કે એવા સંજોગોમાં પતિ પત્નીને વિચારણા કરવાનો ખાસ્સો સમય મળે છે, કે જેથી બાદમાં જો સંજોગો બદલાય જાય અને બંને જણ સહમતિથી એ નિર્ણયે પહોંચે કે અલગ રહેવું યોગ્ય નથી તો ત્રણ તલાકો પૂર્ણ થતા પહેલાં રજૂઅ કરી લે (તલાક પાછી ખેંચી લે.) અને સંબંધ સુધારી લે. અને જો ઈદ્દત ગુજરી ચૂકી છે તો ત્રણ તલાકથી પહેલાં બંને આપસમાં રાજીખુશી સાથે ફરીથી નિકાહ કરી લે. એ જ કારણે એક સાથે ત્રણ તલાકો આપવાને "બિદઅત તલાક" તથા મના ઠરાવવામાં આવેલ છે, કેમ કે એના બાદ ફરીથી નિકાહ કરવાની ગુંઝાઈશ બાકી રહેતી નથી. એકવાર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખબર આપવામાં આવી કે ફલાણા શખ્સે એકી સાથે ત્રણ તલાકો આપી દીધી છે તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ગુસ્સે થઈ ગયા અને ફર્માવ્યું કે, "હવે અલ્લાહની સાથે ખેલ કરવામાં આવી રહ્યો છે ! જ્યારે કે હું જીવતો છું !"

તલાકના માટે બે પ્રકારના શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે : **(૧)** સ્પષ્ટ શબ્દો **(૨)** સાંકેતિક શબ્દો.

**સ્પષ્ટ શબ્દો** : જે કેવળ તલાકના જ અર્થમાં વપરાતા હોય અને જો તેના સિવાય કોઈ અન્ય અર્થ હોય તો તર્ક થઈ ચૂક્યો હોય. સ્પષ્ટ શબ્દો વડે જે તલાક આપવામાં આવે તેનો હુકમ એ છે કે નિય્યત વગર પણ તલાક લાગુ થઈ જશે.

**સાંકેતિક શબ્દો** : એ શબ્દોને કહે છે જે આમ બોલીમાં તલાકના માટે ન હોય બલ્કે તે તલાક તથા ગૈરતલાક બંનેની શક્યતા ધરાવતા હોય. જો કોઈ વ્યક્તિ પોતાની પત્નીના માટે સાંકેતિક શબ્દો વાપરે તો તલાક એ સમયે લાગુ થશે જ્યારે કે તે શબ્દો થકી તેણે તલાકની નિય્યત કરી હોય અથવા એવો કોઈ નિર્દેશ હોય જેનાથી તલાક આપવાનું માલૂમ પડતુ હોય. જે સાંકેતિક શબ્દોનો અધિક પ્રમાણમાં ઉપયોગ તલાકના માટે થતો હોય તેના થકી નિય્યત વિના તથા નિર્દેશ વિના પણ તલાકે બાઈન લાગુ પડી જશે. જેમ કે "તું મારા પર હરામ છે !" સાંકેતિક શબ્દોનો ઉપયોગ કરતી વેળા જો ત્રણ તલાકો અથવા બે તલાકો આપવાની નિય્યત કરવામાં આવી હોય તો એક **તલાકે બાઈન** લાગુ થશે. અને જો ત્રણ તલાકની નિય્યત કરવામાં આવી હોય તો **તલાકે મુગલ્લતા** લાગુ થશે. *(કુતુબે ફિક્હ)*

તલાક લાગુ થવાના માટે ઈસ્લામી શરીઅતે કેટલીક શરતો પણ નિશ્ચિત કરી છે, જેમાં મહત્વની તથા પાયાની શરત એ છે કે તલાક આપનાર આકિલ, બાલિગ તથા તલાક આપતી વખતે હોશ હવાસ (ભાન)માં હોય તથા જાગતો હોય. કેમ કે પાગલ, બાળક, બેહોશ, ભાન ગુમાવેલ અને સૂઈ રહેલા શખ્સની તલાકની શરીઅતમાં કોઈ ગણત્રી નથી. એ જ પ્રમાણે જબરદસ્તીની તલાક પણ અવિ□સનીય છે. જબરદસ્તીથી મુરાદ એ છે કે જાનથી મારી નાખવાની અથવા કોઈ અંગ કાપી નાખવાની, અથવા બેકાર કરી દેવાની વગેરે વગેરેની ખરેખર ધમકી આપવામાં આવી હોય, તેમ જ ધમકી આપનાર તેના માટે શક્તિમાન પણ હોય. નહીં તો મિત્રો, સગાંનો આગ્રહ તથા સામાન્ય મારપીટ અને ધમકીને શરીઅતમાં જબરદસ્તી ગણાશે નહીં.

## ★ યૂરોપિયન કહેવાતા બુદ્ધિજીવીઓના પ્રશ્નનો જવાબ ★

યૂરોપવાસીઓના આ પ્રશ્નનો જવાબ તો ઘણી લાંબી ચર્ચાને પાત્ર છે જે અત્યારે યોગ્ય નથી પણ સંક્ષિપ્તમાં એ જવાબ પૂરતો ગણાશે કે સ્ત્રી, પુરૂષની સરખામણીમાં શોર્ટ ટેમ્પર (જરા જરામાં ગુસ્સે થનાર) અને મામૂલી મામૂલી વાત પર પણ વિના કાંઈ સમજ્યા વિચાર્યા વિના ફેંસલો કરી લે છે. જ્યારે કે પુરૂષ એની સરખામણીમાં વસ્તુસ્થિતિ સમજનાર, મંતવ્ય સોચનાર અને ખૂબ વિચારણા

પછી કોઈ પ્રકારનું ડગલુ ભરે છે. એટલા માટે ઈસ્લામ ધર્મએ સ્ત્રીઓને તલાકનો અધિકાર નથી આપ્યો. કેમ કે તલાકનો અધિકાર આપવાના સંજોગોમાં એ ખતરો હતો કે જો સ્ત્રીઓને એ અધિકાર આપવામાં આવે તો રોજ બરોજ પતિ પત્ની અલગ થતાં રહેશે.

## ★ સ્ત્રીઓના શોર્ટ ટેમ્પરનો હદીષમાં ઉલ્લેખ ★

સ્ત્રીઓના શોર્ટ ટેમ્પર (જરા વાતમાં ગુસ્સે થઈ જવું) અને જરા સરખી વાતમાં પ્રકૃતિ વિરૂધ્ધ થઈ જઈને સર્વ એહસાનો ભૂલી જવાના બારામાં રસૂલે કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :– **(અર્થ)** : "તમે જીવનભર સ્ત્રી સાથે એહસાનોથી ભરપૂર અને બેહતરથી બેહતર વર્તાવ કરતા રહો, તેમ છતાં પણ તેણીએ જો સંજોગોવસાત કોઈ મામૂલી વાત પણ તેની મરજીની વિરૂધ્ધ થતી જોઈ લીધી તો બસ ! તરત જ કહી ઉઠશે કે, "મેં આજ સુધી તારે ત્યાં ભલાઈ જોઈ જ નથી !" *(બુખારી શરીફ, ભાગ–૨)*

## ★ પશ્ચિમી સંશોધકોનાં સમર્થનો ★

નોંધપાત્ર પાસુ એ છે કે આ શરઈ હકીકતનું સમર્થન વર્તમાનકાળના રિસર્ચ સ્કોલર્સ અને પશ્ચિમી સંશોધકોનાં નિવેદનો થકી પણ થાય છે, જેમ કે દાઈરતુલ્ મઆરિફ (ઈન્સાયકલોપિડિયા)માં છે કે : "મનોવિજ્ઞાનની રૂએ એ હકીકત સાબિત થઈ ચૂકી છે કે પુરૂષ સ્ત્રી કરતાં દરેક લેહાઝથી શારીરિક રીતે ઘણો મજબૂત હોય છે."

ડોકટર દોફારીની જણાવે છે કે :–

"સ્ત્રી શારીરિક રીતે ૧/૩ જેટલી પુરૂષ કરતાં કમજોર હોય છે અને તેની પ્રવૃત્તિઓમાં પણ ચુસ્તીની કમી હોય છે. તેનું દિલ પણ કે જે જિંદગીનું કેન્દ્ર છે તે પુરૂષ કરતાં ૬૦ ગ્રામ જેટલુ નાનું હોય છે અને હલકુ હોય છે અને તેના □સની ક્રિયા પણ પુરૂષ કરતાં કમજોર હોય છે અને ઉષ્મા પણ પુરૂષ કરતાં ઓછી હોય છે, કેમ કે એ વાત સાબિત થઈ ચૂકી છે કે પુરૂષની એક કલાકમાં ૧૧ ગ્રામ જેવી ઓછી થાય છે અને સ્ત્રીની ૬ ગ્રામથી થોડીક વિશેષ ઓછી થાય છે. ડોકટર દોફારીની બીજા એક ઠેકાણે લખે છે કે :–

"શારીરિક તફાવત દરેક પ્રદેશના પુરૂષ તથા સ્ત્રી વચ્ચે હોય છે. અમેરિકાના જંગલી લોકો અને પેરીસના ફોરવર્ડ તથા સુસભ્ય લોકોની વચ્ચે સમાન રીતે મૌજૂદ છે." વધુમાં લખે છે કે મનોવૈજ્ઞાનિક વિદ્યાએ એ વાત પુરવાર કરી આપી છે કે સ્ત્રીનું દિમાગ પુરૂષના દિમાગ કરતાં સરેરાશ ૧૦૦ ગ્રામ જેટલુ ઓછુ હોય છે અને પ્રતિકારક તથા શારીરિક સંતુલન પણ ઓછુ હોય છે એટલે કે પુરૂષના દિમાગ તથા શરીરમાં ૧/૪ ના જેટલુ હોય છે અને સ્ત્રીના દિમાગ તથા શરીરમાં ૧/૪૪ ના જેટલુ હોય છે. એટલા માટે પુરૂષ અધિક હોશિયાર તથા તીવ્ર બુદ્ધિશાળી હોય છે. એક બીજો મનોવૈજ્ઞાનિક ફરક પણ કુદરતી શક્તિઓના કારણે એ બંનેની વચ્ચે એ છે કે, સ્ત્રી જલ્દીથી પ્રભાવિત થઈ જાય છે અને ઉશ્કેરાઈ જાય છે. અને બંનેનો આ ફરક સભ્યતાની પ્રગતિની સાથે સતત વધતો જઈ રહ્યો છે. *(દાઈરતુલ્ મઆરિફ, અઝ : ફરીદ વ જદી, ભાગ–૮)*

આવા જ એક પ્રશ્નનો જવાબ પણ જોઈ લો :

**સવાલ** : નિકાહ કરતી વખતે સ્ત્રીની મરજી તથા કાઝી તથા ગવાહોની જરૂરત ઉભી થાય છે તો તલાકમાં કેમ નહીં ?! કુર્આન તથા હદીષના હવાલાથી જવાબ આપશો.

**જવાબ** : તલાકનો માલિક પતિ છે, તે પોતાની મરજીથી તલાક આપશે, તેને કોઈ રજા લેવાની જરૂરત નથી. કુર્આને હકીમ, સૂરએ બકરહ્માં છે : بِيَدِهٖ عُقْدَةُ النِّكَاحِ. એટલે કે "પતિના હાથમાં નિકાહની ગિરહ (ગાંઠ) છે." *(પા–૨, રૂકૂઅ–૧૫, આયત–૨૩૭)*

જેથી જો તલાકનો માલિક પતિ ન હોત અને એમાં સ્ત્રીની પણ રજા સામેલ હોત (અથવા તેણીને તલાકનો અધિકાર હોત) તો જીવન વ્યવસ્થા વેરવિખેર થઈ જાત. પત્ની જ્યારે ચાહે મામૂલી સરખી વાત પર નારાજ થઈને ઘરેથી ભાગી જાત અને જ્યાં ફાવે ત્યાં ચાલી જાત, જેથીના ચાહે નિકાહ કરી લેત. અને પતિ પણ પત્નીઓને ઘરના રહસ્યોમાં શરીક ન કરત, અને ન તો તેણીઓને પોતાના ખજાનાઓનો માલિક બનાવત અને કશાય ભય તથા ખતરા વિના મુસાફરી ન કરી શક્તે, બલ્કે પત્નીઓને લોંડી તથા બાંદીની જેમ રાખતે, મારપીટ કરતે, તેણીઓને સતાવતે.

તલાકનો માલિક પતિ છે એ અલ્લાહ તથા રસૂલનો નિશ્ચિત કરેલો કાનૂન છે. એમાં અલ્લાહની ઘણી મહાન હિકમત છે. જરૂરી નથી કે બંદો દરેક હિકમતથી માતિહગાર થાય. આ અલ્લાહની હિકમતમાં કોઈને ટીકા ટીપ્પણની ઈજાઝત નથી.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી رضی اللہ عنہ લખે છે કે :–

ان الحكم يكون لحكمة ولكن العباد مامورون باتباع الحكم دون الحكمة۔

**અર્થ** : "હુકમ હિકમતના માટે હોય છે પણ હિકમત પર એનો આધાર નથી રહેતો. બંદાએ તો હુકમનું પાલન કરવું જોઈએ. હિકમત જે તેને માલૂમ છે મૌજૂદ હોય કે ન હોય." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧, પેજ–૨૪૪)*

કુર્આને હકીમની સ્પષ્ટતા મુજબ સ્ત્રી પુરૂષની પત્ની થયા પછી તેના હાથ હેઠળ થઈ જાય છે અને પતિ તેનો હાકિમ થયો. સ્ત્રી આઝાદ પેદા કરવામાં આવી છે જેથી તેણીની રજા વિના કોઈ શખ્સ તેનો હાકિમ નથી થઈ શક્તો, નહીં તો તેના પર જુલ્મ થયો ગણાશે. એટલા માટે નિકાહના સમયે સ્ત્રીની મરજીને પણ જરૂરી ઠરાવવામાં આવી, પણ તલાકના સમયે પતિ તેની પત્ની ઉપરથી પોતાના હાકિમપણાને તેના ઉપરીપણાને ઉઠાવે છે અને એટલા માટે તેને પત્નીની ઈજાઝત લેવાની તદ્દન જરૂરત નથી. આ સુબુદ્ધિના પ્રમાણે જ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફ્તી) મુહમ્મદ નિયાઝ બરકાતી મિસ્બાહી–જહાંગીર ગંજ *[સ્થળ : દારુલ ઈફતા અમજદિયા અર્શદુલ ઉલૂમ, ઓઝાગંજ, યુ.પી.] –(કન્ઝુલ ઈમાન, માસિક (ઉર્દૂ), દિલ્હી–જાન્યુ. ૦૪ ના હવાલાથી)*

હવે જરા તલાકના આ પાસા પર પણ વિચાર કરતા ચાલો કે જો તલાકનો અધિકાર સ્ત્રીઓને પણ આપવામાં આવે તો તેનાં શા પરિણામો સામે આવશે ?! એના અનુસંધાનમાં બ્રિટનના દસ વરસના સામાજિક પ્રત્યાઘાતો (ઈ.સ. ૧૯૬૧ થી ઈ.સ. ૧૯૭૧)ની એક રિપોર્ટને વર્ણવી આપવો પૂરતો ગણાશે જેના પ્રમાણે બ્રિટનમાં ઈ.સ. ૧૯૬૧ માં તલાકની સંખ્યા ૧૦,૦૦૦ હતી જે ઈ.સ. ૧૯૭૧ માં ૫,૫૦,૦૦૦ સુધી પહોંચી ગઈ !

ક્યારેક ક્યારેક એવી એવી રમૂજી વાતો પણ પશ્ચિમી સ્ત્રીઓની તરફથી તલાકની માંગણીના માટે કરી દેવામાં આવે છે કે યકીન કરવું મુશ્કેલ બની જાય છે. એકવાર વર્તમાનપત્રોમાં એવા જ એક પ્રસંગનો ઉલ્લેખ થયો કે એમાં સ્ત્રીએ કેવળ એટલા કારણે પોતાના પતિથી તલાક મેળવવાના માટે અદાલતમાં દરખાસ્ત પેશ કરી કે તેની પાસે એક પ્યારો કૂતરો હતો જેને તેનો પતિ પસંદ કરતો ન હતો ! *(બહવાલા મઆશિરતી મસાઈલ દીને ફિતરતકી રોશનીમેં)*

હવે વિચારો કે સ્ત્રીઓના તલાકના બારામાં જરા સરખો અધિકાર આપવાના કારણે યૂરોપવાસીઓને તો આટલી સજા ભોગવવી પડી રહી છે તો જો તેમને તલાકનો અધિકાર મળી જાય તો પછી શું પરિણામો સામે આવશે ?! *(જામે નૂર–દિલ્હી, ઓક્ટો.–૦૩ માંથી સાભાર) –સંપૂર્ણ*

# એક બેઠકમાં ત્રણ તલાકોનો શરઈ હુકમ કુર્આન તથા હદીષની રોશનીમાં

**વર્તમાન "મુસ્લિમ પર્સનલ લો બોર્ડ"એ મુસ્લિમોની વફાદાર સંસ્થા છે કે ગદ્દાર ?!**

-(કાર્યાલય)

## ★ સવાલ ★

૧. શું "મુસ્લિમ પર્સનલ લો બોર્ડ"નું એક મજલિસમાં ત્રણ તલાકોને ખત્મ કરવું અથવા એમાં ફેરફાર કરવું શરીઅતની રોશનીમાં સહીહ છે ?

૨. શું શરઈ બાબતો તથા મામલાઓને સુલઝાવવા તથા હલ કરવામાં આપ મુસ્લિમ પર્સનલ લો બોર્ડને આપણી તથા આપણા મસ્લકની પ્રતિનિધિ સંસ્થા માનો છો ?

૩. તમારા મંતવ્ય પ્રમાણે કૌમને ત્રણ તલાકથી દૂર રાખવા માટે શું કરવું જોઈએ ?

૪. ગૈર આલિમનું તદ્દન નર્યી શરઈ બાબતોમાં લેખિત કે મૌખિક નિવેદનોથી ડખલગીરી કરવાને આપ ઈસ્લામી શરીઅત માટે કેટલું લાભદાયી તથા નુકસાનકર્તા સમજો છો ? કેમ કે તલાકના મસ્અલા પર સામાન્ય માણસો પોતાની દિમાગી કક્ષાના હિસાબે મંતવ્યો રજૂ કરવામાં જોશ પ્રદર્શિત કરી રહ્યા છે.

*-[પૂછનાર : ખુશ્તર નૂરાની અલીગ (તંત્રી : જામે નૂર-દિલ્હી)]*

## ★ અલ્ જવાબ ★

એક બેઠકમાં (મજલિસમાં) **"ત્રણ તલાકો ત્રણ"** છે, એ કુર્આને પાકની આયતથી પણ સાબિત છે અને સહીહ હદીષો તેમજ આષારે સહાબાથી પણ સાબિત છે. એના પર ઉમ્મતનો ઈજમાઅ છે. ખલીફતુલ્ મુસ્લિમીન હઝરત સૈયેદેના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના જમાનામાં જ એના પર સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن નો ઈજમાઅ (સર્વ સંમતિ) સ્થાપિત થયો હતો. યાદ રાખશો કે હક્ક હવે ચાર મઝહબો હનફી, માલિકી, શાફઈ, હંબલીમાં સીમિત છે. અને ચારેવ મઝહબોનો ત્રણ તલાક લાગુ થવા પર ઈજમાઅ છે.

**૧.** કુર્આન શરીફ સૂરએ બકરહ, આયત–૨૨૯ માં છે :–

الطلاق مَرَّتٰنِ فاِ مساكٌ بمعروف أوْ تسريح بِا حسان۔

**તર્જુમો** : "તલાક બે વખત છે, પછી ભલાઈની સાથે રોકી લેવું છે અથવા ભલાઈ સાથે છોડી દેવું છે."

એના અનુસંધાનમાં આયત નં. ૨૩૦ માં છે :

فَاِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَه مِن ۢ بَعْدُ حَتّٰی تَنْكِحَ زَوْجاً غَيْرَه۔

**તર્જુમો** : "પછી જો પતિએ ત્રીજી તલાક આપી દીધી તો હલાલ થશે નહીં ત્યાં સુધી કે બીજા પતિ સાથે નિકાહ કરે."

આ આયતોમાં બે પ્રકારની તલાકનું વર્ણન છે; **એક** એ તલાકનું જેના પછી પતિને રજઅત (તલાક પાછી લેવાનો) હક્ક રહે છે, એનું વર્ણન આયત નં. ૨૨૯ માં છે. બીજી એ તલાકનું જેના પછી પતિને રજઅત (તલાક પાછી લેવાનો) અધિકાર બાકી નથી રહેતો, એનું વર્ણન બાદવાળી આયતમાં છે. અને આ આયતો મુત્લક (અબાધિત) છે એમાં એક મજલિસની શરત નથી. જેનો ઉઘાડો મતલબ એ છે કે, "પતિ એક બેઠકમાં આ તલાકો આપે અથવા કેટલીયે બેઠકોમાં ગમે તેમ પણ "ત્રણ તલાકો" લાગુ થશે." કુર્આન શરીફમાં આ પ્રકારની પુષ્કળ આયતો છે જે અબાધિત (મુત્લક, બિનશરતી) છે અને ઉમ્મતે તેને કદી પણ એક મજલિસની શરતથી શરતી બનાવી નથી. દા.ત. ઈર્શાદે બારી છે : اٰتوا الزكاة "ઝકાત આપો." صَلُّوا اعليه وسَلِّموا تسليماً۔ "રસૂલ પર સલાતો સલામ મોકલો." اتقوا الله "અલ્લાહથી ડરો !"

اِن كنتم فى ريب مما نزلنا على عبد نا فا توا بسورة من مثله

"અમે અમારા બંદા પર કુર્આન ઉતાર્યું, એમાં જો તમને શંકા છે તો એના જેવી એક સૂરત લાવો." أدعوا ربكم تضر عا و خيفية "તમારા રબથી દુઆ કરો ગિર્યાઓ ઝારી (રૂદન કાકલૂદી)ની સાથે અને છુપી રીતે." لا تاكلوآ أموالكم بينكم با لباطل "તમારા માલો આપસમાં નાહક્ક ન ખાવ."

આ અને એના જેવી પુષ્કળ આયતોના હુકમો (અહકામ) અથવા નવાહી (મનાઈના હુકમો) કોઈ એક મજલિસ (બેઠક) સાથે ખાસ નથી બલ્કે એક મજલિસમાં હોય (એકી સાથે હોય) કે વિવિધ મજલિસોમાં હોય, ગમે તેમ પણ અલ્લાહ તથા રસૂલનું ફર્માન લાગુ થશે. એને દરેક તે વ્યક્તિ માને છે જેની પાસે થોડી પણ સદ્બુધ્ધિ હોય. એ જ સ્થિતિ ઉપર જણાવેલ (તલાક વિશેની પ્રથમ બે) આયતોની પણ છે.

**૨.** મશહૂર મુહદ્દિષ ઈમામ ઈબ્ને માજહ્એ સિહાહ સિત્તહ્ની મહત્વની કિતાબ "સુનને ઈબ્ને માજહ્માં" આ વિષયે એક પ્રકરણ રચેલું છે : "એક મજલિસ (બેઠક)માં ત્રણ તલાકનું બયાન." પછી તેના હેઠળ આ હદીષે રસૂલ નકલ કરવામાં આવી છે કે, "હઝરત આમિર શઅબી رضی اللہ عنہ એ હઝરત ફાતિમા બિન્તે કૈસને તેમની તલાકનો પ્રસંગ પૂછયો તો એમણે ફર્માવ્યું :–

طلقنى زوجى ثلثا وهو خارج الى اليَمنِ
فاجاز ذلك رسول الله صلى الله وسلم

"મને મારા પતિએ ઘરથી યમન જતી વખતે "ત્રણ તલાકો" આપી દીધી તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ત્રણેવ તલાકો લાગુ પાડી દીધી."

સહીહ મુસ્લિમ શરીફ, પેજ–૪૮૪, ૪૮૫, ભાગ–૧ માં આ હદીષની વિવિધ રિવાયતો ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہ એ જમા કરી છે અને સૌનો સાર એ જ છે કે ફાતિમા બિન્તે કૈસના પતિ અબૂ અમ્ર ઈબ્ને હફ્સ ઈબ્ને મુગીરાએ યમનના માટે ઘરેથી નીકળતી વખતે ત્રણ તલાકો આપી દીધી, તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ત્રણેવ તલાકો લાગુ કરી દીધી.

આ હદીષોના શબ્દો એકવાર ફરી ધ્યાનપૂર્વક વાંચો કે હઝરત અબૂ અમ્ર ઈબ્ને હફ્સ رضی اللہ عنہ એ ઘરેથી યમનના માટે નીકળતી વેળા ત્રણ તલાકો આપી.

જેનાથી સારી પેઠે સ્પષ્ટ થયું કે આ તલાકો તેમણે ત્રણ મજલિસો (બેઠકો)માં નહીં બલ્કે એક સાથે આપી દીધી હતી, જે હુઝૂર ﷺ ની ઉચ્ચ અદાલતેથી લાગુ પાડવા માટે માન્ય ઠરાવવામાં આવી. આ રીતે આ પ્રકારની વિવિધ હદીષો અને આષારે સહાબા ફત્હુલ કદીર પેજ–૩૨૯, ૩૩૦, ૩૩૧, ભાગ–૩ તેમજ અન્ય વિ□સપાત્ર કિતાબોમાં છે.

**૩. એક બેઠકમાં ત્રણ તલાકોના ત્રણ હોવા પર સહાબાએ કિરામ** رضوان الله تعالىٰ عليهم اجمعين **નો ઈજમાઅ (સર્વસંમતિ) છે.** સવાદે આ'ઝમ ઉમ્મત (અહલે સુન્નત)નો એ જ મઝહબ છે. ફત્હુલ કદીરમાં છે : فاجماعهم ظاهر **"એના પર સહાબીઓનો ઈજમાઅ જાહેર છે."** *(ભાગ–૩, પેજ–૩૩૩)*

ઈમામ અબૂબક્ર જસ્સાસ રાઝી પોતાની મશહૂર તફસીર "અહકામુલ્ કુર્આન"માં લખે છે :

فالكتاب والسنة واجماع السلف توجب ايقاع الثلث معا و ان كانت معصية

એટલે કે, "કિતાબુલ્લાહ (કુર્આન), સુન્નતે રસૂલુલ્લાહ (હદીષ) તથા સલફના (પૂર્વજ ઉલમા તથા બુઝુર્ગોના) ઈજમાઅથી સાબિત છે કે **એકી સાથે ત્રણ તલાકો અનિવાર્યપણે ત્રણ જ લાગુ પડે છે,** જો કે એવું કરવું **ગુનોહ** છે." *(પેજ–૩૩૮)*

સાવી શરીફ, ભાગ–૧, પેજ–૧૦૭ માં છે : هذا هو المجمع عليه "એટલે કે એના પર ઈજમાઅ છે." મુકદ્દમાત ઈબ્ને રૂશ્દમાં છે :–

و هو مذهب جميع الفقهاء و عامة العلماء وَلا يشذ فى ذلك عنهم الا من لا يعتد بخلافه منهم۔

"તમામ ફકીહો તથા આલિમોનો મઝહબ એ જ છે અને તેમનાથી તે જ વ્યક્તિ અલગ છે જેની કોઈ હેસિયત નથી." *(પેજ–૭૭, ભાગ–૪૪, અલ્મુદવ્વનહ્)*

કિતાબ તથા સુન્નત તથા ઉમ્મતના ઈજમાઅની વિરૂધ્ધ બે રિવાયતોથી જાહેર થાય છે કે એક બેઠક (મજલિસ)ની ત્રણ તલાકો ત્રણ થશે નહીં, પણ તેમનામાંથી એક રિવાયત ઝઈફ તથા મુન્કિર છે એટલા માટે દલીલને પાત્ર નથી અને કિતાબ તથા સુન્નત (કુર્આન તથા હદીષ)ની વિરૂધ્ધ હોવાથી ત્યજવા પાત્ર છે.

બીજી હદીષ : હઝરત સૈયદેના ઈબ્ને અબ્બાસ رضى الله عنهما થી મરવી છે કે જ્યારે કે ખૂદ આપે ઘણા ફત્વાઓ એની વિરૂધ્ધ બહાર પાડયા. વળી તે હદીષ એવી સ્ત્રીના બારામાં છે જે પોતાના પતિની સાથે કોઈ મકાનમાં (સ્થાનમાં) કદી ભેગી ન થઈ તેને ફિકહની બોલીમાં **"ગૈર મદખૂલા"** કહે છે અને એવી સ્ત્રીને જો કોઈ વ્યક્તિ ત્રણ શબ્દોમાં વારાફરતી તલાક આપે તો એક જ પડે છે, **કેમ કે એક તલાકના કારણે તે નિકાહથી જ નીકળી જાય છે !** પછી (બીજી તથા ત્રીજી) તલાકને સ્થાન જ નથી રહેતું, એટલા માટે બાદની બે તલાકો નિરર્થક તથા બેકાર થઈ જાય છે. ગૈર મુકલ્લિદોને આનાથી ગલતફહમી થઈ છે અને એના પરથી તેમણે ઈજતેહાદ કરી લીધો કે તે હુકમ મદખૂલા તથા ગૈર મદખૂલા સૌના માટે છે.

## ★ પ્રશ્નોના જવાબો ★

**પ્રશ્ન ૧ :** શું "મુસ્લિમ પર્સનલ લો બોર્ડ"નું એક મજલિસમાં ત્રણ તલાકોને ખત્મ કરવું અથવા એમાં ફેરફાર કરવું શરીઅતની રોશનીમાં સહીહ છે ?

**જવાબ :** એ શરીઅતની રોશનીમાં સહીહ નથી, બલ્કે ગલત તથા બાતિલ છે કેમ કે કુર્આન મુકદ્દસ, નબવી હદીષો તથા સહાબા, તથા ચારેવ ઈમામો તથા સવાદે આ'ઝમ ઉમ્મતના ઈજમાઅની વિરૂધ્ધ અને તેનાથી ઉઘાડી વિમુખતા છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**પ્રશ્ન ૨ :** શું શરઈ બાબતો તથા મામલાઓને સુલઝાવવા તથા હલ કરવામાં આપ મુસ્લિમ પર્સનલ લો બોર્ડને આપણી તથા આપણા મસ્લકની પ્રતિનિધિ સંસ્થા માનો છો ?

**જવાબ** : હરગિઝ નહીં ! આજે એ લોકો ગૈર મુકલ્લિદોના દબાણ હેઠળ જો ત્રણ તલાકોને એક ઠરાવવા ચાહે છે, તો કાલે ઈમામિયાના દબાવમાં આવીને સીધે સીધું એવું એલાન કરી શકે છે કે, એક પણ તલાક થશે નહીં ! તેઓ મઝહબથી આઝાદ થઈને કોઈ પણ રંગમાં રંગી શકે છે.

**પ્રશ્ન ૩** : તમારા મંતવ્ય પ્રમાણે કૌમને ત્રણ તલાકથી દૂર રાખવા માટે શું કરવું જોઈએ ?

**જવાબ** : લોકો જાત જાતના ગુનાહ કરતા રહે છે, દા.ત. નમાઝ નથી પઢતા, રોઝા નથી રાખતા, ઝકાત નથી આપતા, જૂઠ બોલે છે, ચુગલી ખાય છે, દાઢી મૂંડાવે તથા ધોકો આપે છે. આ તથા એના જેવા ગુનાહોથી દૂર રાખવા માટે પૂરી મિલ્લત જે કાંઈ કરી રહી છે તે સૌને ખબર છે, એવું જ અહીં પણ કરવું જોઈએ. **હા ! એવી તદબીર હરિગઝ ન કરવી જોઈએ કે એક બેઠકના કેટલાયે ગુનાહોને એક જ માની લઈએ ! અથવા સીધે સીધુ ગનાહ જ ન માનીએ !** અને એવા સુભ્રમમાં વ્યસ્ત રહીએ કે આ રીતે લોકો ગુનાહથી મેહફૂઝ થઈ જશે, જેમ કે એક બેઠકમાં ત્રણ તલાકના મસ્અલામાં ગૈર મુકલ્લિદો અને ઈમામિયાએ એ જ રવિશ અપનાવી છે.

**પ્રશ્ન ૪** :ગૈર આલિમનું તદ્દન નર્યી શરઈ બાબતોમાં લેખિત કે મૌખિક નિવેદનોથી ડખલગીરી કરવાને આપ ઈસ્લામી શરીઅત માટે કેટલું લાભદાયી તથા નુકસાનકર્તા સમજો છો ? કેમ કે તલાકના મસ્અલા પર સામાન્ય માણસો પોતાની દિમાગી કક્ષાના હિસાબે મંતવ્યો રજૂ કરવામાં જોશ પ્રદર્શિત કરી રહ્યા છે.

**જવાબ** : એને અમે એટલું જ નુકસાનકર્તા સમજીએ છીએ જેટલું જોલા છાપ (બનાવટી) ડોકટરો થકી થતા મેજર ઓપરેશનને આખુ જગત સમજે છે, બલ્કે ઘણી બાબતોમાં તો એનાથી વિશેષ નુકસાનકર્તા સમજીએ છીએ. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ નિઝામુદીન રઝવી મિસ્બાહી (*સદર મુફતી : જામિઆ અશરફિયા, મુબારકપુર, યુ.પી. ઈન્ડિયા*) –[*માહનામા અશરફિયા, મુબારકપુર, સપ્ટે. ૦૪*]

તે ઉપરાંત હાલમાં જ બરૈલી શરીફ ખાતે તાજુશશરીઅહ્ હઝરત અલ્લામા અખ્તર રઝા અઝહરી મિયાં دام ظلہ العالی ની સદારતમાં તા. ૧૬, રજબ હિ.સ. ૧૪૨૫ ના રોજ ફિકહી સેમિનાર યોજાયો જેમાં અહલે સુન્નતના ટોચના મુફતીઓ તથા આલિમોએ હિસ્સો લીધો તેમાં આ જ ત્રણ તલાકવાળા મસ્અલા વિશે સર્વાનુમતે જે ફૈંસલો રજૂ કર્યો તેને વાંચો :–

## ★ તલાક વિશે ફૈંસલો ★

હિંદુસ્તાનમાં ૮૦% મુસલમાનોનું પ્રતિનિધિત્વ કરતી **"શરઈ કાઉન્સિલ બરૈલી શરીફ"**નો આ ફિકહી ઈજલાસ એ નિશ્ચિત થયેલ બાબત પર સર્વસંમતિ દર્શાવે છે કે એક બેઠકમાં ત્રણ તલાક ત્રણ જ થશે. હદીષ સહીહ મરફૂઅથી એ જ સાબિત છે. હઝરત ઉમર رضی اللہ عنہ ના ખિલાફતના જમાનામાં એના પર સહાબીઓનો ઈજમાઅ પણ નિયુક્ત થઈ ચૂક્યો છે. એ સમયથી લઈને આજ સુધી તમામ ઉમ્મતે ઈજાબતનો એના ઈજમાઅ તથા અમલ રહ્યો છે. મુસ્લિમ પર્સનલ લો બોર્ડ અથવા અન્ય કોઈ સંસ્થાને એ હક્ક હરગિઝ હાંસલ નથી કે તે ઈજમાઈ મસ્અલામાં કોઈ ફેરફાર કરે, અને ન તો એ મુસલમાનોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા છે કે પ્રતિનિધિત્વ ધરાવનાર બોર્ડ છે.

અલ્બત્ત, પબ્લિકને એ ચેતવણી આપવામાં આવે છે કે તલાક આપવામાં ઉતાવળથી કામ ન લે અને જરૂરતના સમયે એક તહરમાં (પાકીના ગાળ ામાં) એકથી વધારે તલાક હરગિઝ ન આપે. (આ ફૈંસલા પર સર્વ મુફતીઓની સહી છે.)

*–કન્ઝુલ ઈમાન (ઉર્દૂ) માસિક, દિલ્હી, નવે–૨૦૦૪)*

આ છે ઈસ્લામી તા'લીમ તથા સંસ્કાર

# માંનો મર્તબો કુર્આન તથા હદીષની દષ્ટિએ

[રજૂ : આલિમા કારીયહ્ અનીસા પટેલ-પાલેજ]

સામાન્ય રીતે જ્યારે "માં" શબ્દ માણસના કાનમાં પહોંચે છે તો તેની નજરોમાં મહોબ્બત તથા પ્યાર અને મમતાનો એક અસીમ સમુદ્ર વહેવા લાગે છે અને તેની સમક્ષ પોતાની માંની અથાગ મહોબ્બતો આવવા લાગે છે. બાળપણથી લઈ ઘડપણ સુધી બધી જ ખુશી તથા મહોબ્બત અને દુ:ખના સંજોગોમાં સહારાનો મોભ એટલે કે આપણી માં ને ઈસ્લામે શું મર્તબો આપ્યો છે, અને એક પુત્રને પોતાની માં સાથે કેવું વર્તન તથા સન્માન તથા કેવો આદર તેણીનો કરવાનો છે એ આપણે કુર્આન તથા હદીષની રોશનીમાં અત્રે નિહાળીશું. રબ તઆલા પોતાની મુકદસ કિતાબમાં ઈર્શાદ ફર્માવે છે : (અર્થાત) પોતાના માં બાપ સાથે સારું વર્તન કરો, જો તમારી હાજરીમાં તેમાંથી કોઈ એક અથવા બંને વૃદ્ધાવસ્થાએ પહોંચે તો તેમની સામે "ઉફ" પણ ન કહો અને ન તેમને ફટકારો, તેમની સાથે ખૂબ જ અદબથી વાત કરો, અને તેમની સમક્ષ નરમી તથા આજીજીથી ઝૂકી રહો અને દુઆ કરતા રહો કે હે મારા પરવરદિગાર ! આ બંને પર તારી રહમતો વરસાવ જેમ કે બાળપણમાં તેમણે મારું પાલનપોષણ કર્યું. *(અલ્ કુર્આન)*

જાણવા મળ્યું કે પોતાના માં બાપને કોઈ પણ રીતે કોઈ પ્રકારની ઈજા ન પહોંચાડો, તેમની ખુશીનો ખયાલ રાખો ખાસ કરી વૃદ્ધવસ્થામાં તેમનો ખૂબ જ ખયાલ રાખો.

હવે આપણે જોઈએ કે પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ માં ના મર્તબા વિશે શું ફર્માવ્યું છે. સુનને નિસાઈમાં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **"માંની ખિદમત કર કેમ કે જન્નત માંના કદમો નીચે છે."** અન્ય એક હદીષ છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે, જ્યારે સરકારને સવાલ કરવામાં આવ્યો કે અમારા સદ્વર્તનનો સૌથી વધુ હક્કદાર કોણ છે ? તો આકાએ દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તારી માં ! ફરી પૂછવામાં આવ્યું કે ત્યાર પછી ? તો ફર્માવ્યું કે, તારી માં ! ફરી સવાલ કરવામાં આવ્યો કે ત્યાર બાદ ? તો ફર્માવ્યું, તારી માં ! અને ચોથી વાર જવાબમાં બાપનું વર્ણન ફર્માવ્યું. *(બુખારી, મુસ્લિમ)*

ધ્યાન આપો કે ત્રણવાર માં ને સદ્વર્તન અને એહસાનની હક્કદાર ઠરાવવામાં આવી અને ચોથી વાર બાપને. એનું કારણ શું ? તો પ્યારા વાંચકો ! આપણી માં નવ મહીના સુધી આપણો બોજ પોતાના પેટમાં ઉઠાવે છે, ત્યાર પછી સુવાવડની તકલીફો વેઠી આપણને આ દુનિયાની રંગીનીઓ બતાવે છે, બે વરસ સુધી દૂધ પીવડાવી પોતાના દિલનું લોહી આપે છે, પોતાની પાસે સૂવડાવે છે, શિયાળાની ઠંડી રાતોમાં પોતે આપણા પેશાબ પર સૂવે અને આપણને સૂકી જગ્યામાં સૂવડાવે, બીમાર પડયા તો આખી આખી રાતની ઊંઘ આપણા માટે કુર્બાન કરી દે છે આવાં અસંખ્ય એહસાનો અને ઉપકારના કારણે આપણા ઈસ્લામે માં નો હક્ક અને અધિકાર ઔલાદ પર વધુ રાખ્યો, જે એહસાન અને ઉપકારનો બદલો આપણે કદીએ ચૂકવી શક્તા નથી. વળી ઘણા લોકો તો થોડાક પૈસા અને માલ આપી

સમજે છે કે મેં હક્ક અદા કરી લીધો, એક હજ્જ કરાવી તો જાણે માં ના બધા જ હક્ક ચૂકવી આપ્યા. સંદતર નહીં !

પ્યારા વાંચકો ! તેનો બદલો નહીં ચૂકવી શકાય. સાંભળો ! એકવાર એક માણસ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી માં ઘણી જ સખત સ્વભાવની છે. તો સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કે નવ મહીના સુધી લગાતાર તને પોતાના પેટમાં રાખ્યો ત્યારે તો તેણી સખત ન હતી ! તે માણસ બોલ્યો કે હું સાચું કહું છે કે મારી માં ખૂબ જ સખત છે. હુઝૂરે ફર્માવ્યું કે તેણી સંપૂર્ણ રાત તારા માટે જાગતી રહી અને પોતાનું દૂધ પીવડાવતી રહી તે સમયે તો તેણી સખત ન હતી ! તો તે માણસે અર્ઝ કરી કે, હુઝૂર ! એ બધાનો બદલો મેં ચૂકવી આપ્યો છે. તો સરકારે ફર્માવ્યું કે તું કઈ રીતે બદલો આપી ચૂક્યો ?! તેણે અર્ઝ કરી કે મેં મારા ખભા પર બેસાડી તેણીને હજ્જ કરાવી છે ! તો સરકારે ઈર્શાદ ફર્માવ્યો કે શું તું સૂવાવડની તકલીફનો બદલો આપી શકે છે ?!

અને બીજી એક હદીષનો ખુલાસો છે કે ચાલીસ હજ્જ ખભા પર બેસાડી કરાવવા છતાં તેણીના દૂધના એક ટીપાનો પણ બદલો નથી આપી શક્તો. માટે તેમની જેટલી પણ તા'ઝીમ કરીએ એ અપૂર્ણ છે. અને માં ને નારાજ કરનાર વિશે પણ સાંભળો કે તેનો શું અંજામ થાય છે. હઝરત અબ્દુલ્લાહ બિન ઔફા ફર્માવે છે કે એકવાર અમે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર હતા, એક વ્યક્તિએ આવી અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! એક માણસના મૌતનો સમય આવી ચૂક્યો છે પણ ઝબાન પર કલ્મો જારી નથી થતો. સરકારે ફર્માવ્યું, તે નમાઝ પઢતો હતો ? અર્ઝ કરવામાં આવી, હા ! ત્યારબાદ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم તેની પાસે તશરીફ લઈ ગયા. સરકારે કલ્માની તલ્કીન કરી તો તેણે અર્ઝ કરી કે, હુઝૂર ! હું નથી પઢી શક્તો ! પછી કારણ પૂછવામાં આવ્યું તો માલૂમ થયું કે માં નો નાફર્માન હતો. સરકારે સવાલ ફર્માવ્યો કે શું તેણી જીવંત છે ? તેણીને બોલાવવામાં આવી અને સરકારે સવાલ ફર્માવ્યો કે શું આ તારો પુત્ર છે ? તેણીએ અર્ઝ કરી, હા ! અલ્લાહના રસૂલ. સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે હું તેને આગમાં સળગાવું તો તું બચાવ કરીશ કે નહીં ?! તેણીએ અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ત્યારબાદ સરકારે ફર્માવ્યું કે અલ્લાહ તઆલા અને મને ગવાહ બનાવી કહે કે હું (મારા પુત્રથી) રાજી છું. તેણીએ આમ જ કર્યું. પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તે માણસને કલમાની તલ્કીન ફર્માવી અને તેણે તરત જ કલ્મો પઢયો. તો સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહનો શુક્ર અદા કર્યો અને ફર્માવ્યું કે, પાકી છે તે રબ માટે જેણે એને આગથી નજાત બખ્શી. *(અઝ્ઝવાજિર, પેજ–૬૮)*

પ્યારા વાંચકો ! જુઓ કે માંની નારાજગીના કારણે કલ્મો પણ નસીબ નથી થતો માટે હમેશાં તેણીને ખુશ રાખવી અને તેણીની આજ્ઞાનું પાલન કરવું એ આપણી ખુશ નસીબી છે. પણ જો શરીઅત વિરૂધ્ધ કામની આજ્ઞા કરે તો તે ન માનવું અને અલ્લાહ અને તેના રસૂલના હુકમને અનુસરવો જરૂરી છે. માં ની ઘણી જ ફઝીલતો છે જે આ ટૂંકા લખાણમાં આવરી શકાય તેમ નથી... બસ દુઆ છે કે મૌલા પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં આપણને માં બાપના ફર્માબરદાર બનાવે. આમીન *(સાભાર : એહતેરામે વાલિદૈન, સુન્ની ફઝાઈલે આમાલ)* –સંપૂર્ણ

## ★ હજ્જ અને ઉમરાનો સવાબ ★

ફજરની નમાઝ પછી તે જ સ્થિતિમાં બેઠા રહેવું, પગ પણ બદલવા નહીં અને તે જ સ્થિતિમાં બેઠા બેઠા ઝિક્રે ઈલાહીમાં મશ્ગૂલ રહેવું. ત્યાં સુધી કે સૂરજ ક્ષિતિજમાં ઊંચો થઈ જાય. એટલે કે તુલૂએ આફતાબ (સૂર્યોદય) પછી લગભગ વીસ (૨૦) મિનિટ પસાર થઈ જાય, ત્યાર બાદ બે રકાત નફ્લ નમાઝ પઢવી, ઈન્શાઅલ્લાહ ! તેમ કરનારને પૂરા હજ્જ અને ઉમરાનો સવાબ મળશે. *(અલ્ વઝીફતુલ્ કરીમહ્)*

પ તિ
પત્નીના
હક્કો

# પતિ પત્નીના હક્કો

રજુ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(તંત્રી બરકાતે ખ્વાજા માસિક)

પ્રિય વાંચક બહેનો તથા ભાઈઓ ! આજે સ્ત્રી આઝાદીનાં ગીતો ગાનારાઓએ સ્ત્રીને ક્યાંયની નથી રાખી. કારણ કે પશ્ચિમી દેશોમાં સ્ત્રી પુરૂષો શાદી કરતાં નથી પણ પોતાની વાસનાને નાજાઈઝ રીતે પર પુરૂષો તથા પર સ્ત્રીઓ સાથે ટેમ્પરરી વિ□ાસ વિનાના સંબંધો રાખીને સંતોષી લે છે અને તેનાથી પેદા થતાં બાળકોને ગવર્નમેન્ટ પાળતી પોષતી હોય છે, જે કમનસીબ બાળકને પોતાના માં બાપની પણ ખબર નથી હોતી, તેની કોઈ સંસ્કૃતિ કે કલ્ચર બનતું નથી અને મોટુ થઈને તે પણ એવી જ પ્રાણીઓ જેમ પ્રાણાલિકામાં જીવન પસાર કરે છે. સ્ત્રી પુરૂષો સમયાંતરે પાર્ટનરો બદલતા રહે છે અને છેવટના જીવનમાં તેઓ નિઃસહાય તથા નિરાશ બની જતાં હોય છે, **કારણ કે પતિ પત્નીના પવિત્ર બંધન વિના સાચો પ્રેમ કોઈ કાળે મળી શકતો નથી**, અને અંતે આવાં યુવાનોના ભાગે ઉદાસી ભર્યું એકલતાવાળુ જીવન કે આપઘાતનો માર્ગ જ બાકી રહે છે.

પણ આવો ! ઈસ્લામની પવિત્રતા જુઓ કે સ્ત્રી પુરૂષને નિકાહના બંધનમાં બાંધી દીધાં તથા પતિ પત્નીના પવિત્ર બંધનમાં કેટલી મહોબ્બત ભર્યું જીવન હોય છે તે જુઓ અને ઈસ્લામે શું નીતિ નિયમો પતિ પત્નીના સુખમય જીવન માટે રજૂ કર્યા છે તેનો અભ્યાસ કરો અને પોતાના મુસલમાન હોવા પર ગર્વ લો ! અને રબ તઆલાનો શુક્ર અદા કરીને ઈસ્લામના કાનૂનોને મજબૂતીથી પકડી લો. *–તંત્ર : બરકાતે ખ્વાજા*

## ★ પતિના હક્કો ★

સૂરએ રૂમની આયતમાં નીચે મુજબની ત્રણ વાતો વર્ણન કરવામાં આવી છે, જે દાંપત્ય જીવન વ્યવસ્થા માટે પાયાની શીલા છે અને જેની કાળજી પતિ તથા પત્ની બંનેએ સમાન રીતે રાખવી જરૂરી છે.

**(૧)** પુરૂષોને જણાવવામાં આવ્યું કે તમારી પત્નીઓ તમારી જ જાતિમાંથી સર્જન પામેલ છે, તમારી જેમ જ ઈચ્છાઓ, ભાવનાઓ અને લાગણીઓ તેમનામાં પણ સમાએલ છે, નિર્જીવ મખ્લૂક અને નિસ્ચેત શરીર નથી.

**(૨)** તેમના સર્જનનો આશય એ પણ છે કે તે તમારા માટે રાહત તથા સંતોષનો સામાન છે, તમારા માટે દિલી સંતોષનો સબબ છે, તમારા દર્દનો ઈલાજ અને તમારા ગમનો ઉપાય છે. તમારા માટે પૈદા કરવામાં આવી છે કે તમારો જીવ તેનાથી લાગે, તેનાથી બેહલે.

**(૩)** તમારા અને તેણીના સંબંધોનો પાયો જ મહોબ્બત નિખાલસતા અને સહાનુભૂતિ પર હોવો જોઈએ. દરેક માણસને પોતાના સાથના માટે પોતાની સમજાતિની શોધ હોય છે અને આ ખુદાની પેદા કરેલ ફિતરત (પ્રકૃતિ) છે જેથી પતિ તથા પત્નીના આપસમાં નિખાલસ પ્રેમને અલ્લાહ તઆલાએ પોતાની નિશાનીઓમાંથી એક નિશાની ઠરાવી છે. કુર્આને કરીમે એક સંતોષ (સુકૂન) શબ્દ વડે પત્નીના સાથની જે હકીકતને સ્પષ્ટ કરી છે તે

પતિ પત્નીના સંબંધોની ફિલોસોફીને પોતાનામાં સમાવે છે. તેની આંત્રિક અંગત જિંદગીની ખેંચતાણ તથા મુશ્કેલીઓમાં સાંત્વન તથા સંતોષ તથા આરામ માટેની જગા હોવી જોઈએ અને પતિ પત્નીના આપસના સંબંધોમાં એટલું ખુશ્નુમા વાતાવરણ હોવું જોઈએ જેનાથી સ્ત્રીના સર્જનનો હેતુ પૂર્ણ થાય. એટલે કે આપસમાં નિખાલસ પ્રેમ, લાગણી અને ચૈન હોવાં જોઈએ. જો કોઈનાથી હેતુઓ પૂર્ણ ન થયા તો તેમાં બંનેનો અથવા બેમાંથી કોઈ એકનો વાંક છે, આ પરસ્પર મેલ જોલ કઈ રીતે સ્થપાઈ શકે છે, તેનો કેવળ એક માર્ગ છે અને તે એ કે પત્ની પતિનું આજ્ઞા પાલન કરે અને પતિ પત્નીને ખુશ રાખે.

પતિ પત્ની બંને આપસમાં હક્કોના આધારે લગભગ સમાન છે. પરંતું જેવી રીતે બાપ અધિકારી થઈને રહે અને પુત્ર આજ્ઞાંકિત રહે, અને બાપ હુકમ આપે અને પુત્ર માને, એ જ રીતે સમાજના વ્યવસ્થા તંત્રમાં પુરૂષને સ્ત્રી પર પ્રતિનિધિત્વ પ્રાપ્ય છે.

કુર્આને કરીમ ફર્માવે છે, (તર્જુમો) :– ''પુરૂષ સ્ત્રીઓ પર હાકિમ, તેમના કાર્યોની વ્યવસ્થા કરનારા અને હુકમ લાગુ પાડનારા છે. અને દુનિયાના વ્યવસ્થા તંત્ર અને અંગત સંચાલનમાં સ્ત્રી પુરૂષને આધિન તથા તેના તાબા હેઠળ છે.''

અને એટલા માટે કે પુરૂષને પોતાની શારીરિક શકિત અને દિલ તથા દિમાગની બેહતરી પ્રાપ્ય છે. અને બીજું એ કે સ્ત્રી ખર્ચમાં પુરૂષની જરૂરતમંદ રહે છે.

અને પુરૂષ સ્ત્રીના જાઈઝ ખર્ચાનો બોજ ઉઠાવે છે એટલા માટે નેક (ભલી) પત્નીની નિશાની એ છે કે, તેણી પતિની ગેરહાજરીમાં તેની ઈજ્જત તથા આબરૂ અને તેના માલ તથા સંપત્તિની દેખરેખ રાખે અને દરેક સમયે પોતાની અને પોતાના પતિની ઈજ્જત આબરૂ (પ્રતિષ્ઠા) અને માલનો ખયાલ રાખે. અલ્લાહ તઆલાએ તેણીમાં પોતાના ચારિત્રનો ખયાલ અને પતિની વફાદારીની ભાવના પેદા કરીને તેને સુરક્ષિત કરી દીધેલ છે. સંક્ષિપ્ત શબ્દોમાં સ્ત્રીની જિમ્મેદારીમાં આ ત્રણ ફરજો છે જે કુર્આને કરીમે તેણીના પર લાગુ પાડી છે :–

**૧.** પોતાના પતિની આજ્ઞાંકિત અને વફાદાર હોય.

**૨.** સુઘડ (સમજુ) હોય, પતિના માલ દૌલતને બર્બાદ ન કરે.

**૩.** ચારિત્રવાન હોય કે પોતાની અને પોતાના પતિની ઈજ્જત આબરૂમાં આંચ ન આવવા દે.

## ★ પતિના હક્કો હદીષની રોશનીમાં ★

પતિનો મહાન હક પત્ની પર છે. **પતિને ખુશ (રાજી) રાખવો મોટી ઈબાદત છે** અને નારાજ તથા ઉદાસ રાખવો ઘણો જ મોટો ગુનોહ છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) એ ફર્માવ્યું છે કે,

**(૧)** જો હું ખુદા સિવાય કોઈ અન્યને સિજદો કરવાનો હુકમ આપત તો સ્ત્રીઓને હુકમ કરત કે તેણીઓ પોતાના પતિઓને સિજદો કરે.

**(૨)** જે સ્ત્રીને એવી સ્થિતિમાં મૃત્યુ આવે કે મૃત્યુવેળા તેનો પતિ તેનાથી ખુશ હોય તો તે (સ્ત્રી) જન્નતમાં જશે.

**(૩)** જ્યારે કોઈ પતિ કોઈ પત્નીને કોઈ કામના માટે બોલાવે તો તે સ્ત્રી ચુલાની પાસે બેઠી હોય પણ તેના માટે જરૂરી છે કે તે ઉઠીને પતિની પાસે ચાલી આવે.

**(૪)** જ્યારે કોઈ પુરૂષ પોતાની પત્નીને એવો હુકમ આપે કે પીળા રંગના પહાડને કાળો અને કાળા રંગના પહાડને સફેદ બનાવી આપે તો સ્ત્રીએ પોતાના પતિના એ હુકમને પણ પાળી બતાવવો જોઈએ. *(મિશ્કાત, ભાગ–૨, પેજ–૨૮૩, મુજબતબા)*

**ફાયદો** : મતલબ એ છે કે એકદમ કઠિન કામનો પણ પતિ હુકમ આપે તો પણ સ્ત્રીએ તેની

અવગણના ન કરવી જોઈએ, બલ્કે તેની દરેક આજ્ઞાના પાલન માટે પોતાની શકિત મુજબ તૈયાર રહેવું જોઈએ. એક અન્ય ઠેકાણે અલ્લાહના રસૂલે (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) ઈર્શાદ ફર્માવ્યો :

**(૫)** જ્યારે પતિ સ્ત્રીને પોતાના બિછાને બોલાવે અને સ્ત્રી આવવાની ના પાડી દે અને તેનો પતિ એ વાતથી નારાજ થઈને સૂઈ જાય તો આખી રાત ખુદાના ફરિશ્તા તે સ્ત્રી પર લાનત કરતા રહે છે.

**(૬)** સ્ત્રી ઈમાનની મજા (આસ્વાદ) પામશે નહીં જ્યાં સુધી પતિનો હક અદા ન કરી આપે.

**(૭)** સ્ત્રી પર પતિનો હક એવો છે કે તેના બિછાનાને ન છોડે અને તેની કસમને સાચી ઠરાવે અને તેની રજા વિના બહાર ન જાય અને એવી વ્યકિતને ઘરમાં આવવા ન દે જેનું આવવું પતિને નાપસંદ હોય. *(તિબરાની)*

**(૮)** સ્ત્રી જ્યારે પાંચેવ નમાઝો પઢે અને રમઝાન માસના રોઝા રાખે અને પોતાની ઈજ્જત તથા ચારિત્રની રક્ષા કરે તો જન્નતના જે દરવાજેથી ઈચ્છે પ્રવેશ કરે. *(અબૂ નુઈમ)*

**(૯)** જે સ્ત્રી ખુદાના હુકમોનું પાલન કરે અને પતિના હક્કો અદા કરે અને નેક કામની યાદ અપાવે અને પોતાના ચારિત્ર તથા તેના માલમાં અપ્રમાણિકતા ન કરે તો તેના અને શહીદોના વચ્ચે જન્નતમાં એક દરજ્જાનો ફરક હશે. વળી તેનો પતિ ઈમાન સાથે નેક આદતોવાળો છે તો તે જન્નતમાં તેની પત્ની છે, નહીં તો શહીદોમાંથી કોઈક તેણીનો પતિ થશે. *(તિબરાની)*

**(૧૦)** તે સ્ત્રી જેનો પતિ નારાજ છે તેની નમાઝ કબૂલ નથી થતી અને કોઈ નેકી બુલંદ નથી થતી. *(બયહકી)*

**(૧૧)** જ્યારે સ્ત્રી પોતાના પતિને તકલીફ પહોંચાડે છે તો હૂરો કહે છે કે, ખુદા તને કત્લ કરે ! તેને તકલીફ ન આપ ! એ તો તારી પાસે મહેમાન છે અને નજીકમાં જ તારાથી અલગ થઈને અમારી પાસે આવશે. *(તિર્મિઝી શરીફ)*

**(૧૨)** પરહેઝગારી (તકવા) પછી નેક પત્નીથી વધીને કોઈ ચીજ નથી. પતિ તેણીને જે કહે તે માને, જ્યારે પતિ તેણી પ્રત્યે જુએ તો ખુશ કરી આપે અને જો પતિ કસમ આપીને કાંઈ કહે તો તેણી તેને પૂર્ણ કરી આપે. *(ઈબ્ને માજહ)*

**(૧૩)** કોઈ સ્ત્રી પોતાના રબના હક્કો અદા નથી કરી શકતી જ્યાં સુધી કે તે પોતાના પતિના હક્કો અદા ન કરે. *(હાકિમ તથા તરગીબ)*

**(૧૪)** એક સ્ત્રી એ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને પૂછયું કે, પતિનો પત્ની પર શું હક્ક છે ? તો આપે ફર્માવ્યું કે, પતિનો હક્ક પત્ની પર એવો છે કે, જો પતિનું શરીર ઝખ્મો વડે ભરાઈ ગયું હોય અથવા તેના નાક વાટે લોહી કે પરૂ વહેતુ હોય અને પત્ની તેને જીભ વડે ચાટે પછી તેને ગળી જાય તો પણ તેનો હક્ક અદા થશે નહીં.

**(૧૫)** કિયામતના દિવસે મર્તબામાં અલ્લાહ તઆલાની નજીક સૌથી વધુ તે શખ્સ ખરાબ હશે જે પોતાની પત્ની સાથે (એકાંતમાં) મળે અને તેણીની વાત લોકોને કહે. અને તે સ્ત્રી પણ ઘણી જ ખરાબ હશે જે પોતાના પતિથી હળી મળી અને તે વાત લોકોમાં જાહેર કરે. *(મુસ્લિમ)*

**નોંધ :** આ ઈસ્લામની પાકીઝા તા'લીમ છે જેમાં પતિ પત્નીને પણ આવી પવિત્ર તા'લીમ આપી છે, જ્યારે આજે પશ્ચિમી દેશોમાં કે તેના રંગે રંગાયેલાઓ બોયફ્રેન્ડ તથા ગર્લ ફ્રેન્ડ સાથે આડા સંબંધોનો જાહેરમાં એકરાર કરતા સમાચારો તેમજ જાહેરમાં ચુંબનનાં દશ્યો આવા વ્યભિચારીઓનાં પેપરો તથા ટી.વી. પર આપવામાં આવે છે.

**(૧૬)** કુકર્મી સ્ત્રીની બુરાઈ હજારોના કુકર્મોની બરાબર છે અને નેક સ્ત્રીની નેક સતર (છુપાવવાની જગા) સિદીકો અને વલીઓની નેકીના બરાબર છે.

અને ફર્માવ્યું કે, સ્ત્રી પોતાના ઘરના કારોબારમાં લાગેલી રહે તો જો ખુદાએ ઈચ્છયું તો મુજાહિદોના જેટલો સવાબ પામશે. –*(કન્ઝુલ ઉમ્માલ)*

## ★ પતિ સાથે જીવન નિર્વાહનો તરીકો ★

પતિ પત્નીનો સંબંધ એક એવો મજબૂત સંબંધ છે કે આખી જિંદગી એ બંધનમાં રહીને પસાર કરવાની છે. જો પતિ પત્નીમાં પૂરેપૂરી એક્યતા અને મનમેળ રહ્યો તો એથી વિશેષ કોઈ નેઅમત નથી. અને જો કોઈ પતિ પત્ની વચ્ચે મતભેદ ઉદ્ભવ પામ્યો અને ઝઘડા કંકાસની પરિસ્થિતિ સર્જાઈ તો એથી વિશેષ કોઈ મુસીબત નથી. કેમ કે એનાથી પતિ પત્ની બંનેનું જીવન જહન્નમ બની જાય છે. અને બંને જણ જીવનભર ગુંગળામણ અને બળાપાની આગમાં સળગતાં રહે છે. વર્તમાનકાળમાં પતિ પત્નીના ઝઘડા કંકાસ એટલા પ્રમાણમાં વધી ગયા છે કે હજારો પુરૂષો તથા હજારો સ્ત્રીઓ આ બલામાં સપડાએલાં છે. અને મુસલમાનોના હજારો કુટુંબો આ મતભેદની આગમાં સળગી રહ્યાં છે. અને પતિ પત્ની બંને પોતાની જિંદગીથી ત્રાસી જઈને રાત દિવસ મરવાની દુઆ માંગતાં રહે છે. એટલા માટે અમે યોગ્ય સમજીએ છીએ કે આ સ્થાને કેટલીક એવી નસીહતો લખી દઈએ કે જો સ્ત્રી પુરૂષ તેના પર અમલ કરવા લાગે તો અલ્લાહ તઆલાથી ઉમ્મીદ છે કે પતિ પત્નીના ઝઘડાઓથી સમાજ સદંતર પવિત્ર થઈ જશે અને મુસલમાનોનું દરેક ઘર શાંતિ તથા ચૈન સંતોષની જન્નત બની જશે.

**(૧)** દરેક સ્ત્રી પતિના ઘરમાં કદમ રાખતાં જ પોતાના માટે એ અનિવાર્ય સમજી લે કે તે દરેક વખતે દરેક સ્થિતિમાં પોતાના પતિનું દિલ પોતાના હાથમાં લઈને જીવતી રહે અને તેના ઈશારાઓ પર ચાલતી રહે. જો પતિ હુકમ આપે કે આખો દિવસ તડકામાં ઉભી રહે અથવા આખી રાત જાગી જાગીને મને પંખો હલાવતી રહે, તો સ્ત્રી માટે દુનિયા તથા આખેરતની ભલાઈ એમાં જ છે કે થોડી તકલીફ ઉઠાવીને અને ધીરજ રાખીને આ હુકમનું પણ પાલન કરે અને કયારે પણ કોઈ પણ હાલતમાં પતિના હુકમની અવગણના ન કરે.

**(૨)** દરેક સ્ત્રીએ જોઈએ કે તેણી પોતાના પતિના સ્વભાવને પારખી લે અને ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરતી રહે કે તેના પતિને કઈ કઈ ચીજો અને કઈ કઈ વાતો અણગમતી છે, અને તે કઈ કઈ વાતોથી ખુશ થાય છે અને કઈ કઈ વાતોથી નારાજ થાય છે. ઉઠક બેઠકમાં, સૂવા જાગવામાં, પહેરવા ઓઢવામાં અને વાતચીતમાં તેની આદતો તથા શોખ કયા અને કેવા છે, એ રીતે પતિનો સ્વભાવ ખૂબ જ સારી પેઠે જાણી લે, ત્યાર બાદ સ્ત્રીએ જોઈએ કે તેણી દરેક કામ તેના પતિના સ્વભાવને અનુરૂપ કરે અને કદી પણ કોઈ પણ કામ પતિના સ્વભાવની વિરૂધ્ધ થવા ન પામે.

**(૩)** સ્ત્રીએ જોઈએ કે પુરૂષને કદી પણ કટુવાણી ન સંભળાવે અને ન તેની સમક્ષ ગુસ્સામાં ચીસો પાડી પાડીને બોલે, તેની વાતોનો કડવો તીખો જવાબ ન આપે. ન કદી તેને મહેણુ મારે ન પજવે અને ન તેની લાવેલી ચીજોમાં ખામી કાઢે અને ન પતિના મકાન તથા સામાનને હલકુ જણાવે.

ન પતિના માં બાપ અથવા તેના ખાનદાન અથવા તેની શિકલ તથા સૂરતના વિશે એવી વાત કરે જેનાથી પતિના દિલને ઠોકર લાગે અને ફોગટમાં તેને સાંભળીને ખોટુ લાગે. આ પ્રકારની વાતોથી પતિનું દિલ દુઃખાઈ જાય છે અને ક્રમે ક્રમે પતિને પત્નીની નફરત થવા લાગે છે જેનું પરિણામ લડાઈ ઝઘડા સિવાય કાંઈ નીકળતું નથી. એટલે સુધી કે પતિ પત્નીમાં જબરદસ્ત બગાડ પેદા થઈ જાય છે જેનું પરિણામ એવું નીકળે છે કે કયાં તો તલાકની નોબત આવે છે અથવા તો પત્ની પોતાના પિયરમાં બેસવા માટે મજબૂર થઈ જાય છે અને પોતાની

ભાભીઓના મહેણાં સાંભળીને ગુંગળામણની ભઠ્ઠીમાં એ જ પ્રમાણે સળગતી રહે છે. અને પિયર તથા સાસરીના બંને કુટુંબો વચ્ચે મતભેદની આગ ભડકી ઉઠે છે, તો વળી કયારેક કોર્ટ કચેરીના ચક્કર કાપવાના થાય છે, અને કયારેક મારપીટ થાય અને પોલીસ કેસોનો અવિરત ચાલનારો ક્રમ ચાલુ થઈ જાય છે, અને પતિ પત્નીની જિંદગી જહન્નમ બની જાય છે અને બંને કુટુંબો લડી ઝઘડીને તબાહ તથા બર્બાદ થઈ જાય છે.

**(૪)** સ્ત્રીએ જોઈએ કે પતિની આવકની સ્થિતિ જોઈને તેનાથી વધારે ખર્ચ ન માંગે બલ્કે જે કાંઈ મળે તેના પર સબ્ર તથા શુક્રની સાથે પોતાનુ ઘર સમજીને ધૈર્ય તથા હસી આનંદ સાથે જીવન પસાર કરે. જો કોઈ ઘરેણુ અથવા કપડું અથવા સામાન પસંદ પડી જાય અને પતિની આર્થિક સ્થિતિ એવી નથી કે તે તેને લાવી શકે તો કદી પણ તેની ફર્માઈશ ન કરે.

**(૫)** સ્ત્રીએ કદી પણ પોતાના પતિના દેખાવ પર કટાક્ષ ન કરવો જોઈએ અને ન કદી પતિનું અપમાન તથા નાશુક્રી કરે અને કદી પણ ભૂલે ચૂકે પણ કડવા વેણ ન કાઢે.

**(૬)** પત્ની માટે જરૂરી છે કે હમેશાં ઉઠતા બેસતાં, વાતચીતમાં, દરેક સ્થિતિમાં પતિ સમક્ષ સભ્યતા સાથે રહે અને તેની માનમર્યાદાનો ખયાલ રાખે. પતિ જ્યારે કદી બહારથી આવે તો પત્નીએ જોઈએ કે સૌ કામ છોડીને ઉભી થઈ જઈને પતિની તરફ ધ્યાન આપે અને તેની ખબર પૂછે અને તુરંત તેને આરામ તથા રાહતની વ્યવસ્થા કરી આપે, અને કોઈ એવી વાત ન કરે જેનાથી પતિના દિલને દુ:ખ પહોંચે.

**(૭)** જો પતિની કોઈ વાતથી પત્નીને ગુસ્સો આવી જાય તો કોઈ વાત એ રીતે ન બોલે કે પતિનો ગુસ્સો ઓર વધી જાય.

**(૮)** સ્ત્રીએ જોઈએ કે પતિ પાસેથી તેની આવક તથા ખર્ચનો હિસાબ ન માંગ્યા કરે કેમ કે પતિઓના ખર્ચ પર સ્ત્રીઓની રોકટોકથી સામાન્યત: પતિઓને ખીજ ચઢે છે.

**(૯)** જ્યાં સુધી સાસુ સસરા જીવતાં છે ત્યાં સુધી સ્ત્રી માટે જરૂરી છે કે તે બંનેની પણ તાબેદારી અને સેવા ચાકરી કરે અને શકય હોય ત્યાં સુધી તેમને ખુશ રાખે. નહીં તો યાદ રાખો કે પતિ તે બંનેનો પુત્ર છે, જો તે બંનેએ પોતાના પુત્રને ડરાવી ધમકાવીને ચાવી ચઢાવી તો ચોક્કસ પતિ પત્નીથી નારાજ થઈ જશે અને પતિ પત્ની બંનેના સંબંધો વેરવિખેર થઈ જશે. એ જ પ્રમાણે પોતાના જેઠો, દિયરો અને નણંદો, ભાણ્યાંઓની સાથે પણ ખુશદિલી પૂર્વક વર્તે અને સૌનું દિલ રાજી રાખવા પ્રયત્નશીલ રહે.

**(૧૦)** સ્ત્રીને સાસરીમાં કોઈ તકલીફ પહોંચે તો કદી પણ પિયરમાં આવીને ચુગલી ન ખાઈ, કેમ કે સાસરીની નાની નાની વાતોની ફરિયાદ પિયરમાં આવીને માં બાપને કરવી એ ખૂબ જ ખરાબ તથા બુરી વાત છે. સાસરીવાળાઓને એ વાતથી ખૂબ જ ખોટુ લાગે છે એટલે સુધી કે બંને ઘરો વચ્ચે બગાડ અને લડાઈ ઝઘડા શરૂ થઈ જાય છે, પરિણામે પતિ પત્ની વચ્ચે ઝઘડા ઉભા થાય છે અને જિંદગી જહન્નમનો નમૂનો બની જાય છે.

**(૧૧)** સ્ત્રીએ જોઈએ કે શકય હોય ત્યાં સુધી પોતાના શરીરના કપડાંની સ્વછતા અને સફાઈનું ધ્યાન રાખે, મેલી ઘેલી અને અણઘડ બનેલી ન રહે બલ્કે પોતાના પતિની મરજી તથા સ્વભાવ મુજબ શણગાર પણ કરતી રહે. કમસે કમ હાથ પગમાં મેંદી, કાંસકી, ચોટલો, સૂરમો, કાજળ વગેરેની કાળજી કરતી રહે (પણ લાલી, લીપસ્ટીક, હેરકટીંગથી તો દૂર જ રહે ! શણગાર પતિ માટે જ કરે, તે પણ શરઈ હદમાં રહીને જ) જેથી કયાંક પતિ તેના અણઘડપણાને લઈને અન્ય સ્ત્રીઓની પ્રત્યે નજરો દોડાવતો ન થઈ જાય, નહીં તો તે સ્ત્રીએ જીવનભર રડવા પીટવા સિવાય અન્ય કોઈ આરો રહેશે નહીં.

**(૧૨)** સ્ત્રીએ જોઈએ કે પ્રથમ પોતાના પતિ

તથા સાસરીના અન્ય માણસોને ખવડાવે પછી પોતે ખાય. આ રીતે કરવાથી પતિ અને તેના ઘરવાળાઓના દિલમાં સ્ત્રીની કદર તથા ઈજ્જત અને મહોબ્બત વધી જશે.

## ★ ઉત્તમ પત્નીની ઓળખ ★

**૧.** ઉત્તમ પત્ની તે છે જે પોતાના પતિનું આજ્ઞાપાલન તથા તેની સેવા ચાકરીને પોતાની ખાસ ફરજ સમજે.

**૨.** જે પતિની સર્વ હક્કો અદા કરવામાં ઉણપ ન વર્તે.

**૩.** જે પતિના ખૂબીઓ તરફ ધ્યાન રાખે અને ખામીઓ તથા ઉણપોની પ્રત્યે ધ્યાન ન ધરે. (દર ગુઝર કરતી રહે)

**૪.** જે પોતે તકલીફ વેઠીને પોતાના પતિને સગવડ પહોંચાડવાની કોશિશ કરતી રહે.

**૫.** જે પોતાના પતિની પાસે તેની આવકથી વિશેષ માંગણીઓ ન કરે.

**૬.** જે પોતાના પતિ સિવાય કોઈ અજનબી પુરૂષ નામહરમ પર નિગાહ ન નાખે, ન અન્યની નજર પોતાના ઉપર પડવા દે.

**૭.** પર્દામાં રહે અને પોતાના પતિની પ્રતિષ્ઠા તથા આબરૂની રક્ષા કરે.

**૮.** જે પતિના માલ, સામાન તથા મકાન અને ખૂદ પોતાની જાતને પતિની અમાનત સમજીને દરેક ચીજની રક્ષા તથા દેખરેખ કરતી રહે.

**૯.** જે પોતાના પતિની મુસીબતમાં પોતાના જાનમાલની કુર્બાની સાથે પોતાની વફાદારીની સાબિતી આપે.

**૧૦.** જે પોતાના પતિના દાબ તથા જુલ્મ પર હમેશાં સબર કરતી રહે.

**૧૧.** જે સાસરીમાં તથા પિયરમાં સૌની પ્યારી, દિલ જીતનારી અને ઈજ્જતવાન (આવારા નહીં) હોય.

**૧૨.** જે પડોશીઓ તથા હળતી મળતી સ્ત્રીઓની સાથે સદ્‌વર્તાવ અને શરાફત તથા માણસાઈભર્યો વર્તાવ કરે અને સૌ તેની ખૂબીઓના પ્રશંસક હોય.

**૧૩.** જે મઝહબની પાંબદ અને દીનદાર હોય અને હુકૂકુલ્લાહ (ખુદાનો હક્કો) અને હુકૂકુલ એબાદ (બંદાઓના હક્કો)ને અદા કરતી હોય.

**૧૪.** જે સાસરીવાળાઓની કડવી વાતો પણ સહન કરતી હોય.

**૧૫.** જે બધાં ઘરનાં સભ્યોને ખવડાવી પીવડાવીને છેલ્લે જમતી હોય. *–(જન્નતી ઝેવર)*

## ★ પત્નીના હક્કો ★

નેક સ્ત્રી દુનિયાની સૌથી મોટી નેઅમત છે. રહમતે આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)નો ઈર્શાદે ગિરામી છે, (અર્થ) : દુનિયા લાભ ઉઠાવવાની ચીજ છે અને સૌથી શ્રેષ્ઠ ચીજ "નેક સ્ત્રી" છે. *(મુસ્લિમ)*

બીજી હદીષમાં તેની વિગત આ પ્રમાણે ફર્માવી છે, "અલ્લાહ તઆલાના તકવા (પરહેઝગારી) અને ઈમાન પછી મુસલમાન માણસના માટે સૌથી બેહતર ચીજ નેક સ્ત્રી છે કે તેણીને જે હુકમ આપવામાં આવે તેનું પાલન કરે અને જો તેણી તરફ જુએ તો ખુશ કરી દે. અને જો તેણીને છોડીને પરદેશ વગેરે કયાંય ચાલ્યો જાય તો તેની ગેરહાજરીમાં પોતાના નફસની (મનેચ્છાઓની) અને પતિના માલની રક્ષા કરે. *(ઈબ્ને માજહ)*

સ્ત્રીઓનો હક્ક પુરૂષો પર એવી રીતે છે કે જેવી રીતે પુરૂષોનો હક્ક સ્ત્રીઓ ઉપર છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

"જેવી રીતે પુરૂષોનો હક્ક સ્ત્રીઓ પર છે તેવી જ રીતે નિયમાનુસાર સ્ત્રીઓનો હક્ક પુરૂષો ઉપર પણ છે."

સ્ત્રી શારીરિક અને પેદાઈશી હૈસિયતથી

અતિશય અશકત અને નમણી (નાઝુક) હોય છે એટલા માટે તેના દિલને રાજી રાખવાની વધારે અગત્યતા હોય છે. દરેક શકય તરીકાથી તેના નાઝ ઉઠાવવાની અને હક્ક અદા કરવાની અને સભ્ય વર્તાવથી વર્તવાની ખૂબ જ આવશ્યકતા છે. સૂરએ નિસાઅમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે, "તમે સ્ત્રીઓની સાથે ખૂબ જ સારા તરીકાની સાથે જિંદગી પસાર કરો. તેણીઓ તમને પસંદ નથી તો બની શકે છે કે તમને એક (કોઈ) ચીજ પસંદ ન આવે અને અલ્લાહ તઆલાએ તેમાં મોટી ખૂબી રાખેલી છે."

હદીષ શરીફમાં પણ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) એ ફર્માવ્યું જેનો નિર્દેશ પણ એ જ દિશામાં છે કે, મુસલમાન પુરૂષ મુસલમાન સ્ત્રી સાથે દુશ્મની ન રાખે (કેમ કે) જો તે તેણીની એક આદતથી નાખુશ છે તો બીજી આદતથી ખુશ હશે. *(મુસ્લિમ શરીફ)*

હજ્જતુલ વિદાઅના એક લાંબા ખુત્બા (પ્રવચન)માં સ્ત્રીઓના હક્કમાં વસિયત ફર્માવી અને ફર્માવ્યું કે, હું તમને સ્ત્રીઓ સાથે ભલાઈ કરવાની વસિયત કરું છું તો તમે આ વસિયતનો સ્વીકાર કરી લો. યકીનન સ્ત્રીઓ પાંસળીમાંથી પેદા કરવામાં આવેલી છે અને પાંસળી વાંકી હોય છે. જો તમે પાંસળીને સીધી કરવા ઈચ્છો તો તે તૂટી જશે અને જો તેના હાલ પર છોડી દેશો તો વાંકી જ રહેશે. હું તમને સ્ત્રીઓની સાથે ભલાઈની વસિયત કરું છું તો તમે તેને જરૂરથી માનો. *(બુખારી તથા મુસ્લિમ)*

એટલે કે સ્ત્રીનું સર્જન પાંસળીમાંથી થયું છે જેવી રીતે પાંસળી પ્રકૃતિ મુજબ વાંકી છે અને વાંકી હોવાને કારણે તે લાભદાયી પણ છે. એ જ સ્થિતિ સ્ત્રીઓની પણ છે અને તેનામાં લાગણીઓની કઠિનતા તથા નાઝુકપણુ પણ છે અને તેણીમાં તેનું હોવું જરૂરી પણ છે, નહીં તો તેણી ઔલાદનો ઉછેર ન કરી શકત. એટલા માટે તમે એવું ન કરો કે તેની પ્રાકૃતિક વિશિષ્ટતાને અવગણીને તેની સુધારણા કરવાનો પ્રયત્ન કરો, ન તેને તમારી મરજી મુજબ વાળો, જો તમે એવું કરવા ચાહશો તો તેને તોડી નાખશો. હા જો તમે તેણીની કઠણાઈ અને નરમાશની ભાવનાઓની કદર કરીને તેણી સાથે સંબંધ સ્થાપશો અને તેણીની લાગણીઓને ઠેસ ન પહોંચાડો અને તેણીની સુધારણામાં કડકાઈ અને ઉતાવળ કરવાને બદલે ધીમે ધીમે ધીરજ તથા સહનશીલતાથી કામ લેશો તો ચોક્કસ તેણી સાથે સંબંધો આનંદમય બનશે અને તેના વડે સ્ત્રીની સુધારણા થઈ શકશે. એટલા માટે સ્ત્રીઓ સાથે ઉત્તમ વ્યવહાર કરવો એ જ પુરૂષનું કામ છે અને એ જ માર્ગ અપનાવો જોઈએ.

એક ઠેકાણે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

"અલ્લાહની બાંદીઓ (સ્ત્રીઓ)ને ન મારો. તો હઝરત ઉમર (રદિયલ્લાહુ અન્હૂ) રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે આવ્યા અને બોલ્યા કે, સ્ત્રીઓ પુરૂષોની સામે ખૂબ જ નીડર છે. તો આપે તેમને મારવાની છૂટ આપી દીધી. તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઘરાનાને ઘણી સ્ત્રીઓએ ઘેરો કર્યો, (ભેગી થઈ) અને તેણીઓએ પોતાના પતિઓની ફરિયાદ કરી. તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, જે લોકો પોતાની સ્ત્રીઓ પર જુલ્મ કરે છે તે તમારામાંથી સારા માણસો નથી. *(અબૂદાઊદ)*

રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્ત્રીઓના બારામાં જે કાયદેસરની વાત કહી છે તે એ છે કે, તમારામાંથી વધુ સારો શખ્સ તે છે જે પોતાના ઘરવાળાઓના માટે અધિક સારો હોય અને હું તમારામાં સૌથી વધુ પોતાના ઘરવાળાઓના માટે સારો છું. *(તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)*

માણસના બેહતર અને સારા હોવાની આ એક એવી ઓળખ જણાવી દેવામાં આવી છે કે અરીસામાં દરેક પોતાનું પ્રતિબિંબ જોઈ શકે છે. જે પોતાના સાથે ન્યાય અને એહસાન નથી કરી શકતા ! તે અન્યોની સાથે શું કરી શકે છે ? કેમ કે ભલાઈ ઘરથી

શરૂ થવી જોઈએ. એક પ્રસંગે એક જણે હાજર થઈને અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! પત્નીનો હક્ક પતિ પર શું છે ? તો આપે ફર્માવ્યું કે,

"જ્યારે પોતે ખાય તો તેણીને ખવડાવે, જ્યારે અને જેવું પણ પોતે પેહરે ત્યારે તેણીને પણ પેહરાવે, ન તેણીના મોઢા પર થપ્પડ મારે અને તેણીને ન બુરૂ ભલુ કહે અને ન ઘર સિવાય તેની સજાના માટે તેને જુદી કરે." *(ઈબ્ને માજહ)*

હિન્દા બિન્તે ઉત્બાએ હુઝૂરની પાસે આવીને અર્ઝ કરી કે, મારો પતિ કંજૂસ છે, મારો અને બાળ બચ્ચાંનો પૂરો ખર્ચ નથી આપતો પણ જ્યારે કે હું તેની અજાણતામાં લઉં. તો આપે ફર્માવ્યું, "તુ ભલાઈની સાથે રહેવા અને પોતાના બાળબચ્ચાંના માટે લઈ શકે છે."

એક અન્ય ઠેકાણે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું કે, તમે તમારી સ્ત્રીઓને ગુલામોની જેમ ન મારો છેવટે દિવસ (રાત)માં તમે તેમનાથી મળશો અને તમને તેમની જરૂરત પડશે. *(બુખારી)*

જો કોઈની અધિક પત્નીઓ છે તો તેમનામાં અદ્‌લો ઈન્સાફ રાખે. હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું કે, જેની પાસે બે પત્નીઓ હોય અને તે તેમની વચ્ચે ન્યાય નથી કરતો તો તે કિયામતના દિવસે એ સ્થિતિમાં આવશે કે તેનું અડધુ ધડ પડેલુ હશે.

## ★ પત્ની સાથે જીવન નિર્વાહનો તરીકો ★

ઉપરોકત હદીષો પર વિચાર કરવાથી જાણવા મળે છે કે પુરૂષ માટે જરૂરી છે કે તે નિમ્ન લિખિત વાતો ઉપર અમલ કરે, નહીં તો ખુદાની બારગાહમાં ઘણો જ મોટો ગુનેહગાર અને સગા સંબંધી તથા સમાજની દષ્ટિમાં દરેક ઠેકાણે ઝલીલોખાર (બેઈજ્જત) થશે.

**(૧)** પતિ પર તેની પત્નીનો એ હક્ક ફરજ છે કે તે પોતાની પત્નીના ખાવા પીવા અને રહેવા અને અન્ય જીવન જરૂરી ચીજોની પોતાની શકિત મુજબ અને હૈસિયત પ્રમાણે વ્યવસ્થા કરે. અને દરેક સમયે એ વાતોનો ખયાલ રાખે કે આ અલ્લાહની બંદી મારા નિકાહના બંધંનમાં બંધાયેલી છે. અને તેણી પોતાના માં બાપ, ભાઈ, બહેન અને તમામ સગાં સ્નેહી કુટુંબીઓને છોડીને કેવળ મારી થઈને રહી ગઈ છે. અને મારી જિંદગીના દુઃખ સુખમાં સમાન રીતે ભાગીદાર બની થઈ છે. એટલા માટે તેણીની જિંદગીની સર્વ જરૂરતોની વ્યવસ્થા કરવી એ મારી ફરજ છે. યાદ રાખો કે જે પુરૂષો પોતાની લાપરવાહીથી પોતાની પત્નીના ભરણ પોષણ અને જીવન જરૂરી ચીજોની વ્યવસ્થા નથી કરતા તેઓ ઘણા જ મોટા ગુનેહગાર અને બંદાઓના હક્કોમાં ગિરફતાર થયેલા અને ખુદાના કહેર તથા જહન્નમના અઝાબની સજાને પાત્ર છે.

**(૨)** એ પણ સ્ત્રીનો હક્ક છે કે પતિ તેણી સાથે સહશયનનો હક્ક અદા કરતો રહે. શરીઅતમાં તેની કોઈ મર્યાદા નિશ્ચિત નથી પણ ઓછામાં ઓછું એટલું તો હોવું જ જોઈએ કે પત્નીની ઈચ્છા પૂર્ણ થતી રહે અને આમ તેમ દ્રષ્ટિ ન ગુમાવે.

**(૩)** સ્ત્રીને કદી પણ કોઈ મોટા વાંક વિના કદી ન મારે. હા, જો સ્ત્રી કોઈ મોટી ભૂલ કરી બેસે તો બદલો લેવા કે દુઃખ આપવા માટે નહીં પણ તેણીની સુધારણા અને ચેતવણીની નિય્યતથી પતિ તેણીને મારી શકે છે પણ મારવામાં એનું સંપૂર્ણ ધ્યાન રાખે કે તેને સખત ચૌટ કે ઘા ન પહોંચે. *(કુર્આન મજીદ)*

**ફાયદો :** ફિકહની કિતાબોમાં લખ્યું છે કે પતિ પોતાની પત્નીને ચાર વાતો માટે શિક્ષા આપી શકે છે અને તે ચાર વાતો આ મુજબ છે :

**(અ)** પતિ પત્નીને શણગાર સજવાનો અને સફાઈ સુથરાપણુ રાખવાનો હુકમ આપે તેમ છતાં પણ તે તેણી અણઘડ અને મેલી ઘેલી બનીને રહે.

**(બ)** પતિ પ્રેમ કરવાની ઈચ્છા વ્યકત કરે અને પત્ની કશીય મજબૂરી વિના ના પાડે.

**(ક)** સ્ત્રી હૈઝ તથા જનાબત (માસિક બંધ થયા બાદ તથા સંભોગ કર્યા બાદ) સ્નાન ન કરતી હોય.

**(ડ)** વિના કારણે નમાઝ ત્યજી દેતી હોય.

આ ચાર સ્થિતિઓમાં પતિઓએ જોઈએ કે પ્રથમ પત્નીને સમજાવી આપે. જો માની જાય તો ઠીક નહીં, તો ડરાવે ધમકાવે અને જો તેનાથી પણ ન માને તો એ શરતની સાથે મારવાની ઈજાઝત છે કે મોઢા પર ન મારે અને એવો સખત માર ન મારે કે હાડકુ તૂટી જાય અથવા શરીર પર ઘા થઈ જાય.

**(૪)** પુરૂષ માટે જરૂરી છે કે સ્ત્રીના દેખાવની ટીકા ન કરે (મહેણા ન મારે) અને સ્ત્રીના પિયરવાળ ાઓ પર ટીકા ટિપ્પણ અને મહેણા ન મારે. ન સ્ત્રીના માં-બાપ, સગાં સ્નેહીઓ સમક્ષ તેણીને બુરૂ ભલુ કહે.

**(૫)** પુરૂષ નિઃશક સ્ત્રી પર હાકિમ છે, પણ પુરૂષના માટે જરૂરી છે કે પોતાની પત્નીને કોઈ એવા કામની ફર્માઈશ ન કરે જે તેણીની શકિત બહારનું હોય અથવા તે તેણીને અતિશય અણગમતુ હોય.

**(૬)** પતિએ જોઈએ કે મુસાફરીમાં જતી વેળા પોતાની પત્ની સાથે અતિશય પ્યાર તથા મહોબ્બતની સાથે હસી ખુશીથી મુલાકાત કરીને ઘરેથી નીકળે અને મુસાફરીએથી પાછા આવતાં કાંઈ ન કાંઈ સામાન પત્ની માટે ચોક્કસ લાવે, એવું કરવાથી મહોબ્બતમાં વધારો થશે.

**(૭)** સ્ત્રી પિયરેથી કોઈ વસ્તુ લાવીને અથવા પોતે બનાવીને રજુ કરે તો પતિએ જોઈએ કે ભલે તે ચીજ તદન ઉતરતી કક્ષાની હોય તો પણ તેના માટે ખુશી પ્રદર્શિત કરે. અને અમુક પ્રશંસાત્મક શબ્દો પણ કહી આપે જેથી કરીને તેણીનું દિલ ન તૂટે અને તેનો ઉત્સાહ મંદ ન થઈ જાય.

**(૮)** પત્ની જો બીમાર પડી જાય તો પતિની એ વહેવારિક ફરજ છે કે પત્નીની ખબર અંતર રાખવામાં તથા સેવા ચાકરીમાં કદી પણ કોઈ ઉણપ ન કરે બલ્કે પોતાની દિલદારી અને હમદર્દી અને ભાગદોડ વડે સ્ત્રીના દિલ પર એવી છાપ બેસાડી દે કે મારા પતિને મારાથી અતિશય પ્રેમ છે. તેનું પરિણામ એ આવશે કે પત્ની તેના આ એહસાનને યાદ રાખશે અને તેણી પણ પતિની સેવા સુશ્રુષામાં જ પોતાના પ્રાણ પાથરી દેશે.

**(૯)** પતિએ જોઈએ કે પોતાની પત્ની પર વિશ્વાસ તથા ભરોસો કરે અને ઘરગથ્થુ બાબતો તેણીને સુપ્રત કરી દે જેથી પત્ની પોતાની હૈસિયતને (લાયકાતને) ઓળખે અને તેણીની કદર તેનામાં ખૂદ વિ□સનીયતા (આત્મવિશ્વાસ) પેદા કરશે અને તે ખૂબ જ દિલચસ્પી તથા પ્રયત્નપૂર્વક ઘરગથ્થુ મામલાઓની વ્યવસ્થાને સંભાળશે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું છે કે, સ્ત્રી પોતાના ઘરની નિગેહબાન અને રક્ષક છે અને આ મામલામાં સ્ત્રીને કિયામતમાં ખુદાવંદે કુદુસ પૂછતાછ ફર્માવશે.

પત્ની પર વિ□ાસ કરવામાં એ લાભ થશે કે, તેણી પોતે પોતાને ઘરગથ્થુ વ્યવસ્થાની બાબતોમાં એક ક્ષેત્રની જિમ્મેદારી અનુભવશે અને પતિને મહદઅંશે ઘરેલુ ગરબડોથી મુકિત મળી જશે અને સંતોષપૂર્ણ જિંદગી નસીબ થશે.

**(૧૧)** સ્ત્રીને તેના પતિ પર એક હક્ક એ પણ છે કે પતિ પત્ની સાથે સહશયનની ખાનગી વાતોને અન્ય લોકો સમક્ષ ન વર્ણવે બલ્કે તેને રહસ્ય બનાવીને પોતાના દિલમાં જ રાખે. કેમ કે હદીષ શરીફમાં આવ્યું છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું કે, ખુદાની નજીક બદતરીન (સૌથી ખરાબ) શખ્સ તે છે કે જે પોતાની પત્નીની પાસે જાય અને તેની ગુપ્ત વાતોને લોકો

સમક્ષ પ્રદર્શિત કરે અને પત્નીને અન્ય લોકોની દૃષ્ટિમાં હલકી પાડે. *(મુસ્લિમ, ભાગ–૧, પેજ–૪૬૪)*

**(૧૨)** પતિએ જોઈએ કે પત્ની સમક્ષ આવે તો મેલાં ઘેલાં ગંદા કપડાંમાં ન આવે બલ્કે શરીર, પોશાક, સતર (ગુપ્ત ભાગ) વગેરેની સફાઈ સ્વચ્છતાનો ખયાલ રાખે. કેમ કે પતિ જેવી રીતે એવું ઈચ્છે છે કે તેની પત્ની શણગાર કરીને રહે તે જ પ્રમાણે સ્ત્રી પણ એવું ઈચ્છે છે કે મારો પતિ મેલો ઘેલો ન રહે. પતિ પત્ની બંને જણે એક બીજાની લાગણીઓ તથા ભાવનાઓનો ખયાલ રાખવો જરૂરી છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને એ વાતથી સખત નફરત હતી કે, માણસ મેલો ઘેલો બનીને રહે એને તેના વાળ વિખરાયેલા રહે. આ હદીષ પર પતિ પત્ની બંને જણે અમલ કરવો જોઈએ.

**(૧૩)** સ્ત્રીનો તેના પતિ પર એ પણ હક્ક છે કે પતિ સ્ત્રીની સુઘડતા અને શણગાર માટેનો સામાન એટલે સાબુ, તેલ, કાંસકો, મેંદી, ખુશ્બુ વગેરે પૂરી પાડતો રહે જેથી સ્ત્રી પોતાને સાફ સુથરી રાખી શકે અને શણગાર સજીને રહે.

**(૧૪)** પતિએ જોઈએ કે મામૂલી મામૂલી પાયાહિન વાતો પર પોતાની પત્ની માટે બદગુમાની ન કરે બલ્કે એ મામલામાં હમેશાં સાવચેતી અને સમજદારી વડે કામ લે. યાદ રાખો કે મામૂલી શકના કારણે પત્ની ઉપર આક્ષેપ લગાડવો અથવા બદગુમાની કરવી ઘણો જ મોટો ગુનોહ છે.

**(૧૫)** જો પતિ પત્નીનામાં કોઈ મતભેદ કે તણાવ પેદા થઈ જાય તો પતિ માટે જરૂરી છે કે તલાક આપવા કદી પણ ઉતાવળ ન કરે બલ્કે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખે અને ગુસ્સો ઉતર્યા બાદ ઠંડા કલેજે વિચારીને અન્ય લોકોની સલાહ મેળવીને એવું વિચારે કે પતિ પત્નીમાં સમાધાનની કોઈ સ્થિતિ નીકળી આવે છે કે કેમ ? જો સમાધાન તથા મેળાપની કોઈ સ્થિતી નીકળી આવે તો કદી પણ કોઈ કાળે તલાક ન આપે. કેમ કે તલાક સારી વસ્તુ નથી. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું છે કે, હલાલ ચીજોમાં સૌથી અધિક ખુદાની નજીક નાપસંદીદા ચીજ તલાક છે. *(અબૂદાઊદ, ભાગ–૧, પેજ–૩૦૩, પ્રકરણ–કરાહતે તલાક)*

**(૧૬)** જો કોઈની પાસે બે કે તેથી અધિક પત્નીઓ છે તો તેના ઉપર 'ફર્ઝ' છે કે તમામ પત્નીઓ વચ્ચે ન્યાય તથા સમાનતાભર્યો વર્તાવ કરે. ખાવા, પીવા, મકાન, સામાન, શણગારની ચીજો મતલબ કે તમામ બાબતોમાં સમતોલપણું જાળવે. એ પ્રમાણે દરેક પત્ની પાસે રાત પસાર કરવાનો વારો નક્કી કરવામાં પણ સમાનતાનો ખયાલ ધ્યાનમાં રાખે. કેમ કે જો પતિ સમાનપણે વહેવાર નથી રાખતો તો હુકૂકુલ એબાદ (બંદાઓના હક્કો)માં સપડાશે અને જહન્નમની સજાને પાત્ર ઠરશે.

**(૧૭)** જો પત્નીની કોઈ વાત કે કાર્ય, કુટેવ, ખરાબ વર્તન, સ્વભાવની કડકાઈ, લાંબી જીભ વગેરેથી પતિને જો કદી તકલીફ પહોંચે તો પતિએ સબર તથા સંયમ અને સહનશીલતાથી કામ લેવું જોઈએ કેમ કે સ્ત્રીઓનું આડાપણુ એક પ્રાકૃતિક ચીજ છે.

**(૧૮)** પતિએ જોઈએ કે સ્ત્રીના ખર્ચાઓ બારામાં એકદમ કંજૂસી ન કરે અને ન હદથી વધુ ફુઝૂલખર્ચી કરે. પોતાની આવક પ્રમાણે ખર્ચાઓ નિશ્ચિત કરે, ન પોતાની શક્તિથી એકદમ ઓછું ન પોતાની શકિત બહાર.

**(૧૯)** પતિએ જોઈએ કે પોતાની પત્નીને ઘરની ચાર દિવાલોમાં કેદ કરીને ન રાખે બલ્કે માં બાપ તથા સંબંધીઓને ત્યાં આવવા જવાની છૂટ આપતો રહે અને તેણીની સહેલીઓ, સંબંધી સ્ત્રીઓ અને પડોશણો સાથે પણ હળવા મળવાની કોઈ પાબંદી ન લગાડે, શરત એ કે તે સ્ત્રીઓ સાથે મેલ જોલ રાખવામાં કોઈ ફિત્ના ફસાદનો ભય ન હોય અને જો તે સ્ત્રીઓના મેળમેળાપથી સ્ત્રીના બદચલન

અથવા બદઅખ્લાક (ખરાબ ચારિત્રવાળી) થઈ જવાનો ભય હોય તો તે સ્ત્રીઓ સાથે મેળમેળાપ પર પાબંદી લગાડી દેવી જરૂરી છે અને એ પતિનો હક્ક છે. –*(જન્નતી ઝેવર)*

## ★ ઉત્તમ પતિની ઓળખ ★

૧. જે પોતાની પત્ની સાથે નમ્રતા, ખુશમિજાઝી અને સદ્‌વર્તાવની સાથે વર્તે.
૨. જે પોતાની પત્નીના હક્કો અદા કરવામાં કોઈ પ્રકારની બેદરકારી અને ઉણપ ન કરે.
૩. જે પોતાની પત્નીનો એવી રીતે થઈને રહે કે કોઈ પરાઈ સ્ત્રી ઉપર નજર ન નાખે.
૪. જે પોતાની પત્નીને પોતાના એશઆરામમાં સમાનતાની ભાગીદાર જાણે.
૫. જે કદી પોતાની પત્નીઓ પર જુલ્મ તથા સિતમ ન કરે અને કોઈ પ્રકારની નિરર્થક જબરદસ્તી ન કરે.
૬. જે પોતાની પત્નીની તુંડમિજાઝી અને ખરાબ વર્તણૂંક પર સબ્ર કરે.
૭. જે પોતાની પત્નીની ખૂબીઓ ઉપર નજર રાખે અને મામૂલી ગલતીઓને દરગુઝર કરે.
૮. જે પોતાની પત્નીની મુસીબતો, બીમારીઓ, રંજ તથા ગમમાં તેણીની સેવા ચાકરી અને તેણીનું દિલ ખુશ રાખે અને વફાદારીની સાબિતી આપે.
૯. જે પોતાની પત્નીને પર્દામાં રાખીને ઈજ્જત તથા આબરૂની રક્ષા કરે.
૧૦. જે પોતાની પત્નીને દીનદારીની તાકીદ કરતો રહે અને શરીઅતના માર્ગે ચલાવે.
૧૧. જે પોતાની પત્ની તથા બાળબચ્ચાંઓને કમાઈ કમાઈને હલાલ રોજી ખવડાવે.
૧૨. પોતાની પત્નીના પિયરવાસીઓ અને તેણીની સહેલીઓની સાથે પણ સદ્‌વર્તાવ કરે.
૧૩. જે પોતાની પત્નીને બેઈજ્જતી તથા બદનામીથી બચાવે.
૧૪. જે પોતાની પત્નીના ખર્ચામાં કંજૂસાઈ ન કરે.
૧૫. જે પોતાની પત્નીને એ રીતે કન્ટ્રોલમાં રાખે (એ રીતે વર્તે) કે તેણી કોઈ બુરાઈ પ્રત્યે નજર પણ ન કરે.

**ઉપસંહાર** : એક વાર રહમતે આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ આઈશા સિદ્દીકા (રદિયલ્લાહુ તઆલા અન્હા)ને ઈર્શાદ ફર્માવ્યો કે, હે આઈશા ! જ્યારે તમે ખુશ રહો છો તો પણ મને માલૂમ થઈ જાય છે અને નારાજ થાવ છો તો પણ ખબર પડી જાય છે. અર્ઝ કરી, હુઝૂર ! કેવી રીતે ? તો ફર્માવ્યું, જ્યારે જ્યારે ખુશ રહો છો તો આ પ્રમાણે કસમ ખાવ છો કે, "કસમ છે મોહમ્મદના રબની !" અને જ્યારે નારાજ રહો છો તો આ રીતે કસમ ખાવો છો કે, "કસમ છે ઈબ્રાહીમના રબની !" એ સાંભળીને હઝરત આઈશાએ અર્ઝ કરી કે, હુઝૂર ! વાત સાચી છે પણ તે વખતે પણ દિલ તો દસ્તૂર પ્રમાણે (યથાવત) આપની ઉલ્ફત તથા મહોબ્બતમાં ચૂર જ રહ્યા કરે છે, કેવળ જીભથી એવું કહું છું !

મતલબ એ છે કે દાંપત્ય જીવનમાં કદીક નફરત તથા કડવાશના પ્રસંગો પણ આવે છે પણ તે સંજોગોમાં પણ એકબીજાના હક્કો અને અદબનો લેહાઝ સાચવવો એ અતિશય જરૂરી છે.

પતિ પત્નીએ જોઈએ કે દરેક પોત પોતાના હક્કોને ઓળખે અને શરીઅતના તકાઝાઓ પ્રમાણે તેના પર અમલ કરે. આજે કેટલાય ઘરો પતિ પત્નીના મતભેદો અને તેમની વચ્ચેની કડવાશના લીધે જહન્નમ બનેલાં છે તેનું કારણ કેવળ એ છે કે પતિ–પત્ની પોતાના હક્કોને ઓળખતાં જ નથી. મૌલા તઆલા મુસલમાનોને શરઈ તરીકા પર જિંદગી પસાર કરવાની તૌફીક અતા ફર્માવે. આમીન બિજાહિ સૈયદુલ મુરસલીન, સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ. *(કિતાબ હુકૂકુલ ઝવજૈનમાંથી સાભાર)*

# ઝિના (વ્યભિચાર)

અઝ : જનાબ "જિગર" નબીપુરી, લંડન

મોટા ગુનાહો (કબીરા ગુનાહો)માં ઝિના (વ્યભિચાર) પણ મોટો ગુનોહ છે. પર સ્ત્રી સાથે ગેરકાયદેસર રીતે સહચાર સંભોગ કરવો એનું નામ તો ઝિના (વ્યભિચાર) છે જ પરંતુ ! એ રીતે લોંડાબાઝી (અગ્લામ) Sodomy, સ્ત્રીએ સ્ત્રી સાથેનો વ્યભિચાર (સહક) Lesbian, પુરૂષોમાં પ્રકૃતિ વિરૂધ્ધ (લવાતત) Homosexual નું કૃત્ય, આ પ્રકારે પરાઈ સ્ત્રી પુરૂષને ઈરાદાપૂર્વક કુદષ્ટિથી જોવું, નગ્ન તસ્વીરો જોવી, કામવાસના જાગૃત કરે એવી વાર્તાઓ વાંચવી કે શરીરના અંગ ઉપાંગોને જોઈને કે સિનેમા નાટિકાના ગીત કે દશ્યોના વિચારો મનમાં જમાવી આનંદ માણવો, તે પછી બાહ્ય (જાહેરી) રીતે હોય કે આંતરિક (બાતિની) બંનેવ સામેલ છે. કારણ કે એમાં આંખ, કાન, નાક, કાન, હાથ, પગ, મોઢું, મન અને વિચારો એક યા બીજી રીતે પ્રવૃત્ત હોય છે. એનાથી બચવું જોઈએ.

હઝરત નબીએ પાક ﷺ એ ફર્માવ્યું છે કે, પરાઈ સ્ત્રીને કુદષ્ટિએ જોવું આંખનો ગુનોહ છે. તેનું ગીત ગાન સાંભળવું કાનનો ગુનોહ છે, તેનાથી બદ્ઈરાદે વાત કરવી જીભનો ગુનોહ છે, તેને સ્પર્શવું હાથનો ગુનોહ છે, એવા ઈરાદાથી તેના તરફ જવું પગનો ગુનોહ છે, એવા કોઈ પાપની ઈચ્છા રાખવી દિલનો ગુનોહ છે અને અગર એવો કોઈ ગુનોહ કરી ચૂક્યા તો એની સાબિતી શર્મગાહ આપે છે. *(મિશ્કાત શરીફ)*

આમ આ દરેક ગુનોહ ઝિના (વ્યભિચાર)માં લેખાય છે.

વળી આ પ્રકારના માનસિક રોગમાં પિડાતા લોકોને શૈતાન તરફથી પણ પૂરો સાથ મળે છે. પરિણામે એવા લોકો નિર્લજ્જ (બેશરમ) થઈને ઉઘાડે છોગે પણ એવાં કૃત્યો કરતાં અચકાતા નથી. જ્યારે કેટલાક એવા પણ હોય છે કે સમાજમાં કે લોકોની દષ્ટિએ અપમાનિત કે બદનામ થવાની બ્હીકે જાહેરમાં તો આવાં કૃત્યોથી અળગા રહે છે, પરંતુ દિલમાં કામવાસનાના વિચારોને વેગ આપી આનંદ માણતા હોય છે. તેઓના માટે ખાસ ચેતવણી આપવામાં આવી છે કે :–

"વહુવ યઅલમુ ખાઈન તલ અઅયુનિંવ વમા તુખ્ફીસ્સુદુર" **અલ્લાહ તઆલા ખ્યાનત કરનાર કુદષ્ટિભરી આંખને જાણે છે અને તમારા દિલોમાં છુપાએલી વાતને પણ.**

તો જે રીતે બાહ્ય ઝિનાથી બચવાની જરૂર છે એ રીતે આંતરિક ઝિનાથી અળગા રહેવાની જરૂર છે અને જો એમ નહીં કરો તો એ પણ યાદ રાખજો કે, તમારી આત્મા (રૂહ) અંધકારમય બની જશે. પરિણામે ખુદાઈ ક્રોધ, કોપને નોતરવાના હક્કદાર બનશો.

કુર્આને પાકમાં અલ્લાહ તઆલા ફર્માવે છે કે, (ભાવાર્થ) : (હે રસૂલુલ્લાહ ! ﷺ) મો'મિનોને કહો કે, તેઓ તેમની આંખો નીચી રાખે. અને પોતાના ગુપ્તાંગ (સતર)ને ગુનાહથી બચાવે. આ તેમના માટે તકવા (પરહેઝગારી, પાકીઝગી, પવિત્રાઈ) ભર્યું છે. નિઃશંક ! તેઓ જે કાંઈ કરતા રહે છે તેનાથી અલ્લાહ ત્આલા સારી પેઠે ખબરદાર છે. *(સૂરએ નૂર, આયત–૩૦)*

એજ રીતે સ્ત્રીઓ માટે પણ તે પછીની આયતે કરીમામાં ફર્માવ્યું છે કે, (ભાવાર્થ) : અને મો'મિન સ્ત્રીઓને પણ કહી દો કે, તેણીઓ પોતાની દષ્ટિ નીચી રાખે અને પોતાના ગુપ્ત ભાગોને (બીજાઓની નજરોથી) બચાવે અને પોતાના બનાવ–શણગાર કે જે પોતે મેળે જાહેર થાય છે તે સિવાય (જાણી જોઈને) જાહેર (કરવાના પ્રયત્નો) ન કરે. અને તેમને જોઈએ

કે પોતાની ઓઢણી પોતાની છાતી પર નાંખી રાખે....... *(આયત–૩૧, સૂરએ નૂર)*

હઝરત નબીએ પાક ﷺ નું ફર્માન છે કે, પરાઈ સ્ત્રીને જાણીબુઝીને જોવું, કિશોરવયના છોકરાને ભરપુર નજરથી જોવું ફિત્નાનું કારણ બની શકે છે. શૈતાન એનો દાવ અજમાવી નજરબાઝી માટે પૂરો સહકાર આપી બુરા કૃત્ય તરફ દોરી જાય છે. તેમાં તે નજર, દિલ અને ગૃપ્ત ભાગોને ઉશ્કેરે છે, જેથી એવી બાબતોથી બચતા રહો.

હદીષ શરીફની વિ□સપાત્ર કિતાબ "મુસ્લિમ શરીફ"ની શરહ લખનારા હઝરત ઈમામ નવવી رحمۃ اللہ علیہ એ લખ્યું છે કે તરૂણ વય (દાઢી મૂછ વિનાના કિશોર)ના છોકરા જે ખૂબસૂરત હોય તેમના તરફ ભરપૂર નજર નાંખી જોવું હરામ છે. હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ તેમજ હઝરત મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہએ પણ ઉપરોક્ત મંતવ્યને સમર્થન આપ્યું છે. આ બાબતે દીનના અનેક મહાનુભાવોએ પણ આ વિષયને લગતી વિશેષ ચર્ચા કરી છે. તરૂણ (યુવાન) છોકરાને પણ સ્ત્રીના હુકમમાં ગણવામાં આવ્યો છે.

**ઈસ્લામ ધર્મમાં માનવજીવનની ભલાઈ માટે જન્મથી માંડી મૃત્યુ સુધીના ઉચ્ચ ચારિત્ર માટે નિતિ નિયમનું ધોરણ નક્કી કરવામાં આવ્યું છે.** જેમાં સતરે ઔરત (દૂંટીથી માંડી ઘુટણ સુધીનો ભાગ) જોવાનીયે સખ્ત મનાઈ કરવામાં આવી છે. જેમાં ન સ્ત્રી સ્ત્રીના સતરને જુઓ, ન મર્દ મર્દના સતરને જુએ. ત્યાં સુધી કે ન સ્ત્રી સ્ત્રીની સાથે પથારીમાં સૂએ ન મર્દ મર્દની સાથે એક પથારીમાં સૂએ. સતરે ઔરત જોવું હરામ છે, એટલું જ એને છુપાવવું જરૂરી છે એ છૂપા ભાગમાં એ તાસીર છે કે, એને જોવાથી માનવની વાસના ઉત્તેજીત થાય છે ને શારીરિક ભૂખ ભડકે છે એ માનવ પ્રકૃતિનો તકાઝો છે. ભલે ને તે નેક હોય કે બુરો પણ પરિણામ ખોટું જ આવે છે.

વળી બે સ્ત્રીઓના એક જ પથારીમાં સૂવાના કારણે તેમનામાં વાસના ઉત્તેજીત થતાં "સહક" (Lesbian) જેવી બિમારી થવાનો ભય રહે છે. જ્યારે પુરૂષોમાં "લવાતત" પ્રકૃતિ વિરૂધ્ધનું કૃત્ય (Homosexual)ની બુરી આદતનો ભય ઉભો થાય છે. આને સજાતિય શારીરિક સંબંધ કહેવામાં આવે છે.

હઝરત ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ લખે છે કે, એક જ પથારીમાં બે પુરૂષો કે બે સ્ત્રીઓએ સાથે સૂવું જાઈઝ નથી. ભલેને તેઓ એક જ પથારીના બે છેડાઓ પર સૂવે. ઈસ્લામે તો ત્યાં સુધીની તાકીદ કરી છે કે, તમારી ઔલાદ દસ વરસની ઉંમર થઈ જાય તો તેમની પથારી અલગ કરી દો, કારણ કે આ ઉંમરે એમનામાં શારીરિક સમાગમનો શઉર (શાન) આવી જાય છે. *(દુર્રે મુખ્તાર, શર્તુલ ઈસ્લામ (શામી), રદ્દુલ મુહતાર)*

**વળી કોઈ તરુણ વયના છોકરા કે છોકરીએ પુખ્ત વયના સાથે મિત્રતા બાંધી હરવું ફરવું એ ભયથી ખાલી નથી.** ત્યાં સુધી કે ખૂબસૂરત છોકરો હોય અને જેના દાઢી મૂછ ફૂટયાં પણ ન હોય તેવાને બીજાની સાથે "હજ્જ" જેવી પવિત્ર ફર્ઝ પર જતાં તેના માં બાપ રોકી શકે છે. પુત્રની પણ ફર્ઝ બને છે કે માં બાપના હુકમની અવગણના ન કરે. *(રદ્દુલ મુખ્તાર)*

કુર્આને પાકમાં પણ આ પ્રમાણે ઈશારો કરવામાં આવ્યો છે :– "વલા તકરબુઝ્ઝીના" **ઝિના (વ્યભિચાર)ની પાસે પણ ન જશો (એ ભારે બેશરમી અને ખોટો માર્ગ છે.)**

હઝરત ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہલખે છે કે ઝિના (વ્યભિચાર)ને કારણે કુટુબ, સમાજમાં અનેક દુષણો પેદા થાય છે. પરિણામે લડાઈ, ઝઘડા, ફસાદ, મારા મારી, ખૂનામરકી કે કુટુંબ, સમાજ, સંસારનીયે બરબાદી થાય છે, ઝિનાકાર (વ્યભિચારી) સ્ત્રી પુરૂષને સમાજના લોકો નફરતની દષ્ટિએ જુએ છે. વળી તેઓના લગ્ન (શાદી) માટે અનેક અડચણો ઉભી થતી હોય છે. ઝિના (વ્યભિચાર)ને કારણે જન્મેલ શંકાસ્પદ સંતાનની લાવરિશ પાલક સંસ્થાઓ કે રિમાન્ડ હોમ કબજો લે

છે. ક્યારેક તો સમાજમાં હરામીના નામે ઓળખાય છે પરિણામે તેની યથા યોગ્ય દેખભાળ થતી નથી, તેના ધર્મ (મઝહબ)નું યે કોઈ ઠેકાણું રહેતું નથી. આવા અનેક કારણોને ધ્યાનમાં લઈ ઝિના (વ્યભિચાર) હરામ ઠરાવવામાં આવી છે કે જેથી સ્ત્રી પુરૂષ એક બીજાના સુખ દુઃખના ભાગીદાર બને, ઘરસંસાર, બાળકોના પાલનપોષણ, ઉછેરમાં કુટુંબ, સમાજ સાથેના વ્યવહારમાં પરસ્પર એકબીજાના વફાદાર સાથી બની આદર્શ જીવન જીવી શકે છે માટે "નિકાહ" જેવી એક અજોડ સગવડ કરી દેવામાં આવી છે એક "સુન્નત" છે અને એક "સુન્નત"ને જીવંત રાખનારને સો શહીદોનો સવાબ મળે છે. અને આ ત્યારે જ બની શકે કે પતિ પત્ની એક બીજાને વફાદાર રહી પવિત્ર જીવન જીવે. નહીંતર ! બેવફાઈ બેહયાઈનું જીવન કુદરતનો કોપ નોંતરવાથી ઓછું નથી. *(તફસીરે કબીર, ભાગ–૫)*

પરિણામે ઝિનાકાર (વ્યભિચાર)ની રોજીમાંથી બરકત ઉઠી જાય છે. નેકીઓથી મેહરૂમ થઈ જાય છે. નેક કામ કરવાનીયે તૌફીક મળતી નથી, ઉંમર (આયુષ્ય) ઘટી જાય છે, લોકોના દિલોમાં તેના પ્રત્યે નફરત પેદા થાય છે અને આખેરતમાં પણ એનો હિસાબ સખ્તાઈથી લેવામાં આવશે.

આ મહાન લઅ્નતી અઝાબી કૃત્યોથી બચવા ઈસ્લામે લગ્ન (શાદી) માટેની ખાસ હાકલ કરી છે. તેના સમર્થનમાં અનેક હદીષો પણ આવી છે. ઉલમાએ કિરામે લખ્યું છે કે શારીરિક મેળાપ બરદાશ્ત કરવાની હદથી બહાર થઈ જવાનો કે શરઈ હદ ઓળંગી જવાનો ભય હોય, કામવાસના (શહવત)નો ગલ્બો તીવ્ર હોય તો મો'મિનના માટે નિકાહ કરવું વાજિબ છે. અગર આ પ્રકારનો ભય ન હોય તો નિકાહ કરવું સુન્નતે મુઅક્કેદહ્ છે. લગ્ન (શાદી) પછીની ફર્ઝો અદા નહીં કરી શકે એવો ભય હોય તે લગ્ન (શાદી) કરવાથી દૂર રહેતો હોય તો એ કાર્ય મકરૂહ છે. પત્નીના અધિકારો પરિપૂર્ણ કરવાને શક્તિમાન ન હોય તો નિકાહ કરવો સદંતર હરામ છે. વળી નિકાહ કરવાની શક્તિ ધરાવતો હોય તે નિકાહ કરે કે જેથી પરાઈ, સ્ત્રીઓ તરફ કુદષ્ટિએ જોવાથી બચી જાય અને નિકાહ કરવાની શક્તિ ન રાખતો હોય તે રોઝા રાખે, અને રોઝો હવસને તોડે છે.

"જે વ્યક્તિ વાસનાની જગ્યાને સુરક્ષિત રાખશે (વ્યભિચારથી દૂર રહેશે) તેના માટે જન્નત છે." *(હદીષ શરીફ)*

દીને ઈસ્લામમાં જીવન વ્યવસ્થાના દરેક પાસાંઓ પર સંપૂર્ણ પ્રકાશ નાખવામાં આવ્યો છે, જેમાં દીન અને દુનિયાની ભલાઈ બંનેવ સમાયેલ છે. અગર કોઈ મુસલમાન એ તા'લીમથી બગાવત (વિદ્રોહ) કરી પોતાની અંગત ઈચ્છાઓ (મહેચ્છાઓ)ને શરણે થઈ જાય તો તે કુદરતના કાનૂનનો ભંગ છે.

**આજકાલ રહેણીકરણી કે શોધખોળની દષ્ટિએ પ્રગતિવાદી દેશો ભલે આગળ પડતા ગણાતા હોય પરંતુ ઈસ્લામે અખ્લાકી અને નૈતિકતાની દષ્ટિએ શ્રેષ્ઠતાનું જે ધોરણ નક્કી કર્યું છે તેની સરખામણીમાં કહેવાતા એ પ્રગતિવાદી દેશો અધોગતિની દિશામાં ઘસડાઈ રહ્યા છે.**

"લોંડા બાઝી" (અગ્લામ બાઝી) પ્રકૃતિ વિરૂધ્ધના હિન કૃત્યો, સજાતિય વ્યભિચાર (સહોદર), હસ્ત મૈથુનની વિકૃત ટેવ, AIDS., H.I.V., ચાંદી, મધુપ્રમેહ, વારસાગત બિમારીને કારણે હજારો બાળકોના બાળ મૃત્યુ, નાબાલિગ (કુંવારી) યુવતીઓના ગર્ભપાત અને શારીરિક અવયવોની શસ્ત્રક્રિયા તેમજ એવા પ્રકારની બીમારીઓના આંખો ફાડી નાંખે એવા આંકડા દર્શાવતા અહેવાલ દર વર્ષે યૂરોપના પત્રોમાં બહાર પડતા હોય છે. એ રીતે જોતાં **ઝિના (વ્યભિચાર)ને કારણે થતા નુકસાનનો ઈસ્લામે જે ચિતાર આપ્યો તથા એનાથી બચવા નિકાહ કરીને પત્ની તરીકે રાખી સ્ત્રીની ઈજ્જતથી જે માવજત કરવાની તાલીમ આપી છે એ માનવજગત પર મોટો ઉપકાર છે, તે વાત ભૂલવા જેવી નથી.** *(સંપૂર્ણ)*

# ખાતૂને જન્નત હઝરત ફાતિમા ઝોહરા رضی الله عنها

[વિસાલ : ૩-રમઝાન, હિ.સ. ૧૧]


**મૂળ લેખક** : હઝરત અલ્લામા ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક** : હઝરત મૌલાના મુફતી અમાનુર્રબ સાહબ

**અનુવાદક** : મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી—સેગવા


## ★ ખાતૂને જન્નતની ફઝીલતો હદીષની રોશનીમાં ★

સૈયદા ફાતિમા ઝોહરા رضی اللہ عنہا ની ખાસ ફઝીલતો અને દરજ્જાઓ બુખારી શરીફ, મુસ્લિમ શરીફમાં ઘણા રાવીઓથી મરવી છે. મુસવ્વર ઈબ્ને મુખરમાએ ફર્માવ્યું, મેં અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મિમ્બર પર બેસી બયાન કરતાં સાંભળ્યું કે બની હાશિમ ઈબ્ને મુગીરા મારાથી મારી બેટી અને અલીના દરમ્યાન નિકાહનો રિશ્તો કાયમ કરવાની ઈજાઝત માંગે છે, હું ઈજાઝત નથી આપતો, હું ઈજાઝત નથી આપતો. જો અલી મારી છોકરીને તલાક આપી બની હાશિમની છોકરી સાથે શાદી કરવા ઈચ્છે તો હું હરામને હલાલ અને હલાલને હરામ કદી નથી કરતો અને અલ્લાહ તઆલા પણ પોતાના મહબૂબની છોકરી અને પોતાના દુશ્મનની છોકરીને કદી ભેગી નહીં કરે. ફાતિમા મારા શરીરનો ટુકડો છે. જે વસ્તુ ફાતિમા માટે પસંદ નથી હોતું તે બધી જ વસ્તુ મારા માટે પણ પસંદ નથી. જે વસ્તુ ફાતિમા માટે તકલીફદાયક છે મારા માટે પણ તકલીફદાયક છે. મને ખૌફ છે કે કદાચ ફાતિમા પોતાના દીન વિશે આઝમાઈશમાં ન પડે.

હાકિમે સુવેદ ઈબ્ને ગફલાથી રિવાયત કરી છે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ અબૂ જહલની છોકરીને નિકાહનો પૈગામ આપવાનું વિચાર્યું તો અલ્લાહના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં આવી મશ્વેરો માગ્યો. અલ્લાહના પ્યારા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમે આ ફાતિમાની રઝાથી પૂછી રહ્યા છો ? અર્ઝ કરી, આમ તો નથી પણ તમે મને તેનો હુકમ આપો છો ? અલ્લાહના રસૂલે ફર્માવ્યું, હું વિચારું છું કે ફાતિમાને આથી દુઃખ થશે અથવા નારાજ થશે. ફાતિમા મારા શરીરનો ટુકડો છે. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું તે કામ કરીશ નહીં જેનાથી ફાતિમા ખુશ ન રહે.

બઝ્ઝાઝે અને તિબ્રાનીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ અબૂ જહલની છોકરીને નિકાહનો પૈગામ આપ્યો. આ ખબર હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચી તો આપે એક શખ્સ સાથે હઝરત અલીને કહેવડાવ્યું કે તમે બીજી શાદી કરી મને દુઃખ આપવા ચાહો છો ? તો એવું કરો કે મારી બેટી મને વાપસ કરો !

ઈબ્ને તય્યીન કહે છે આ પ્રસંગનો સહી હલ અલ્લાહના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ ફર્માન સાથે આસાનીથી મળી જાય છે કે, "હરામ કરી આપ્યું હઝરત અલી માટે કે તે હઝરત ફાતિમાની હાજરીમાં બીજી શાદી કરે. કારણ કે આથી ફાતિમાને દુઃખ થશે જે હુઝૂરને દુઃખનું કારણ બનશે." આ ફર્માન હુઝૂરથી જાહેર થયું.

શૈખુલ ઈસ્લામ અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે આ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખાસિયતો (વિશિષ્ટતાઓ)માંથી છે કે આપે હઝરત અલી માટે બીજો નિકાહ હરામ કરી આપ્યો. અને આ હઝરત ફાતિમા رضی اللہ عنہا ની ખુસૂસિયત પણ હોય શકે. આપની હાજરીમાં પૂરી દુનિયાની સ્ત્રીઓના ખિલાફ આપની કોઈ સૌતન મૌજૂદ ન હોય.

તિર્મિઝી શરીફમાં હઝરત બુરેદા અને હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. એમનું કહેવું છે કે હુઝૂરને બધા લોકોમાં હઝરત ફાતિમા સાથે ઘણી મહોબ્બત હતી. અબૂ દાઊદ શરીફ, તિર્મિઝી શરીફ અને નસઈમાં હઝરત આઈશાથી રિવાયત છે, તે ફર્માવે છે : હુઝૂરની બેટી હઝરત ફાતિમા رضی اللہ عنہا સિવાય બેસવા, ઉઠવા, બોલવા, ચાલવામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી વધારે મળતાં જુલ્તાં આપના સિવાય બીજાને જોયાં નથી. જ્યારે ફાતિમા હુઝૂરની ખિદમતમાં હાજર થતાં તો હુઝૂર ઉભા થઈ તેમનો ઈસ્તેકબાલ (સ્વાગત) કરતા અને ચૂમી પોતાની પાસે બસાડતા. *–અનુવાદકનો ખુલાસો (શર્હે મુતર્જિમ)*

હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જે મહોબ્બત હઝરત ફાતિમા رضی اللہ عنہا સાથે હતી તે મહોબ્બતના ફલ્સફાને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہٗ એ એક જ શેઅરમાં સામેલ કરી આપ્યો :–

"જાને અહમદ કી રાહત પે લાખો સલામ !"

હઝરત ફાતિમા રડતાં હતાં, જ્યારે હુઝૂર અકદસની ઝબાન મુબારકથી આ વાત સાંભળતાં કે તમે મારી પાસે જલ્દી આવી જશો તો હઝરતે ફાતિમા હસવા લાગતાં. હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના વિસાલ શરીફના કેવળ છ (૬) મહિના પછી હુઝૂરથી જઈને મળ્યાં પરંતુ આપ પર જુદાઈના છ મહિના કેમ પસાર થયા તેને હઝરત ફાતિમા رضی اللہ عنہا એ એક શેઅરમાં બયાન કરી આપ્યું. આ શેઅર હુઝૂરના વિસાલ શરીફ વખતનો છે.

**તર્જુમો** : મારા પર એવી મુસીબતો તૂટી પડી કે જો દિવસો પર આવત તો દિવસ રાત બની જાત !

જ્યારે સહાબાએ કિરામ હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કફન દફનથી ફારિગ થઈ પોતાના ઘરો તરફ ફર્યા તો હઝરત ફાતિમાએ રડતાં રડતાં કહ્યું કે તમારા દિલોએ શાફએ મહશર, મહબૂબે દાવર પર માટી નાખવાનું કેવી રીતે ગવારા કર્યું ?! જ્યારે મદીનાના લોકોને ખબર થઈ તો લોકો બુમો પાડી રડવા લાગ્યા.

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે, દફન શરીફ બાદ ફાતિમા મઝારે અકદસ પર હાજર થયાં અને કબ્રની માટી ઉઠાવી આંખોથી લગાડી અને ફર્માવ્યું :–

શેઅર **(તર્જુમો)** : "જેણે હુઝૂરની કબ્ર શરીફની માટી સૂંઘી જો તે લાંબા સમય સુધી ખુશ્બુ ન સૂંઘે તો વાંધો નથી."

જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બીમાર થયા અને હઝરત ફાતિમા ઈયાદત માટે આવ્યાં તો દુઃખના કારણે આપ પર ઝુકી પડયાં અને રડવા લાગ્યાં પછી આપે સર ઉઠાવ્યું અને રડતાં રડતાં નીચે ઝુક્યાં પછી સર મુબારક ઉઠાવ્યું તો આપ હસવા લાગ્યાં. હઝરત આઈશા ફર્માવે છે મેં કારણ પૂછયું તો ફર્માવ્યું કે હુઝૂરે મને ફર્માવ્યું, હું આ દર્દમાં અલ્લાહને વાસિલ થઈ જઈશ. આ સાંભળી હું રડી પડી. બાદમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બેટી ! મારી આલ ઔલાદમાં બધાથી પહેલાં તમે જ મને જલ્દી મળશો, તો હું ખુશ થઈ હસવા લાગી.

બુખારી શરીફમાં હઝરત આઈશાથી રિવાયત છે, ફર્માવે છે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બધી જ બીબીઓ હુઝૂર અકદસ પાસે હાજર હતી એટલામાં ફાતિમા હુઝૂરની જેમ ચાલતાં આવ્યાં. હુઝૂરે ફર્માવ્યું, મર્હબા ! હે મારી બેટી ! જ્યારે નજીક આવ્યાં તો આપે ફાતિમાને જમણી બાજુ બેસાડયાં પછી એમના કાનમાં કશુંક કહ્યું, તો ફાતિમા રડવા લાગ્યાં. પછી કાનમાં કશુંક કહ્યું તો હસવા લાગ્યાં. હઝરત આઈશા

ફર્માવે છે કે મેં હઝરત ફાતિમાને કહ્યું કે રાઝમાં જે વાત થઈ તેનાથી મને ખબરદાર કરો. ફર્માવ્યું, હું સારું નથી સમજતી કે હું હુઝૂરના રાઝને જાહેર કરું. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ના વિસાલ શરીફ બાદ હઝરત આઈશાએ હઝરત ફાતિમાને કહ્યું, તમારા પર મારો જે હક્ક છે તેના વાસ્તે બતાવો કે પેલી રાઝવાળી વાત કઈ હતી ? હઝરત ફાતિમાએ અર્ઝ કરી, હુઝૂરે ફર્માવ્યું હતું કે, બેટી ! દરેક વર્ષે હઝરત જિબ્રઈલ અમીન રમઝાનના મોકા પર એક વખત કુર્આન શરીફનું દૌર સંભળાવતા અને આ વર્ષે એમણે પોતાના મામૂલ (નિયમ)ના વિરૂધ્ધ બે વખત કુર્આનનું દૌર સંભળાવ્યું. હું જાણું છે કે જિબ્રઈલનું આ કામ મારા માટે જલ્દી ઉઠી જવાની તરફ એક ખુલ્લો ઈશારો છે. બેટી ! તમે અલ્લાહથી ડરો ! અને સબ્ર કરો ! હું તમારા માટે બેહતરીન સલફ છું. આ સાંભળી હું રડવા લાગી. સાથે જ હુઝૂરે રાઝમાં કહ્યું કે, બેટી ! શું તમને પસંદ નથી કે તમે બધી સ્ત્રીઓની સરદાર બનો ? આ ઈજ્જત અને એ'ઝાઝની ખુશખબરી સાંભળી હું હસી પડી.

આવી એક રિવાયત હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી પણ મરવી છે. તિર્મિઝી શરીફમાં હઝરત અનસ رضی اللہ عنہ થી એક રિવાયત આ પ્રમાણે પણ છે કે હુઝૂર તાજદારે મદીનાએ પોતાની બેટીને ફર્માવ્યું, બેટી ! તારા માટે કાફી છે દુનિયાની બધી જ સ્ત્રીઓમાંથી મરયમ બિન્તે ઈમરાન, ખદીજા બિન્તે ખૌવૈલદ, ફાતિમા બિન્તે મુહમ્મદ અને ફિરઓનની પત્ની આસીયા જન્નતી સ્ત્રીઓથી મુમ્તાઝ છે.

બઝ્ઝારે મૌલા અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી છે, હુઝૂરે ફાતિમાથી ઈર્શાદ ફર્માવ્યું, શું તમને પસંદ નથી કે તમે જન્નતી સ્ત્રીઓની સરદાર અને તમારા છોકરા(હસન હુસૈન) જન્નતી જવાનોના સરદાર બને ?

બઝારે હઝરત ઈમરાન ઈબ્ને હસીનથી રિવાયત કરી છે કે અલ્લાહના રસૂલ ફાતિમા رضی اللہ عنہا ની બીમારીની હાલતમાં ઈયાદત (બીમાર પુર્સી) માટે તશરીફ લાવ્યા. ફર્માવ્યું, તમારી તબીયત કેમ છે ? અર્ઝ કરી, મારી દર્દની તકલીફ વધતી જાય છે, ખાવા માટે મારી પાસે કશું નથી. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બેટી ! તને પસંદ નથી કે તમે દુનિયાની બધી જ સ્ત્રીઓની સરદાર બનો ? અર્ઝ કરી, હુઝૂર ! હઝરત મરયમનો મકામ શું છે ? ફર્માવ્યું, તે પોતાના જમાનામાં બધી સ્ત્રીઓની સરદાર છે ? અહમદે અબૂ ઉલાથી અને હાકિમે હઝરત અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરી છે. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ફાતિમા જન્નતી સ્ત્રીઓની સરદાર છે અને આ દરજ્જા પર મરયમ બિન્તે ઈમરાન પણ છે.

બૈહકીએ દલાઈલુન્નબુવ્વત શરીફમાં ઈમરાન ઈબ્ને હસીનથી રિવાયત કરી છે : એમણે કહ્યું, હું હુઝૂર તાજદારે મદીના પાસે મૌજૂદ હતો જ્યારે આપ હઝરત ફાતિમાની ઈયાદત (બીમાર પુર્સી) માટે તશ્રીફ લઈ ગયા. તો હું સરકારની સામે ઉભો હતો. ફાતિમાની હાલત એવી હતી કે એમના મોઢા પરથી લોહી ખતમ થઈ ગયું હતું અને પીળુ થઈ ગયું હતું. ભૂખના કારણે આપની હાલત આવી હતી. સરકારે મદીનાએ પોતાના હાથ છાતી સુધી ઊંચા કર્યા અને આપની આંગળીઓ ખુલી હતી. પછી દુઆ ફર્માવી :–

**તર્જુમો** : હે અલ્લાહ ! ભૂખ્યાઓને ખવડાવનાર ! પડતાંને ઉઠાવનાર ! આ બંનેવને ફાતિમા બિન્તે મુહમ્મદથી દૂર ફર્માવ ! ઈમરાન ઈબ્ને હસીનનું બયાન છે કે થોડા દિવસો બાદ મેં હઝરત ફાતિમા رضی اللہ عنہا ને પૂછયું, તમારી શું હાલત છે ? ફર્માવ્યું, હુઝૂરની દુઆ બાદ મને કદી ન ભૂખ લાગી છે અને ન દર્દ થયું છે. (સુબ્હાનલ્લાહ !)

તિબ્રાનીએ હઝરત હસનના હવાલાથી હઝરત અલીથી રિવાયત કરી છે. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહની ખુશી ફાતિમાની ખુશી સાથે છે અને અલ્લાહનો ગઝબ ફાતિમાના ગઝબ સાથે છે.

બઝ્ઝારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદથી રિવાયત કરી છે અલ્લાહના નબી ﷺ એ ફર્માવ્યું, ફાતિમાએ પોતાની પાકીની હિફાઝત કરી તો તેના બદલામાં અલ્લાહ તઆલાએ તેમના પર તથા તેમની ઔલાદ પર દોઝખની આગને હરામ ફર્માવી આપી.

## ★ હઝરત ફાતિમાનો નિકાહ અને એમની સાદગી ★

હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ફર્માવે છે કે હુઝૂર પૂરનૂર ﷺ એ જ્યારે એમની શાદી હઝરત ફાતિમા رضی الله عنها સાથે કરી આપી તો હઝરત અલી સાથે આ બધી વસ્તુ આપી વિદાય ફર્માવ્યાં :–

(૧) એક પલંગ (૨) એક ચામડાનો તકિયો જેમાં ખજૂરની છાલ ભરેલી હતી. (૩) બે ચક્કી (દળવાની ઘંટી) (૪) એક મશક (૫) બે માટલાં.

એક દિવસ મૌલા અલી كرم الله تعالى وجهه الكريم એ હઝરત ફાતિમા رضی الله عنها થી કસમ ખાઈને કહ્યું, મટકો ઊંચકી ઊંચકીને મારા સીનામાં દર્દ થાય છે. અમારા માટે અલ્લાહ તઆલાએ બાંદીઓ અતા કરી છે, તમે જાવ અને એક બાંદી ઘરની ખિદમત માટે (હુઝૂર ﷺ થી) તલબ કરો. હઝરત ફાતિમા અર્ઝ કરે છે, અલ્લાહની કસમ ! ચક્કી ચલાવતાં ચલાવતાં મારા હાથોમાં કણીઓ થઈ ગઈ છે. આપ હુઝૂરની ખિદમતમાં હાજર થયાં તો હુઝૂરે ફર્માવ્યું, હે બેટી ! કેમ આવવું પડયું ?! હઝરત ફાતિમાએ અર્ઝ કરી, "હું હુઝૂર પર સલામ અર્ઝ કરવા આવી છું !" અને હું શરમાઈ કે આપથી કોઈ સવાલ કરું ! અને પાછી ફરી ગઈ. હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ ફર્માવ્યું, શું થયું ? અર્ઝ કરી, હુઝૂરથી સવાલ કરવામાં શર્મ આવી. પછી હઝરત અલી અને હઝરત ફાતિમા સાથે આવ્યાં. હઝરત અલીએ હુઝૂરને કહ્યું, યા રસૂલલ્લાહ ! મટકો ઉઠાવીને મારા સીના (છાતી)માં હું દર્દ મેહસૂસ કરું છું. ફાતિમા رضی الله عنها એ અર્ઝ કરી, લોટ દળી દળીને મારા હાથમાં કણીઓ પડી ગઈ છે, એક બાંદી (નોકરાની) અમારી ખિદમતમાં અતા ફર્માવો. અલ્લાહના રસૂલે ફર્માવ્યું, અલ્લાહની કસમ ! હું એવું કરી શક્તો નથી કે અસ્હાબે સુફ્ફાને છોડીને તમને આપું ! કારણ કે આ ભૂખ્યા રહેનારાઓની જરૂરતો પૂરી કરવા માટે અમારી પાસે કશું નથી. એટલું છે કે આ બાંદીઓને (કેદી) વેચી એમનો ખર્ચ પૂરો કરું. પછી અલ્લાહના હબીબ ﷺ હઝરત ફાતિમા رضی الله عنها ના ઘરે તશરીફ લાવ્યા તો જોયું કે એક ચાદરમાં ફાતિમા અને અલી ગુઝર બસર કરે છે અને તંગીનો આલમ એ છે કે બંનેવ પોતાના માથાને છુપાવે છે તો પગ ખુલી જાય છે અને પગ છુપાવે છે તો માથુ ખુલી જાય છે ! આપ ﷺ એ ઘરના દરવાજાની સાંકળ પકડી ફર્માવ્યું, હું તમને એવી વસ્તુની ખબર ન આપું જે તમારા સવાલથી સંબંધિત છે ? અર્ઝ કરી, બિલકુલ ! ફર્માવ્યું, થોડા શબ્દો છે જે મને જિબ્રઈલથી મળ્યા છે, દરેક નમાઝ પછી દસ દસ વખત **સુબ્હાનલ્લાહ, અલહમ્દુલિલ્લાહ, અલ્લાહુ અકબર** અને જ્યારે તમે બિસ્તર પર પહોંચો તો ૩૩ વખત **સુબ્હાનલ્લાહ**, ૩૩ વખત **અલહમ્દુલિલ્લાહ**, ૩૪ વખત **અલ્લાહુઅકબર** પઢી લો.

હઝરત અલી كرم الله تعالى وجهه الكريم કસમ ખાઈને ફર્માવે છે મેં કદી પણ આ શબ્દોને છોડયા નથી જ્યારથી હુઝૂરે મને તા'લીમ આપી છે. ઈબ્ને કુફુએ અર્ઝ કરી, જંગે સિફ્ફીનની રાત્રે પણ ?! (જે રાત્રે અલી ઘણા મશ્ગૂલ હતા) આપે ફર્માવ્યું, હા ! સિફ્ફીનની રાત્રે પણ મેં તે કલેમાતને છોડયા નથી. આ હદીષ સહીહ છે. મશ્હૂર ઈમામોએ ઘણા તરીકાઓથી અલગ અલગ શબ્દોમાં વધઘટ સાથે બયાન કરી છે.

આ તસ્બીહ "તસ્બીહે ફાતિમા"થી મશ્હૂર છે. માનસિક, શારીરિક ગમે તેવી પણ થકાવટ હોય તેમાં ઘણી અસરકારક છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله علیه "અલ વઝીફતુલ કરીમા'માં ફર્માવે છે : આ તસ્બીહનો પઢનાર સવારે ચુસ્તી સ્ફુર્તિ સાથે ઉઠશે. મારો અનુભવ છે કે એના પર અમલ

કરનારની સવારની નમાઝ કઝા નથી થતી. આ તસ્બીહના ઘણા ફાયદાઓ છે. ("અલ વઝીફતુલ કરીમા" ગુજરાતીમાં રૂા. ૧૫/– M.O. કરીને કાર્યાલયના સરનામેથી મેળવી શકશો.)

## ★ હઝરત ફાતિમાના નિકાહ વિશે હદીષો ★

ઈબ્ને મુન્દહ પોતાની કિતાબ મઅરેફામાં લખે છે : મૌલા અલી كرم الله تعالى وجهه الكريم નો નિકાહ મદીના શરીફમાં હિજરતના એક વર્ષ બાદ થયો. એવી જ રીતે હઝરત ફાતિમાની વિદાય પણ એક વર્ષ બાદ થઈ. આપથી હઝરત હસન, હુસૈન, મોહસિન, ઉમ્મે કુલ્ષુમ કુબરા, ઝૈનુલ કુબરાની વિલાદત થઈ. ઈબ્ને સઅદની તબકાતમાં મુરસલ સનદથી ઝિક્ર છે કે અલીએ ફાતિમાથી રજબના મહિનામાં નિકાહ કર્યો. હુઝૂરની મદીના શરીફમાં આમદ પછી પાંચમા મહીનામાં વિદાય થઈ.

હુઝૂરે અકદસ صلى الله تعالى عليه وسلم ની જંગે બદરથી વાપસી પછી જ્યારે હઝરત ફાતિમાની વિદાય થઈ તો આપની ઉમર શરીફ ૧૮ વર્ષની હતી. આ કૌલ સિવાય આલિમોના બીજાં પણ બયાનો છે કે ફાતિમાનો નિકાહ હઝરત અલી كرم الله تعالى وجهه الكريم થી ઓહદના વાકિયા પછી થયો તે વેળા આપની ઉમર સાડા પંદર વર્ષની હતી.

બયહકી પોતાની દલાઈલમાં હઝરત અલીથી રિવાયત કરે છે; ફર્માવે છે કે ફાતિમાના પૈગામ વિશે હુઝૂર પાસે આવવા જવામાં મારી લોંડી (નોકરાની)નો હાથ હતો. વાકિયો આમ છે કે મારી લોંડીએ મને કહ્યું, શું તમે જાણો છો કોણે હઝરત ફાતિમા વિશે નિકાહનો પૈગામ મોકલ્યો છે ? મેં કહ્યું, મને ખબર નથી. તેણે કહ્યું, તમને પૈગામ મોકલવામાં શું વાંધો છે ? તમે હુઝૂરની બારગાહમાં જશો તો આપનો રિશ્તો હુઝૂર કાયમ ફર્માવી આપશે. મેં કહ્યું, મારા પાસે મહર દેવા માટે કશું નથી. મારી લોંડીએ કહ્યું, તમે જાવ તો હુઝૂર તમારો રિશ્તો કરી દેશે. હઝરત અલી ફર્માવે છે, અલ્લાહની કસમ ! તે દરરોજ આ મુબારક રિશ્તા વિશે કહેતી ત્યાં સુધી કે હું હુઝૂરની બારગાહમાં હાજર થયો. અલ્લાહના હબીબ صلى الله تعالى عليه وسلم રૂઆબ અને જલાલના માલિક હતા. જ્યારે હું આપના નજીક બેઠો તો મને કપકપી થવા લાગી. અલ્લાહની કસમ ! મારી હિમ્મત ન થઈ કે હુઝૂરથી વાતચીત કરી શકું. આપ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, કેમ આવવું પડયું, શું તમને કોઈ જરૂરત છે ?! હું ચૂપ રહ્યો. આપે ફરી, પૂછયું, તો પણ હું ચૂપ રહ્યો. સરકારે આ'ઝમ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, કદાચ ! તમે ફાતેમા બાબતે આવ્યા છો ?! તો મેં અર્ઝ કરી કે, હા ! હુઝૂરે ફર્માવ્યું કે ફાતિમાને હલાલ કરવા માટે મહેર આપવા કાંઈ છે ? મેં કહ્યું, ના ! યા રસૂલલ્લાહ ! સરકારે ફર્માવ્યું, આ બખ્તર તમારી પાસે છે તેને વેચી દો ! જેથી હલાલ થઈ જાય ફાતિમા તમારા ઉપર ! અને આ મહેર થશે મુહમ્મદ صلى الله تعالى عليه وسلم ની છોકરી ફાતિમા માટે.

બઝ્ઝારે હસન સનદ સાથે હઝરત બુરીદહ્થી રિવાયત કરી છે કે અલી كرم الله تعالى وجهه الكريم ના દોસ્તોએ પ્રોત્સાહિત કર્યા આપને કે તમે હુઝૂર પાસે હઝરત ફાતિમા માટે જાવ, તો હઝરત અલી હુઝૂર صلى الله تعالى عليه وسلم ની બારગાહમાં આવ્યા. ફર્માવ્યું, તમારી શું હાજત છે ?! મેં ફાતિમાનો રિશ્તો માંગ્યો તો આપ صلى الله تعالى عليه وسلم એ, મર્હબા વ અહલનથી મારું સ્વાગત કર્યું. દોસ્તોએ કહ્યું, હુઝૂર તરફથી આટલું ઘણુ છે. સરકારે આપને અહલ અતા ફર્માવ્યા અને તમને મર્હબા અતા ફર્માવી. જ્યારે આ મુબારક રિશ્તો પૂરો થયો તો પ્યારા આકા صلى الله تعالى عليه وسلم એ હઝરત અલી كرم الله تعالى وجهه الكريم થી ફર્માવ્યું, અલી ! શાદી માટે વલીમો જરૂરી છે. હઝરત સઅદે બકરી ભેટ આપી અને અન્સારી કબીલાના લોકોએ ઘણો બધો આટો આપ્યો. (ગોશ્ત રોટીનો વલીમો થયો.) વિદાયની રાત્રે સરકાર صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, હે અલી ! મારો ઈન્તેઝાર કરશો, મારી મુલાકાત વિના ફાતિમાને મળશો નહીં. પ્યારા

નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના વુઝૂના બચેલા પાણીને હઝરત અલી પર છાટયું અને દુઆ ફર્માવી, હે અલ્લાહ ! આ બંનેવમાં બરકતો અતા ફર્માવ અને એમની નસલમાં બરકત અતા ફર્માવ.

અબૂ દાઊદ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી નકલ કરે છે જે જહાલતનો જમાનો પણ જોઈ ચૂક્યા હતા. ફર્માવે છે : હઝરત અબૂબક્ર અને ઉમર رضی اللہ عنہما એ પણ હઝરત ફાતિમા વિશે પૈગામ મોકલ્યો હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હે અલી ! ફાતિમા તમારા માટે છે અને હું મારી વાતથી ફરવાવાળો નથી. આવું એટલા માટે કહ્યું હતું કે હઝરત અબૂબક્ર અને ઉમરના પૈગામ પહેલાં હુઝૂર હઝરત અલીથી વાયદો કરી ચૂક્યા હતા. અબૂ દાઊદ અતાથી રિવાયત કરી છે : જ્યારે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ પૈગામ મોકલ્યો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ફાતિમાને કહ્યું, અલી આગળ વધી ગયા છે. હઝરત ફાતિમા ચૂપ રહ્યાં. (એટલા માટે હનફીઓ છોકરીઓની જે શાદી વિનાની છે તેમના ચૂપ રહેવાને ખુશી માને છે.) પછી ફાતિમાનો નિકાહ થયો.

અબૂ દાઊદ હઝરત ઈકરમાની રિવાયત બયાન કરે છે કે જ્યારે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલી અને ફાતિમાના દરમ્યાન રિશ્તો કાયમ ફર્માવી દીધો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક તખ્ત, ચામડાનો એક તકિયો જેમાં ખજૂરની છાલો હતી અને મટકુ આપી હઝરત અલીને તાકીદ કરી કે ફાતિમા તમારે ઘરે આવે તો મળતા પહેલાં ઈન્તેઝાર કરશો. અલી ફાતિમાને વિદાય કરી લાવ્યા તો થોડો સમય ઘરના આંગણામાં પસાર કર્યો પછી અલ્લાહના રસૂલ તશ્રીફ લાવ્યા. અલીને બોલાવ્યા અને એક વાસણમાં પોતાના થૂંક મુબારક નાખીને હાથથી મિલાવી દીધું અને હઝરત અલીના હાથો પર, છાતી પર છાંટયું. પછી હઝરત ફાતિમાને બોલાવ્યાં. તે વખત ફાતિમા કપડામાં લપેટાએલાં હતાં. આપ પર હઝરત અલી જેવું કર્યું પછી ફર્માવ્યું, હે ફાતિમા ! પોતાના ખાનદાનના બેહતરીન શખ્સ સાથે તમારો નિકાહ કરી આપ્યો છે.

ઈબ્ને માજહ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરે છે કે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી છોકરી મારી પાસે વિદાય થઈને આવી તો મારા ઘરે ભેટના ચામડા સિવાય કશું પાથરવાનું ન હતું. આ જ વાતને ઈબ્ને સઅદે આ શબ્દોમાં બયાન કરી છે, જ્યારે મારો નિકાહ ફાતિમાથી થયો તો એમના માટે મારી પાસે બિસ્તર ન હતો ઘેટાના ચામડા સિવાય, તેના પર રાત્રે સૂતો હતો અને દિવસે ઊંટને ચારો પાણી આપતો, અને મારી પાસે ફાતિમાની ખિદમત માટે કોઈ નોકરાની પણ ન હતી.

બઝ્ઝાર હઝરત જાબિરથી રિવાયત કરે છે : એમણે ફર્માવ્યું, હું અલી અને ફાતિમાની શાદી વખતે હાજર હતો. મૈં એમની શાદીથી સારી શાદી કોઈની જોઈ નથી. જમીન પર ખજૂરની છાલો હતી. અમોએ ખજૂર અને સુકી દ્રાક્ષ ખાધી અને ફાતિમાનો બિસ્તર તેમની શાદીના દિવસે ઘેટાના ચામડાનો હતો.

ઈબ્ને સઅદ એક શખ્સથી રિવાયત કરે છે : એમનું કહેવું છે કે મારી દાદીએ મને ખબર આપી કે હું તે સ્ત્રીઓમાં હતી જે ફાતિમાને વિદાય વખતે અલીના ઘરે લાવી. ફાતિમાના શરીર પર બે ચાદરો હતી અને ચાંદીના બે કડાં હતાં જે જાફરાનથી રંગેલાં હતાં. હું ફાતિમા સાથે અલીના ઘરમાં દાખલ થઈ. બકરીના ચામડાનો બિસ્તર હતો, એક તકિયો જેમાં ખજૂરની છાલો ભરેલી હતી, એક મશક, એક રૂમાલ અને પ્યાલો હતો. હઝરત અલીથી રિવાયત છે કે અમારા પાસે ઘેટાના ચામડા સિવાય કોઈ બિસ્તર ન હતો, એક બાજુ હું સૂતો અને બીજી બાજુ ફાતિમા માટે પૂરતી ન હતી.

**નોંધ** : માં બહેનોથી વિનંતિ કે ઈસ્લામી નેક મહાન ખાતૂનોના જીવનનો અભ્યાસ કરે અને જો પોતે મુસલમાન છે તો પછી તે પાકીઝા તથા સબ્ર, સાદગીના ઘરેણાથી સજ્જ ઔરતો જેમ જીવન જીવવા કોશિશ કરે એમાં જ બંને જહાનની ભલાઈ તથા ઈજ્જત સમાયેલી છે. *–ક્રમશઃ*

# નિકાહના દુનિયાવી તથા આખેરતના લાભાલાભની બશારતો

(કાર્યાલય)

"નિકાહ" વિના સ્ત્રી આઝાદીનાં ઢોંગી ઝંડાધારીઓ પશ્ચિમી જગતમાં મોજ મજાથી પરાયા સ્ત્રી તથા પુરૂષ એકબીજા સાથે દોસ્તી રાખી વ્યભિચાર (ઝિના)માં ખદબદતા રહી ગંદકીભરી, બેશરમીભરી, નીચ જિંદગી ગુજારીને અસંખ્ય આપત્તિઓને બીમારીઓને દુનિયામાં ફેલાવી રહ્યા છે. પણ એ કામ મુસલમાનનું હરગિઝ નથી ! નિકાહ વિના પર સ્ત્રી સાથે હરવા, ફરવા, એકાંતમાં બેસવાની કે એકબીજા પ્રતિ જોવાની પણ આ પવિત્ર મઝહબમાં ઈજાઝત નથી, જેથી મુસલમાન થઈને કેટલાક લોકો મંગની થતાં જ હરવા ફરવા ઉપરાંત એક પછી એક મર્યાદાઓ તોડી નાખી દુનિયા તથા આખેરતનો અઝાબ નોંતરે છે તેઓ ખરેખર અલ્લાહ વ રસૂલને ચાહતા હોય તો એનાથી સખ્ત પરહેઝ કરે.

નિકાહની કેટલી ફઝીલત છે તે જુએ કે નિકાહ સ્ત્રી પુરૂષ એકબીજાના અંગત લાભ માટે જ કરે છે કે બંનેને સહજીવનમાં સંતોષ મળતો રહે તથા ઔલાદ જે થાય તેનાથી તેમનો વંશવેલો આગળ વધે અને તે ઔલાદને સારી ઈસ્લામી તા'લીમ મળે તો માં બાપની આજ્ઞાંક્તિ રહી તેમની જીવનભર સેવા ચાકરી પણ કરે. આમ સ્ત્રી પુરૂષનો અંગત ફાયદો છે, છતાં અલ્લાહની રહમત જુઓ કે તેમાં કેવા કેવા દીની દુનિયવી ફાયદાઓ છે.

## ★ પત્નીવાળાની ઈબાદત અને બિનપત્નીવાળાની ઈબાદત ★

હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું : **"નિકાહવાળાની નમાઝ વિના નિકાહવાળાની નમાઝ કરતાં ૪૦ ગણી અધિક અફઝલ છે."** વળી ફર્માવ્યું : **"નિકાહ કરો ! કેમ કે નિકાહવાળાની એક દિવસની ઈબાદત એક હજાર વરસની ઈબાદતથી બેહતર છે."**

નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ અમુક સહાબાએ કિરામને પૂછયું, શું તમે નિકાહ કરી ચૂક્યા છો ?! તેમણે અર્ઝ કરી કે, "નહીં !"...... પછી આપે ફર્માવ્યું કે તમારી પાસે માલ વગેરે છે ? તેમણે અર્ઝ કરી કે, "હા ! યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم" તો આપે ફર્માવ્યું કે, **"નિકાહ વિનાના મર્દો શૈતાનોના ભાઈ છે !** જો નસરાની હોત તો વાત જૂદી હતી પણ મુસલમાને તો મારી સુન્નતના પ્રમાણે નિકાહ કરવો જોઈએ." *(નુઝહતુલ મજાલિસ, ઉર્દૂ, પેજ-૪૮)*

## ★ નિકાહ ન કરનારને રોજીમાં તંગીની ચેતવણી ! ★

તે માણસો સારા નથી જેઓ નિકાહ વિના જિંદગી પસાર કરે છે અને મૃત્યુ પામે છે ! નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, જે (સ્થિતિ હોવા છતાં) ગરીબ થઈ જવાની બીકે નિકાહ ત્યજી દે તે અમારામાંથી નથી, તેમ જ અલ્લાહ તઆલા બે ફરિશ્તાઓને તેની પેશાની પર એવું લખવાનો હુકમ ફર્માવશે કે, "રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلمની સુન્નત છોડનાર ! તને રોજીમાં તંગીની ખુશખબર થજો !" *(કિતાબુલ બરકત)*

હઝરત બિશ્ર હાફી رحمۃ اللہ علیہના બારામાં કહેવામાં આવ્યું છે કે આપની વફાત પછી કોઈકે ખ્વાબમાં પૂછયું કે, "તમારી સાથે અલ્લાહે કેવો વર્તાવ કર્યો ?!" આપે કહ્યું, "મારો મહેલ નિકાહવાળાઓના મહેલથી ઘણો જ નીચે છે." અમુક ઉલ્માએ કિરામે ફર્માવ્યું કે આ ઔલિયાએ કિરામના મર્તબાના એતેબારથી છે, રહ્યો મામલો સામાન્ય લોકોનો, તો તેમના એતબારથી તો બિશ્ર હાફી અતિ ઉચ્ચ મકામ પર બિરાજમાન છે.

શિફા શરીફમાં છે કે મોટા ભાગના ઉલમાએ કિરામ ફર્માવે છે કે, "એ અમલ ઘણો જ મકરૂહ છે કે કોઈ શખ્સ અપરિણત રહીને અલ્લાહ તઆલાથી મળે."

હઝરત સુફયાન થૌરી رحمۃ اللہ علیہએ કોઈ વ્યક્તિને પૂછયું કે તું પરણિત છે ? તેણે કહ્યું કે, "નહીં !" આપે ફર્માવ્યું કે, "ન જાણે તો પછી તું કેવી રીતે ભલાઈથી રહી શકે છે ?!" *(નુઝહતુલ મજાલિસ)*

## ★ ....પણ નિકાહ દરેક માટે સુન્નત નથી ! ★

આ નિકાહનું મહત્વ તથા ફઝીલત છે. પણ નિકાહના માટે શરીઅતમાં નિકાહ કરવા ક્યારેક ફર્ઝ, ક્યારેક વાજિબ, ક્યારેક સુન્નતે મોઅક્કદા તો ક્યારેક જાઈઝ છે, વળી કોઈના માટે મકરૂહ તથા કોઈના માટે હરામ પણ છે, જેથી કોઈ બુઝુર્ગ હસ્તીએ નિકાહ ન કર્યો હોય તો એઓ કોઈ ટીકાને પાત્ર નથી કેમ કે એમના શું સંજોગો હશે તે તેઓ જ જાણે. માટે કોઈએ કોઈ ગલત ફહમીમાં ન રહેવું. *(સંપૂર્ણ)*

# બેપર્દગીની ભયાનક સજાઓ

★ રજૂકર્તા ★

મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી
(મુતઅલ્લિમ જામિઆ અશરફિયા મુબારકપુર)

પ્રિય વાંચકો ! મેં આપણી માંઓ, બહેનો તથા બેટીઓને સુધારણાની ભાવના હેઠળ પર્દા વિશે કંઈક લખવાની કોશિશ કરી છે.

ખરેખર આજકાલ આપણી ઈસ્લામી બહેનોમાં પર્દો ખતમ થઈ રહ્યો છે જાણે બેપર્દગીને કોઈ ગુનો સ્વીકારવા તૈયાર જ નથી જ્યારે કે બેપર્દગી હરામ છે. કુર્આનમાં આ વિશે સખત તાકીદ કરવામાં આવી છે : (તર્જુમો) : અને પોતાના ઘરોમાં જ રહો અને બેપર્દા ન રહો જેમ કે આગલી અજ્ઞાનતાની બેપર્દગી. *(કન્ઝુલ ઈમાન, પા. ૨૨)*

જોયું તમે ! કુર્આન સ્ત્રીઓને ઘરોમાં રોકાઈ રહેવા તથા બેપર્દગી ન કરવાનો હુકમ આપી રહ્યું છે, પણ અફસોસ ! આપણી માઓ અને બહેનો અલ્લાહ અને તેના રસૂલ صلى الله تعالى عليه وسلم નો ખૌફ રાખે, બેપર્દગીથી દૂર થઈ પોતાની કમજોરી તથા નાઝુક હાલત પર રહમ ખાય અને પોતાના કમજોર બદનને કબર તથા જહન્નમના અઝાબથી બચાવવાની ફિકર કરે.

અત્રે આપની ખિદમતમાં એક લાંબી હદીષના અમુક ભાગો પસંદ કરી સ્ત્રીઓના અમુક ધ્રુજાવી દેનાર સખત અઝાબોનો ખતરનાક મંઝર પેશ કરું છું, જેને વાંચો અને પોતાના દિલમાં રબનો ખૌફ પૈદા કરો.

## બેપર્દગીની ખતરનાક સજાઓ

મૌલાએ કાએનત હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ફર્માવે છે કે એકવાર હું બીબી ફાતિમા رضي الله عنها સાથે સરકારની બારગાહમાં હાજર થયો, આકાએ નામદાર صلى الله تعالى عليه وسلم ની મુકદસ આંખો અશ્રુભીની હતી. જ્યારે કારણ પૂછયું તો સરકારે ફર્માવ્યું કે મેં મેઅરાજની રાત્રે સ્ત્રીઓના અઝાબ નિહાળ્યા હતા આજે તે મન્ઝર ફરી યાદ આવી ગયો જેથી આંસૂ આવી ગયાં ! અર્ઝ કરી કે, હે અલ્લાહના મહબૂબ ! અમને પણ બતાવો કે આપે શું શું જોયું ? તો ઈર્શાદ ફર્માવ્યું કે મેં જોયું કે એક સ્ત્રી બાલોથી લટકેલ હતી અને તેનું દિમાગ ઉકળી રહ્યું હતું. (આ તે સ્ત્રીની સજા હતી જે પર પુરૂષથી પોતાના વાળ ન છુપાવતી હતી.)

એક સ્ત્રીને જોઈ કે જીભથી લટકી રહી છે અને તેણીના બંને હાથો પીઠ પર બાંધી દેવામાં આવ્યા છે. આ સ્ત્રી પોતાના પતિને જીભ વડે તકલીફ આપતી હતી.

એક સ્ત્રીને જોઈ કે એ રીતે લટકાવવામાં આવી છે કે બંનેવ હાથ પગ કપાળ તરફ બાંધવામાં આવ્યા છે અને સાપ તથા વીછી તેને વળગેલા છે. (આ પોતાના પતિની રજા વિના ઘરની બહાર નીકળતી હતી. અને હૈઝ તથા નિફાસથી પાકી (ગુસલ) ન કરતી હતી.)

માટે તે ઈસ્લામી બહેનો વિચાર કરે જે નીલ પોલીશ લગાડે છે. પ્યારી બહેનો ! યાદ રાખો કે નીલ પોલીશમાં સ્પ્રિટ (Sprite) હોય છે અને સ્પ્રિટ દારૂ છે જે સખત હરામ છે અને નીલ પોલીશ નખો પર ચોંટી જાય છે જેના કારણે ન તો વુઝૂ થાય છે અને ન તો ગુસલ.

વધુમાં આપણા આકા صلى الله تعالى عليه وسلم ઈર્શાદ ફર્માવે છે કે એક સ્ત્રીને જોઈ જે પોતાનું જ શરીર ખાઈ રહી છે અને તેના નીચે આગ ભડકાવવામાં આવી

રહી છે. (આ સ્ત્રી પર પુરૂષ માટે બનાવ શિંગાર કરતી હતી.)

એક સ્ત્રીને જોઈ જેનું શરીર આગની કાતરો વડે કાતરવામાં આવી રહ્યું છે. (આ તેણીઓની સજા છે જે પોતાનું શરીર અને બનાવ શિંગાર ગૈર મર્દોને બતાવતી હતી.)

એક સ્ત્રીને જોઈ કે તેનું માથુ સુવ્વરની જેમ અને ધડ ગધેડાની જેમ છે અને વિવિધ અઝાબો તેના પર થઈ રહ્યા છે. (આ જૂઠુ બોલનાર તથા એક બીજાની બુરાઈ કરનાર હતી.)

એક સ્ત્રીને જોઈ કે તે કૂતરાની જેમ છે અને સાપ તથા વીછી તેના ગુપ્ત ભાગમાં આગળથી પેસી પાછળ નીકળે છે અને વળી ફરિશ્તાઓ આગના હથોડા વડે તેને મારી રહ્યા છે. (આ પોતાના પતિથી દુશ્મની રાખતી હતી.) *(દુર્રતુન્નાસિહીન)*

જિંદગી ખૂબ જ ટૂંકી છે ! પ્યારી બહેનો ! આ સજાઓને વારંવાર પઢો અને ખુદાના કહેરથી બચવાની તૈયારી કરો ! જીવન ઘણુ જ ટૂંકું છે, જોત જોતામાં ખતમ થઈ જશે, ટૂંક સમયમાં જ તમને લાડપણ કરનાર પોતાના ખભા પર ઉઠાવી કબરના અંધારામાં પહોંચાડી દેશે. અને જો અલ્લાહ અને તેના રસૂલ નારાજ થયા તો કબર અને હશ્રની ખતરનાક સજાઓ અને ખૂબ જ સખત અઝાબ નહીં વેઠી શકાય. રબ તઆલા પોતાના ફઝ્લથી આપણા ગુનાહો માફ ફર્માવે અને આપણાથી રાજી થઈ જાય.

ખબરદાર ! ખબરદાર ! ખબરદાર !! જે રીતે પુરૂષોથી પર્દો છે એ જ રીતે માસી, ફોઈ, મામા, કાકાના છોકરાઓથી પર્દો કરવાનો હુકમ છે. એ જ રીતે દિયરનો પણ પર્દો જરૂરી છે, બલ્કે એની વધુ સખત તાકીદ કરવામાં આવી છે. એ જ રીતે મોઢે બોલેલ ભાઈ તથા પડોસી વગેરેથી પણ પર્દો છે, ત્યાં સુધી કે પીર તથા મુરીદનો પણ પર્દો છે. સ્ત્રી પોતાના ગૈર મહરમ પીર સમક્ષ બે પર્દા નથી જઈ શક્તી, બેપર્દા જવું હરામ ! હરામ ! અને હરામ છે.

જ્યારે કંઈક બહાર નીકળવું હોય તો માથાના વાળથી પગોના નખ સુધી એ રીતે પર્દો કરી નીકળે કે પોતાના શરીરના અંગોનું પ્રદર્શન ન થાય અને તેના ચઢાવ ઉતાર માલમ ન પડે. અને પર્દાનું કાપડ હરગિઝ આકર્ષક ન હોવું જોઈએ. સ્ત્રીનું પર પુરૂષના હાથે બંગડીઓ પહેરવું હરામ છે. રબ તઆલા સાચા અર્થમાં પર્દાની તૌફીક અર્પે. આમીન બિજાહિ ન્નબીય્યીલ કરીમ ﷺ.


## ★ અનમોલ કિતાબો મંગાવો ★

**કિતાબ** : **હિકમતે નમાઝ** *(ઉર્દૂ ભાષા ગુજરાતી લિપિ)*

**લેખક** : હઝરત હાફિઝો કારી મૌલાના શાકિર રઝવી નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)

**પ્રકાશક** : સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા ★ **હદિયો** : રૂા. ૫/– [પોસ્ટ ખર્ચ રૂા. ૧]

**સરનામુ** : C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા. પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત)
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

★ ★ ★

**કિતાબ** : **ઈમામ અહમદ રઝા ઔર એહ્તેમામે નમાઝ**

**લેખક** : હઝરત હાફિઝો કારી મૌલાના શાકિર રઝવી નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)

**પ્રકાશક** : સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા ★ **હદિયો** : રૂા. ૫/– [પોસ્ટ ખર્ચ રૂા. ૧]

**સરનામુ** : C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા. પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત)
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ અમારું અવલોકન ★

**મહાન આલિમે દીન હઝરત અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી રઝવી** عليه الرحمة والرضوان **ની અજોડ કૃતિ**

### કાનૂને શરીઅત

***[ભાગ–૧, પેજીસ–૩૧૩, કિંમત : રૂા. ૫૦/– રૂા. ૫/– ટપાલ ખર્ચ]***

**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા વેમી ઝંઘારવી

### કાનૂને શરીઅત

***[ભાગ–ર, પેજીસ –૪ર૪, કિંમત : રૂા. ૬૦/– રૂા. ૬/– ટપાલ ખર્ચ]***

**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

**★ પ્રકાશક ★**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન–૩૯ર૦ર૦

ફોન : (૦૬ર૪ર) ર૮ર૭૯ર, ર૮૯૧૧

મો. ૯૮ર૪૪૮૬૪૪૩

એ દેખીતું છે કે આપણે મુસલમાન છીએ તો શરીઅતના કાનૂનો પર ચાલવું અનિવાર્ય છે તેનાથી અલગ માર્ગ જહન્નમ તરફ લઈ જનાર છે માટે આપણા દરેક ઘરમાં આવી કિતાબ હોવી જોઈએ. સદરુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અમજદઅલીખાં આ'ઝમી عليه الرحمة والرضوان ની મહાન કૃતિ "બહારે શરીઅત" જે હાલ ઉર્દૂમાં ર૦ ભાગમાં છે પણ આ કાનૂને શરીઅત બે ભાગમાં તેના નિચોડરૂપી લાજવાબ કિતાબ છે. જેમાં અલ્લાહ, રસૂલ, નબીઓ, વલીઓ, ફરિશ્તા, કબ્ર, કિયામત, જન્નત, જહન્નમ....વગેરે વિશેના અકીદાનું તેમજ નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, કુર્બાની, મૌતનું, નિકાહ, તલાક, પતિ પત્નીના હક્કો, વિવિધ સુન્નતો તથા અખ્લાકો તેમજ કેટલીક ગલત માન્યતાઓનો ખાત્મો કરતા મસાઈલ વગેરેનો સમાવેશ થાય છે.

કાનૂને શરીઅત (ભાગ–૧) ત્રીજી આવૃતિ છે જ્યારે કાનૂને શરીઅત (ભાગ–ર) પ્રથમ આવૃતિ છે. પહેલી વાર જ છપાઈ છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે છતાં લાખો ગુજરાતી સુન્નીઓ વચ્ચે ૧૧૦૦–૧૧૦૦ પ્રતો છપાય એ દુઃખદ વાત તો છે જ પણ દીની ઈલ્મથી અરૂચીનો આલમ એ છે કે આટલી સ્ટાન્ડર્ડ કિતાબની હજાર કોપીઓ પણ ચપોચપ નથી ઉપડતી ! આ છે આપણી ઈલ્મ દોસ્તી ! તો અમારી અપીલ છે કે સુંદર છપાઈ, પાકુ પુઠ્ઠુ, ફોર કલર ટાઈટલ સાથે તદ્દન ઓછા દરે કિતાબો આપની સેવામાં રજૂ કરી છે તેને પોતે પણ મંગાવો અને અન્યોને પણ પહોંચાડો અને સવાબના હક્કદાર બનો. દુઆ છે કે લેખકની કબ્ર પર મૌલા તઆલા રહમતોની વર્ષા કરે તેમજ અનુવાદકોને બેહતરીન જઝા બંને જહાનમાં આપે. અનુવાદકો તથા પ્રકાશકને મુબારકબાદ ! *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## ★ જશ્ને દસ્તારે ફઝીલત ★

દારુલ ઉલૂમ અન્વારે ગૌષિયા, બાંદરા (ઈસ્ટ) મુંબઈ ખાતે ચાલુ સાલે જનાબ હાફેઝ યાકૂબ રઝવી હલદરવાવાળાના ફરઝંદે નેક "ગુલામ મુહીય્યુદ્દીન રઝવી"ને તા. ૩–૧૦–૦૪ ના રોજ દસ્તારે ફઝીલતથી નવાઝવામાં આવ્યા. આ જશ્ન અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર રઝવી નૂરીની સરપરસ્તીમાં થયો જેમાં વિવિધ ઉલમાનાં ઈમાન અફરોઝ બયાનો થયાં હતા. *(મુબારકબાદ !–તંત્રી : બરકાતે ખ્વાજા)*

## ★ શાદી મુબારક હો ! ★

**કાસદ** : થી હાજી યાકૂબ મુહમ્મદ પટેલ જણાવે છે કે તેમના નેક ફરઝંદ "ઈમરાન"ની શાદી યુ.કે. નિવાસી હાજી દાઉદ મુહમ્મદ પટેલની નેક દુખ્તર

"બિલ્કીસ" સાથે તા. ૩–૧૦–૦૪ ના રોજ રાખવામાં આવી. *(મુબારકબાદ! –તંત્રી : બરકાતે ખ્વાજા)*

## ★"મસ્જિદે ગરીબ નવાઝ" બંધાવી આપો ! ★

**કરજણ:** (જિ. વડોદરા) ખાતે રહમતનગરમાં મસ્જિદના બાંધકામની તાતી જરૂરત છે. સૌ સામાન્ય વર્ગના લોકો વસે છે જેથી ખર્ચને પહોંચી શકે તેમ નથી. અલ્લાહની ઈબાદતના હેતુથી બની રહેલી આ મસ્જિદને બાંધવા રૂા. દસ લાખની જરૂરત છે. તો આપના તેમજ મર્હૂમોના સવાબ અર્થે આ સવાબે જારીઆના કામમાં ભરપુર સહકાર કરી જન્નતના હક્કદાર બનો એવી અપીલ છે.

**સંપર્ક કરો** : મસ્જિદે ગરીબ નવાઝ, રહમત નગર (શુભ મંગલમ સોસાયટી), નવા બજાર–કરજણ જિ. વડોદરા, મુતવલ્લી **(૧)** સૈયદ વારિસ અલી કબીરૂદ્દીન **(૨)** પટેલ હાજી મુબારકભાઈ હાજી અહમદ મોબાઈલ : ૯૮૯૮૧૧૬૩૮૪ **(૩)** મેમણ અ.લતીફ સુલેમાન વીરાણી, ફોન : ૦૨૬૬૬–૨૩૧૧૬૪

## ★ બયાન, નઅત, કિરાઅતની ઓડીયો/સી.ડી. મેળવો ★

કન્ઝુલ ઈમાન તર્જુમો કિરાઅત સાથે ચાર C.D.

કારી બાસિતઅલીની ૪૫ ઓડીયો કેસેટો

ઉપરાંત જનાબ કારી રિઝવાન સાહબની નઅતની તથા અલ્લામા કમરુઝ્ઝમાં આઝમી, મૌલાના શાકિર રઝવી સાહબ તથા મૌલાના યૂનુસ મિસ્બાહીની **ગુજરાતી બયાન**ની પણ ઓડીયો કેસેટો અન્ય ઉલમાના બયાનની ઓડીયો/સીડી કેસેટો માટે સંપર્ક કરો :–

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. બોનાન્ઝા S.T.D. P.C.O. મોટા ચકલા, મુ. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન–૩૯૨૦૨૦, ફોન (૦૨૬૪) ૨૮૨૦૬૫, ૨૮૨૧૯૦, ૨૮૨૯૯૯

**ગુજરાતી સુન્ની માસિક**

**"બરકાતે ખ્વાજા"નું એક અનોખુ કદમ !**

## દારુલ ઉલૂમોમાં પઢતા તલબા માટે ઈનામી પ્રોગ્રામ!

ગુજરાતી સુન્ની સ્ટાન્ડર્ડ કક્ષાના કલમકારો તૈયાર કરવાના હેતુસર **"બરકાતે ખ્વાજા"** (માસિક) થકી આ નવો વિભાગ શરૂ કરેલો છે **જેમાં ફક્ત દારુલ ઉલૂમોમાં પઢતા તલબા જ ભાગ લઈ શકે છે.** એક વિષય આપવામાં આવશે જેના પર ફુલ સ્કેપ લીટીવાળા બે (૨) કાગળ પર હિસ્સો લેનારે લેખ મોકલવાનો રહેશે. જેમનું લખાણ સારુ હશે તેમને ક્રમશઃ **૧,૨,૩, સુધી નંબરો આપી રૂા. ૩૦૦/–, રૂા. ૨૦૦/– અને રૂા. ૧૦૦/– ના ઈનામો આપવામાં આવે છે.** બાકીનાઓને પ્રોત્સાહક ઈનામમાં કોઈ પણ કિતાબ આપવામાં આવે છે.

★ ગુજરાત કે ગુજરાત બહાર દારુલ ઉલૂમોમાં કે મદ્રસામાં પઢતા ગુજરાતી તલબા જ હિસ્સો લઈ શકે છે.

★ લખાણ **શુધ્ધ ગુજરાતી**માં જ લખવાનું રહેશે. ઉર્દૂનું લિપિયાંતર ચાલશે નહીં.

★ ભાષાકિય ભૂલોવાળો લેખ ધ્યાનમાં લેવાશે નહીં.

★ લખાણ વધુમાં વધુ ફુલ સ્કેપ લીટીવાળા બે પેઈજ સુધીનું જ લેવામાં આવશે.

★ આ વખતે લેખ **તા. ૧૨-૦૧-૨૦૦૫** સુધીમાં **"બરકાતે ખ્વાજા"** કાર્યાલય પર પહોંચવો અનિવાર્ય છે.

★ કુર્આન, હદીષની રોશનીમાં હવાલા સાથે તલબાએ જાતે જ લેખ લખવાનો રહેશે. કોઈની પાસે અથવા કોઈના લખેલાની કોપી કરવી નહીં. હા ! મૌખિક માહિતી, માર્ગદર્શન મેળવી શકે છે પણ અન્ય પાસે લખાવી શકશે નહીં.

**★ લેખનો વિષય ★**

**સદ્‌વતન અને આપણા નબી** صلی اللہ تعالیٰ علیہ وسلم

*–લિ. તંત્રી : બરકાતે ખ્વાજા*

## ફક્ત પોસ્ટકાર્ડ લખીને અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાની અણમોલ કિતાબો મંગાવો !

★ **બુરી નજરથી બચો !** **લેખક** : જનાબ મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી સેગવા

★ **વાણી તથા વર્તન અને દિલની એકરૂપતાનું મહત્વ**

**લેખક** : જનાબ મૌલાના હસનઆદમ કોલવનવી

★ **અલ્લાહ તઆલાનું તમામ અયબોથી પાક હોવું અને ઈમામ અહમદ રઝા**

**લેખક** : હઝરત અલ્લામા અબ્દુલહકીમ શરફ કાદરી

**અનુવાદક** : જનાબ મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી (સેગવા)

★ **સાચા પીરની પરખ કરાવતો આઈનો**

**લેખક** : જનાબ મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા દયાદરા**, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન.–૩૯૨૦૨૦,
ફોન : (૦૬૨૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ. ૯૮૨૪૪૮૬૪૪૩

## ફક્ત પોસ્ટકાર્ડ લખીને હુસૈની કમિટી (સુન્ની)ની અણમોલ કિતાબો મંગાવો !

★ **ઈસ્લામી જિંદગી** **લેખક** : અલ્હાજ અલી મુહમ્મદ અશરફી સાહબ

★ **બિસ્મિલ્લાહની ફઝીલત** **લેખક** : હઝરત મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : મૌલાના ઈદરીસખાન અશરફી

★ **શૈતાનસે ઈન્ટરવ્યૂ** **લેખક** : મૂસાખાન એમ. પઠાણ

★ **સ્ત્રીનું સ્થાન ઈસ્લામી દર્પણમાં** **લેખક** જનાબ સૈયદ દાદામિયાં કાદરી સાહબ

★ **ઈસ્લામનું જીવન શિક્ષણ**

**લેખક** હઝરત મુફતી અહમદ યારખાં ★ **સંપાદક** : ગુલામભાઈ આઈ. હાફેઝ નબીપુરી

★ **મદારે આ'ઝમ** رحمۃ اللہ علیہ **લેખક** : મર્હૂમજીવાશાહ મહોબ્બત શાહ શાહમદાર (વાંકનેરી)

★ **ફૈઝાને રમઝાન** **લેખક** :મર્હૂમ હાજી ડોસુભાઈ પહોંચીયા નક્શબંદી મુજદ્દિદી

**પ્રકાશક : હુસૈની કમિટી (સુન્ની)** ૮, લાટી પ્લોટ સામે, મોરબી, જિ. રાજકટો ,
ફોન : (૦૨૮૨૨૨) ૨૩૩૨૧૪